પૂજ્ય પંન્યાસજી મહારાજના

# હસ્તાક્ષરનું અક્ષયપાત્ર

॥ ૯ ॥

पंचमंगलमहासुयक्खंधसुत्तं ।

नमो अरिहंताणं

नमो सिद्धाणं

नमो आयरियाणं

नमो उवज्झायाणं

नमो लोए सव्वसाहूणं ।

एसो पंच नमुक्कारो, सव्व पावप्पणासणो ।


मंगलाणं च सव्वेसिं पढमं हवइ मंगलं ॥

પૂજ્ય પંન્યાસજી મહારાજની રોજનીશી

સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય

[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible] — Satiety of soul.
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]



પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજ

णमो अरिहंताणं ।

ॐ न मो अ रि हं ता णं

ॐ न मो अ रि हं ता णं

अरिहंत + आणं + नमो

अरिहंत + आणं + ताणं + नमो

अरि + हंताणं । अरिहं + ताणं ।

(नमो = मननात्, ताणं = त्रायते)

ત્રાણ = આપત્તિથી રક્ષણ

ત્રાણ = આપત્તિ માટે શરણ

'ॐ ह्रीं अर्हं नमः ।'

'दासोऽहं सोऽहं अर्हं ।'

○

મોહજીત મંત્ર

'नाऽहं न मम, सोऽहं स मम ।'

○

ॐ तत् सत् - પ્રભુ + તે + છે.

तत्त्वमसि - તું + પ્રભુ + છે.

अहं ब्रह्मास्मि - હું + બ્રહ્મ + છું.

પૂજ્ય પંન્યાસજી મહારાજના

# હસ્તાક્ષરનું અક્ષયપાત્ર

॥ ૯ ॥



પૂજ્ય પંન્યાસજી મહારાજની રોજનીશી

સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય

નમઃ

## ☐ HASTAKSHAR NU AKSHAY PATRA

Personal Diaries comprising of Divine everyday thoughts,
musings & experiences of Panyashshri Bhadrankar Vijayji Maharaj.

---


## ☐ VOLUME - 9

July 2018
300 Copies / 224 Pages
For Private Circulation only.

---

## ☐ PUBLISHER



© Shri Bhadrankar Gyandeepak Public Charitable Trust



Mumbai / Rajkot

team@mindfiesta.com

---

## ☐ SPONSOR

Shri C. K. Mehta
Mumbai

---

## ☐ ENHANCED & DESIGNED BY

Bharti Deepak Mehta
Fiesta Studios
Pattani Bldg., M.G.Road, Rajkot - 360001.
bharti@mindfiesta.com
+91 98252 15500

## ☐ eBOOKS AVAILABLE AT

www.bhadrankar.com

www.navkarday.com

Amazon Kindle


---

## ☐ SHRI AARADHNA DHAM JAIN TIRTH


C/o Shri Sudhirbhai Pandya,
'Shiv Drasti', Nr. old Mamlatdar Office,
Jamkhambhaliya - 361305.
(Dist: Devbhumi Dwarka)
+91 2833 - 254156


## ☐ ખાસ વિજ્ઞપ્તિ

ગ્રંથવાંચન પશ્ચાત્ આપને આવશ્યકતા ન હોય તો આ સરનામે અમોને ગ્રંથ પરત મોકલશોજી, જેથી અન્ય ભવિજનો પણ આ ચિંતનોથી ભાવિત થઈ શકે.



# અધ્યાત્મપ્રહરીની ગુરુછવિ



જેમ જેમ ભૂમિ ખોદતાં જઈએ ને અંદરથી રત્નોનાં કુંભ કે ચરુ નીકળતાં જાય, એ જોઈને રત્નપારખું ઝવેરીને જે આનંદ થાય, તે કરતાં અધિકાધિક આનંદ પૂજ્યપાદ્ સાહેબજીએ વર્ષો સુધી સ્વહસ્તાક્ષરમાં વીંટીને જે અધ્યાત્મરત્નો કંડારી રાખેલા, તે ડાયરીઓમાંથી નીકળતાં જાય છે, તેમ તેમ તે અસ્તિત્વનાં સ્તરે ઝીલાય છે.

હાં...! ફરી ખુલાસો કરવાનો રહ્યો કેઃ પૂજ્યશ્રી પોતે તો મહાન આત્મચિંતક હતાં જ, તેથી આત્મહિતાર્થે, જિજ્ઞાસાભાવે કે સમજવા કાજે જે કંઈ ચિંતનો કર્યા કે વાંચનમાં ઉત્તમ લાગ્યું તેને શબ્દસ્થ કરતાં ગયા, વળી તેઓ અત્યંત સૂક્ષ્મ ગુણગ્રાહી પણ હતાં, કે જેથી સ્વસમજ કે પરસમજથી - જ્યાં જે ઉત્તમ ગુણસંપન્ન લખાણ વાંચે, તેને તે દિવસે જે કંઈ પત્ર વ્યવહાર થાય, તેમાં પણ ઉપદેશ કે અનુપ્રેક્ષારૂપે લખતાં ગયા. રોજનીશીમાં આકારાયેલું ચિંતન જોઈ કહેવાનું મન થાય છેઃ 'સાહેબજી, આપના હૃદયકમળમાં સકળ જીવરાશિ આત્મવત્ લાગી, તેથી અમારા આત્મહિતાર્થે ય જાણે આ લખાણ રાખતાં ગયાં. એ ચિંતનો વાંચી-સમજીને સ્વભાવ-પરભાવનું વિશ્લેષણ આત્મા અને પુદ્ગલ સ્વરૂપે હવે આજે અમારાથી થઈ રહ્યું છે.'

ગુણોનાં ભંડાર સાહેબજી ગુણમય ગુણસ્વરૂપ હતા. ગુણાનુવાદ-ગુણાનુરાગ એમની જીવનચર્યારૂપ બની ગયા હતા. એક અટલ નિયમ છે કે ગુણો ગમે તો ગુણો સામા આવે. અનેક અધ્યાત્મભાવ વાંચ્છુકોને 'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'ની આ ગુણપ્રસાદી મળતાં જે અપ્રતિમ **પ્રતિભાવો** સાંભળવા-વાંચવા મળે છે, તેમાંથી થોડા નોંધીએ તોઃ

नमः

□ આવા મુનિવર આ કાળમાં થયેલા એવી આસ્થા આ 'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર' હસ્તાક્ષરમાં જ વાંચ્યા વિના ન જ જન્મે!

□ પૂજ્યશ્રીની આ અમૂલ્ય નોંધો રસાળ અધ્યાત્મથી છલકાય છે. મારી ૮૩ વર્ષની ઊંમર સુધી (રોજનાં ૮૦-૧૦૦ પાનાં) ખૂબ વાંચ્યું, પણ તેનું 'ફળ' ખરા અર્થમાં હવે અને અહીંથી પ્રાપ્ત થાય છે. એક એક શબ્દ મંત્ર સમાન!

□ ઘણીવાર એટલો અહોભાવ ઉછળે છે કે આગળ વાંચવું જ મુશ્કિલ બની જાય છે.

□ આ તો જ્ઞાની સંતની વાચના છે - સંક્ષિપ્તમાં જિનવાણી ઉભરે છે.

□ પૂજ્ય પંન્યાસજીના જીવનનાં મધ્યકાળ અને છેલ્લા વર્ષોની ડાયરીઓ વિશે હવે તો ખૂબ ઉત્કંઠા અનુભવાય છે... હંમેશા આતુરતાથી આ પ્રસાદની પ્રતિક્ષા રહે છે.

□ સાક્ષાત્ પ્રભુ મળે તેને બીજું શું જોઈએ? આટલું મળ્યું, વધુ એટલું પણ મળે કે આ સઘળું અસ્તિત્વનાં સ્તરે ઝીલાય! પૂજ્યશ્રીનો જ્ઞાનવારસો અનુપમ રીતે શ્રી સંઘના ચરણોમાં મૂકવાની આ જ્ઞાન - ગુરુભક્તિની ઉત્તમ રીતને સલામ!

□ પૂજ્ય પંન્યાસજી મહારાજનું અનુભવ અમૃત છલકાવતા હસ્તાક્ષરોનાં આ ગ્રંથો આત્મસાધકો માટે અદ્દ્ભૂત માર્ગદર્શક બન્યા છે. આ શ્રુતવારસા માટે અભિવાદનો.

□ સુઘડ-સ્વચ્છ પ્રીન્ટીંગ-ડિઝાઈન સાથે ધડાધડ કાર્ય થઈ રહ્યું છે...

બસ આનંદ છે. પ્રભુ વીરની પરંપરામાં પ્રભુના ભાવોને પ્રસરાવવાનો આ અવસર અમને મળ્યો. હસ્તાક્ષરનાં આ અક્ષયપાત્રોને આવા રૂપ-રંગ-સ્વરૂપ આપવા ગુરૂભક્ત આત્મા સુશ્રાવક **સી. કે. મહેતા**એ તો પોતાનો વિશાળ અર્થ ભંડાર ખુલ્લો મૂક્યો, જેથી આ અમૂલ્ય ચિંતનખજાનો આપણા સૌ સુધી આવી પહોંચ્યો છે. વળી પોતાનાં શ્રમ-કૌશલ્યનું અનુપમ યોગદાન કરીને નિમિત્તરૂપ બની રહ્યા છે રાજકોટનાં અમારા શશીકાંતભાઈનાં પુત્રવધુ **ભારતીબેન દિપકભાઈ મહેતા.** આ સર્જનને હ્દયથી આવકાર!

૨૦.૦૬.૨૦૧૮
હાલાર તીર્થ, આરાધનાધામ.

વજ્રસેન વિ.
હેમપ્રભ વિ.

સાહેબજીની ફિલસૂફી હતી : The best way to be happy is to make others so!
એ મુજબ સુદીર્ઘ સમયની યુવાનોની માંગણીને પોષવા હવે પછીના
**અક્ષયપાત્રનો ભાગ-૧૦ સાહેબજીનાં અંગ્રેજી લખાણોમાંથી ઉદ્દ્ધૃત થઈ રહ્યો છે.**
**તે જેઓને વાંચવો અનુકૂળ હોય, તેઓએ અમોને અવશ્ય જણાવવું રહ્યું.**



## મારા ગુરુમહારાજ
## અધ્યાત્મ-હિમાલયનાં શિખરે...

આજથી ૫૦ વર્ષ પૂર્વે પૂજ્ય પંન્યાસજી મહારાજનું ચૈતન્યતાથી સભર વ્યાખ્યાન સૂણી, આયંબીલશાળા જતી વેળાએ મારવાડ-રાજસ્થાનનાં નાનાં-નાનાં ગામડાંઓની ઝીણકીક શેરીઓમાંથી પસાર થતાં દૂરે દેખાતી ટેકરીઓને હું જોતો અને થતું:

'મારા ગુરુમહારાજ તો ઠે...ઠ આ ટેકરીઓની ટોચે બીરાજે છે અને હું છું તળેટીએ!'

...પણ આજે એ સંવેદનોમાં થોડો ફેર થયો છે!
અગમની વાટેથી પણ આપણી હિતચિંતા કરતાં ગુરુમહારાજનાં અબોલ સ્નેહ સમા અને સુરભિત પારિજાત સમી અધ્યાત્મ સૌરભથી છલકાતાં આ ગ્રંથનાં ૯ ભાગની અનુપ્રેક્ષાની શેરીઓમાંથી પસાર થતાં અંતિમ ઘણા વર્ષોનો થાક જાણે એક સાથે ઉતરી રહ્યો છે અને હસ્તાક્ષરોથી તરબતર થતો હું વિચારું છું કે: 'તેઓ તો હતા ઉત્તુંગ અધ્યાત્મ-હિમાલયનાં શિખરે અને હું તો છું આજે ય તે જ તળેટીએ!'

અહો અદ્‌ભૂત અદ્‌ભૂત...
અધ્યાત્મનો આ મહેરામણ મુજ આયુનાં ઉત્તરાર્ધે આત્મસ્વરૂપમાં ભીંજાવા નિમંત્રે છે, ત્યારે આવો... સૌ માટે ભદ્રંકર એવા તેઓનાં હસ્તાક્ષરોમાં રહેલા અક્ષરત્વને એનાં અર્થની સાક્ષીએ ઝીલતાં-ઝીલતાં સૌ સાથે જ ભીંજાઇએ.

૨૩.૦૬.૨૦૧૮
મુંબઈ

સી. કે. મહેતા









સુવર્ણ-શાલિની દેયાત્ દ્વાદશાંગી જિનોદ્ભવા ।
શ્રુતદેવી સદા મહ્યમ શેષાં શ્રુત - સમ્પદમ્ ॥

નમો



चित्तस्य शुद्धये कर्म न तु वस्तूपलब्धये ।
वस्तु-सिद्धिर्विचारेण न किंचित्कर्मकोटिभिः ॥१॥

(ભાષાંતર માટે જુઓ પરિશિષ્ટ-૧)

तिलकं धारयेन्नित्यम् पवित्रं पापनाशनम् ।
आपदां शमनं पुण्यं लक्ष्मीकान्ति-विवर्धनम् ॥१॥

(પરિશિષ્ટ-૨)

o

: ઉત્તમ ધર્મના આઠ પ્રકાર :

(૧) દયા - ભૂતહિત કે પ્રાણહિતની ઇચ્છા.
(૨) શૌચ - અભક્ષ્ય, અસ્પર્શનીય પરિહાર.
(૩) ક્ષમા - દુઃખ ઉત્પન્ન કરનાર પર પણ ક્રોધ ન કરવો.
(૪) અનસૂયા - બીજાના ગુણોનું ખંડન ન કરવું.
(૫) અનાયાસ - શુભકાર્યોને ન્યૂનાધિક નહિ, યથાશક્તિ કરવા તથા બીજાને કષ્ટ ન પહોંચાડવું.
(૬) મંગલ - પ્રશસ્તાચરણ તથા અપ્રશસ્તવર્જન.
(૭) અકાર્પણ્ય - થોડામાંથી પણ થોડું પાત્રને આપવું.
(૮) અસ્પૃહા - ન્યાયાગત ધનથી સંતુષ્ટ, પરધનની અનીહા.

o

'Moments of inspiration are moments of self-forgetfulness.'

## ૯૧ વિચારકણિકાઓ     જેઠ સુદ ૪

(1) ગોખવાથી જોર ખેંચાય પણ ઝવેરાત નહિ. ઝવેરાત તો જ્ઞાનગામાં જ જડે. વાંચન કરતાં વિચાર વડે તેની કીંમત થાય. વિચાર ઉચ્ચારથી નહિ પણ મૌનથી વિકસે.

(2) તુલસી યહ જગમેં આયકે, કર લીજે દો કામ:
દેનકો ટુકડા ભલા, લેવન કો પ્રભુ નામ ...૧

પહેલું પુણ્ય અન્ન પુણ્ય, છેલ્લું પુણ્ય નમસ્કાર પુણ્ય, એ બે પુણ્ય ચાલુ હશે તો વચલા સાત પુણ્ય આપોઆપ થશે.

(3) 'પાણીથી પાતળા ન બનો' તેનો અર્થ અન્ન ન દઈ શકાય તો હરકત નહિ, પણ જલ તો અવશ્ય આપો. જલ આપવાથી પાતળા નહિ બનો, પણ પુણ્યથી પુષ્ટ થશો.

(4) સાંજ એ રાત્રિકાલીન સંધ્યા છે, ભક્તિ એ પ્રાતઃકાલીન સંધ્યા છે. મધ્યરાત્રિની સંધ્યાને અંતરમન, અજાગૃત મન, અંતઃકરણ ચતુષ્ટય સાથે ગાઢ સંબંધ છે.
મધ્યરાત્રિએ શિઘ્ર ધ્યાન લાગી જાય છે.

(5) ભાવશ્રુતનું સ્વરૂપ એ સ્વશુદ્ધ આત્માનો અનુભવ છે. સર્વ જીવો સાથે આત્માનો અભેદ ચિંતવવો એ પ્રથમ અને સ્વગુણ-પર્યાય સાથે સ્વઆત્મદ્રવ્યનો અભેદ ચિન્તવવો, એ શુક્લધ્યાનનો બીજો પાયો છે.

(6) સંસારના વિષયો તો અહંકાર કાઢવા માટે છે. ધર્મ-ક્રિયાનો અહંકાર ઉત્કૃષ્ટ છે. તે ભક્તિપ્રધાન ભાવનાથી દૂર થાય છે. જેમ સ્ત્રી રૂપવાન હોય તો પણ અન્ય સ્ત્રીને નહિં, માત્ર પુરુષને મોહ ઉપજાવી શકે છે, તેમ વિવિધ રૂપો ધરનારી માયા સ્ત્રી સ્વરૂપ હોવાથી નથી કરી શકતી ભક્તિને મોહિત. માયા હંમેશા તપ, જપ, શ્રુત તથા પુરુષવાચક વ્રત-નિયમોને જ મોહિત કરી શકે છે. તે પરાસ્ત કરવા માટે તો કેવળ ભક્તિ જ સક્ષમ છે.

<u>ભક્તિ કૃતજ્ઞતા અને પરોપકાર સ્વરૂપ છે.</u>

કૃતજ્ઞતાથી પ્રભુ પ્રત્યે અને પરોપકારથી વિશ્વ પ્રત્યે પ્રેમ જાગે છે. વિશ્વપ્રેમ પ્રભુપ્રેમનું પ્રતીક છે અને પ્રભુપ્રેમ એ વિશ્વપ્રેમનું પ્રતીક છે. અન્યોન્ય સંબંધિત છે- એકબીજાથી છુટાં પડી શકતા નથી, છતાં છુટાં પાડવાનો પ્રયત્ન કરાય, તો બંનેમાંથી એકની પણ પ્રાપ્તિ રહે નહિ.

(7) ગુરુ શિષ્યને શિષ્ય નહિ પણ ગુરુ બનાવે છે,
તેથી શિષ્ય પોતે ગુરુનો ઉપકાર માને છે.

(8) અરિહંતની સ્વાર્થદૃષ્ટિ છે, સિદ્ધની પરમાર્થદૃષ્ટિ છે.
સ્વાર્થદૃષ્ટિ જલ સ્થાનીય - પરમાર્થદૃષ્ટિ ફૂલ સ્થાનીય છે.
જલ સર્વત્ર અનુસ્યૂત છે, તેથી વ્યાપક છે.

ફૂલ અવ્યાબાધ સુખસ્વરૂપ છે, તેથી વાચ્ય છે.

સ્વાર્થદૃષ્ટિના પ્રભાવે પરમાર્થદૃષ્ટિ ખેંચાઈ આવે છે.

જ્યાં જલ હોય ત્યાં વનસ્પતિ હોય છે.

યત્રજલં તત્ર વનં। એ ન્યાય છે.

(9) જે કાંઈ બૂરું થાય છે, તે પોતાના કરતૂતો અને જે કાંઈ શુભ થાય છે, ત્યાં પ્રભુનો પ્રસાદ છે એમ માનવું.

વિશ્વમાં વ્યાપક રીતિએ શુભનું બળ વધુ છે.

(10) પ્રભુના નામ-રૂપ-ગુણ ઇત્યાદિ

પ્રભુની કરુણારૂપી મહાસાગરની લહરીઓ છે.

શરીર, ઇંદ્રિય, પ્રાણ અને મન ઇત્યાદિ

આત્મારૂપી ચૈતન્ય મહાસાગરની લહરીઓ છે.

(11) સર્વાત્મભાવનાં વિકાસ માટે સામાયિક અને પરમાત્મભાવનાં વિકાસ માટે પરમેષ્ઠિ નમસ્કારનો અભ્યાસ છે.

(12) કોઈને ગુરુ બનાવવાથી તત્કાળ ગુરુ બનાય છે.

ગુરુ બનવાનો ઉપાય શિષ્ય બનવું તે છે.

ગુરુ = ભારે, વજનદાર. એ અર્થમાં જે જેટલા સુખ-દુઃખનો ભાર મન-વચન-કાયાથી ઉપાડે છે, તે તેટલાનો વડીલ, ગુરુ કે નાયક બને છે. જે કોઈનો પણ ભાર ચિંતા કરતો નથી, તે ગુરુ પણ નથી, શિષ્ય પણ નથી, કિન્તુ તૃણતુલ્ય છે.

(13) પૃથ્વી - અંતરાય કર્મનો વિકલ્પ.
જળ - ગોત્ર કર્મનો વિકલ્પ.
તેજ - નામ કર્મનો વિકલ્પ.
વાયુ - આયુ કર્મનો વિકલ્પ.
આકાશ - મોહ કર્મનો વિકલ્પ.
મન - વેદનીય કર્મનો વિકલ્પ.
અહંકાર - દર્શનાવરણીય કર્મનો વિકલ્પ.
બુદ્ધિ - જ્ઞાનાવરણીય કર્મનો વિકલ્પ.

(14) જ્ઞાનના મૂળમાં ભક્તિ અને ફળમાં આચરણ હોય તો જ તે જ્ઞાન યથાર્થ છે.

(15) રામ એ સમત્વના પ્રતીક છે. સત્યમાં રહેલા છે. રાવણ એ મમત્વનું પ્રતીક છે. તેને માત્ર પોતાના સુખનો વિચાર છે. આમ સ્વસુખનો વિચાર કરનાર રાવણ છે, સર્વના સુખનો વિચાર કરનાર કોઈપણ આત્મા રામ છે.

(16) રામ-રાવણનું યુદ્ધ શાશ્વત છે, કેવળ પોતાનો જ વિચાર કરનાર સ્વાર્થી અને કૃતઘ્ની છે. બીજાનો અને સર્વનો વિચાર કરનાર પરમાર્થી અને કૃતજ્ઞી છે. પોતાના ઉપર થયેલ ઉપકારને જાણવાથી બીજા ઉપર ઉપકાર કરવાની બુદ્ધિ થાય છે, બીજા ઉપર ઉપકાર કરવાથી પોતા

ઉપર થતા બીજાના ઉપકારને ઓળખી શકાય છે. એકના આભામાં બીજાનો આભાસ - એકના સદ્ભાવમાં બીજાનો સદ્ભાવ છે. પરોપકારની ભાવના પ્રગટાવનાર કૃતજ્ઞતાનો ગુણ છે, જેને વિકસાવનાર પરોપકારની ભાવના છે.

બીજા ઉપર કરેલા પોતાના ઉપકારને
કબુલ રખાવવાનો પ્રયત્ન કરનાર, પોતા ઉપર થતા
બીજાના ઉપકારને અવશ્ય કબુલ રાખે, રાખવો જોઈએ.

(17) પંચેન્દ્રિય પ્રકૃતિ, વિશિષ્ટતા અને કૃતજ્ઞતા તથા દીર્ઘદર્શિતા, લબ્ધલક્ષ્યતા અને પરાર્થકારિતા પરસ્પર સંબંધિત છે.

- કૃતજ્ઞતા વિશેષજ્ઞતાથી ઓળખાય છે.
- વિશેષજ્ઞતા પંચેન્દ્રિય પ્રકૃતિથી આવે છે.
- પરાર્થકારિતા લબ્ધલક્ષ્યતામાંથી જન્મે છે.
- લબ્ધલક્ષ્યતા દીર્ઘદર્શિતામાંથી આવે છે.

જેના મતિ વિશેષ-નિપુણ-સૂક્ષ્મ હોય તેને જ આ સમજાય. તેથી તે છ ને વિશિષ્ટ નિપુણમતિના ભેદો તરીકે ગણ્યા છે.

(18) જેનામાં પરાર્થકારિતા નથી, તેનામાં લબ્ધલક્ષ્યતા નથી.
જેનામાં લબ્ધલક્ષ્યતા નથી, તેનામાં દીર્ઘદર્શિતા નથી.
જેનામાં કૃતજ્ઞતા નથી, તેનામાં વિશિષ્ટતા નથી.
જેનામાં વિશિષ્ટતા નથી, તેનામાં પંચેન્દ્રિયપટુતા નથી.

એ જ રીતે જેનામાં પરાર્થકારિતાનો લેશ નહિ, તેનામાં કૃતજ્ઞતાનો લેશ અને જેનામાં કૃતજ્ઞતાનો લેશ નહિ, તેનામાં પરાર્થકારિતાનો લેશ આવી શકતો નહિ, તેથી એક જ વિશેષ-નિપુણમતિના તે બધા ભેદો છે, એમ સિદ્ધ થયું. જેનામાં એ છ ગુણમાંનો એકપણ નહિ, અથવા એ છ ગુણમાંનો કોઈ એકપણ નહિ, તેની મતિ વિશેષ-નિપુણ નહિ.

(19) પોતે બીજાને સુખ આપે છે, તેને યાદ રાખવાને બદલે પોતાને જે સુખ આપે છે, તેને યાદ રાખવા જોઈએ. પોતાને જે દુઃખ આપે છે, તેને યાદ રાખવાના બદલે પોતે જેને દુઃખ આપે છે, તેને યાદ કરવું જોઈએ. કૃતજ્ઞતા અને દયાળુતા ગુણ એ સિવાય ખીલતા નહિ. પોતાને જેઓ દુઃખ આપે છે, તેના કરતાં પોતે જેને દુઃખ આપે છે, તેનું પ્રમાણ વિશેષ છે. પોતે બીજાને સુખ આપે છે, તેના કરતાં પોતાને જેઓ સુખ આપે છે, તેનું પ્રમાણ વિશેષ છે. એ સમજવાની શક્તિ જેઓમાં છે, તેઓ હંમેશા કૃતજ્ઞ, દયાવાન અને ક્ષમાવાન રહી શકે છે.

પોતાના ઉપકારીઓને યાદ કરો.

અપકારીઓને ભૂલી જાઓ.

અપકાર કરવો છોડી દો - અપકારીઓ પ્રત્યે ઉદાર બનો.

ઉપકારની ઇચ્છા છોડી દો, ઉપકાર કરવો શરૂ કરો.

સુખી થવાનો માર્ગ

અપકારીઓને ભૂલવામાં - ઉપકારીઓને ન ભૂલવામાં છે.

દુઃખી થવાનો માર્ગ

ઉપકારીઓને ભૂલવામાં - અપકારીઓને ન ભૂલવામાં છે.

(20) દુઃખ ન જોઈતું હોય તો દુઃખ આપવું બંધ કરો.
સુખ જોઈતું હોય તો સુખ આપવું શરૂ કરો.
દુઃખ આપનારને ભૂલો, સુખ આપનારને યાદ કરો.
આજ સુધી કેટલાને દુઃખ આપ્યું છે? તેને યાદ કરો.
આજ સુધી કેટલાનું સુખ લીધું છે, તેને યાદ કરો.

'વિશ્વમાં કોઈપણ દુઃખી ન થાઓ'
એ વિચાર આપેલ દુઃખનું પ્રાયશ્ચિત છે.
'વિશ્વમાં સર્વ કોઈ સુખી થાઓ'
એ વિચાર લીધેલ સુખના ઋણમાંથી મુક્ત કરે છે.
ઋણમાંથી મુક્ત થવાનો ઉપાય સર્વના સુખની ચિંતામાં છે.
દુઃખમાંથી મુક્ત થવા સર્વના દુઃખ નિવારણની ચિંતા કરો.

પોતાના સુખની ચિન્તા અને પોતાના દુઃખના દ્વેષમાંથી
ઉત્પન્ન થયેલ સંસારના નાશનો ઉપાય
સર્વના સુખની ચિન્તા અને સર્વના દુઃખનો દ્વેષ છે.

(21) હંસ મોતીનો ચારો ચરે, બગલું માછલાંને પકડે.
કોયલ આંબાની મંજરી- કાગડો લીંબડાની લીંબોડી ખાય.
સજ્જન સ્વભાવથી જ ગુણગ્રાહી - દુર્જન દોષગ્રાહી હોય.

(22) સ્યાદ્વાદ એ જુદા જુદા નયોના વક્તવ્યનો સમન્વય
સાધવા માટે છે, કેવળ ખંડન કરવા માટે નહિ.
સ્યાદ્વાદી સર્વવાદીઓનો સમન્વય કરી શકે છે
અને તે જ તેની વિશેષતા છે.
સર્વવાદીઓનું ખંડન કરે એ સ્યાદ્વાદી નહિ, વિરુદ્ધવાદી છે.
એવો વાદ ક્લેશને શમાવનારો નહિ પણ વધારનારો છે.
સ્યાદ્વાદનું પ્રયોજન ક્લેશ-રાગ-દ્વેષને શમાવવું તે છે.

(23) સર્વ દર્શનો કે વાદીઓને સાચો સ્યાદ્વાદી નયદૃષ્ટિથી
સંગત કરીને તેને પ્રમાણભૂત બનાવી શકે છે.
એકાંતવાદી ગમે તેવા નયવાક્ય કે પ્રમાણવાક્ય કે
દર્શનશાસ્ત્રને અસંગત અને ખોટું ઠરાવી શકે છે.

(24) 'આત્માને ઉદ્દેશીને પંચાચારનું પાલન અધ્યાત્મ છે'
એમ શબ્દાદિ ત્રણ નયોનો મત છે.
'બાહ્યવ્યવહારથી પુષ્ટ મૈત્ર્યાદિવાળું ચિત્ત તે અધ્યાત્મ છે'
એમ પ્રથમના વ્યવહાર અને ઋજુસૂત્રનયનું મંતવ્ય છે,
જે રૂઢિપ્રધાન છે.

(25) આરાધકમાં જેમ વીતરાગ ભાવના, ત્યાગાદિ જોઈએ, તેમ ભક્તિભાવના-અનુકંપા-દયાર્દ્રતા-કોમળતા-કરુણા-ભાવ વગેરે જોઈએ. તે વિના તત્ત્વજ્ઞાનનો લાભ ન થાય.

(26) લૌકિકમાં 'જ્ઞાન' શબ્દનો પ્રયોગ બુદ્ધિમાત્રમાં કરાય છે. શાસ્ત્રોમાં આત્મવિષયક જ્ઞાનને જ 'જ્ઞાન' કહ્યું છે, બાકી જ્ઞાનને 'વિજ્ઞાન' કહ્યું છે.
આત્મજ્ઞાન, આત્મવિદ્યા, બ્રહ્મજ્ઞાન, રહસ્યજ્ઞાન, યોગજ્ઞાન વગેરે જ્ઞાનના પર્યાયવાચક શબ્દ છે.
એ જ્ઞાનનું ફળ સાયુજ્ય-મુક્તિ છે.

(27) If you want a friend, be a friend. Love feels no burden, thinks nothing of trouble, attempts what is above its strength, pleads no excuse of impossibility. Friendship is to be purchased only by friendship. True success Comes from imparting goodness and happiness to others.
Higher the love, greater the power of attraction and protection.

(28) ઈશ્વરની શક્તિ ઉપર અશ્રદ્ધા અને
પોતાની જ પુરુષશક્તિ ઉપર સર્વ શ્રદ્ધા
એ જ સઘળી અશાંતિનું મૂળ કારણ છે.

(29) ઘર માટે પોતાની સર્વ બુદ્ધિ, શક્તિ, પ્રેમ, ચિન્તન
વગેરેનો ઉપયોગ થાય છે, તેમ ભૂતમાત્રની દયા
માટે થાય તો સમત્વનું આરાધન થયું ગણાય.

(30) આધાર - આધેય ભાવસંબંધ,
નિયન્તૃ - નિયામ્ય ભાવસંબંધ,
શેષ - શેષિ ભાવસંબંધ.
સર્વ વસ્તુઓનું સ્વરૂપ, સ્થિતિ તથા પ્રવૃત્તિ
પરમાત્માના સંકલ્પને આશ્રિત છે.

<u>અર્થપંચક</u>: પ્રાપ્ય - પરમાત્મા, પ્રાપ્તા - જીવાત્મા,
ઉપાય - કર્મ, જ્ઞાન, ભક્તિ.

<u>પ્રપત્તિના પાંચ પ્રકાર</u>

(૧) આનુકૂલ્ય સંકલ્પ - આશા, પ્રાણીમાત્ર પ્રતિ અનુકૂળતા
(૨) પ્રાતિકૂલ્ય વર્જન - પ્રતિકૂળતાનો ત્યાગ
(૩) વિશ્વાસ - અવિચલતા
(૪) ગોપ્તૃત્વવરણ - પ્રાર્થના
(૫) અકિંચનતા - અસહાયતા

આચાર્યાભિધાન શ્લોક-૭૪૬ અર્થ.

પ્રાપ્તિફલ-મોક્ષપ્રાપ્ત જીવ વિશ્વોદ્ધારક બને છે,

તે પરમ પુરૂષાર્થ છે.

પ્રાપ્યવિરોધિ - મોક્ષવિરોધિ વર્ગ

અવિદ્યા, વાસના, કર્મ, પ્રકૃતિસંબંધ અને અનાદિકાલથી આજ્ઞાનું ઉલ્લંઘન કરવાથી ઉત્પન્ન થયેલ ભગવાનનો નિગ્રહ-નિગ્રહનું શમન શરણાગતિ વડે શીઘ્ર થાય છે.

પ્રાપ્ય વિરોધિના પાંચ પ્રકાર

(૧) સ્વસ્વરૂપ વિરોધિ

દેહાભિમાન, અન્યશેષતા, પોતાની સ્વતંત્રતા.

(૨) પરસ્વરૂપ વિરોધિ

અવતારો અને મૂર્તિમાં અસામર્થ્ય માનવું.

અન્ય દેવોને પર અથવા સમાન માનવા.

(૩) પુરૂષાર્થ વિરોધિ

ભગવત્કૈંકર્યમાં રૂચિ ન થવી, અર્થ-કામાદિમાં રૂચિ હોવી.

(૪) ઉપાય વિરોધિ

બાહ્ય ઉપાયોને ભક્તિ અને પ્રપત્તિથી અધિક માનવા.

ઉપાયની તુલનામાં પાપોને મોટા માનવા.

(૫) પ્રાપ્તિ વિરોધિ

દેવગુરૂનો અપરાધ, બ્રાહ્મણમાત્રનો દ્રોહ, તીવ્ર સંવેગ ન હોવો.

(31) <u>પ્રાપ્તના પાંચ પ્રકાર</u>

જડ, મુમુક્ષુ, નિત્ય, કેવલ, મુક્ત.

જેઓ દેહને જ આત્મા માને છે અને
દેહ પોષણને જ પુરુષાર્થ માને છે અને એ કારણે
વિધિનિષેધનું સ્વેચ્છાચાર વડે ઉલ્લંઘન કરે છે, તે <u>જડ</u> છે.

<u>મુમુક્ષુ</u>ના બે ભેદ છે : ઉપાસક અને પ્રપન્ન.

<u>પ્રપન્ન</u>ના ભેદ છે : આર્ત અને દૃપ્ત.

(32) <u>પ્રાપ્યનું સ્વરૂપ</u>: (a) જ્ઞાનાનંદપૂર્ણ.

(b) રાગ-દ્વેષ-મોહ-તજ્જન્ય વિકારથી રહિત.

(c) જ્ઞાન, શક્તિ, બલ, ઐશ્વર્ય, સૌશીલ્ય, વાત્સલ્યાદિ
કલ્યાણ ગુણોથી પરિપૂર્ણ.

(d) વિશિષ્ટ શરીર, વિશિષ્ટ વિભૂતિ.

<u>પ્રાપ્ય સ્વરૂપના પાંચ પ્રકાર</u>

- પર : પરમપદ સ્થિત
- વ્યૂહ : સૃષ્ટિ - સ્થિતિ - લયના કર્તા
- વિભવ : અવતાર (રામ - કૃષ્ણાદિ)
- અંતર્યામી : બે પ્રકારે છે:

એક તો નિરાકાર થઈને ચરાચરમાં વ્યાપ્ત રહે છે,
બીજો સૂક્ષ્મસ્વરૂપે પદાર્થમાત્રમાં જીવની સાથે રહે છે.

(33) પ્રકૃતિમાં ભેદ બે પ્રકારે: સ્વસ્વાતંત્ર્યભેદ અને સાત્મ ભેદ. તે અનીશ્વરવાદમાં રૂચિ રૂપી મહાદોષ પેદા કરે છે.

તત્તનાત્ તત્ત્વમ્ | અનાદિ અવિનાશી વસ્તુને 'તત્ત્વ' કહે છે. જેનાથી વસ્તુનો ફેલાવો થાય તે પણ 'તત્ત્વ' છે.

ચેતનત્વ - જ્ઞાનાશ્રયત્વ, જ્ઞાનનો આધાર.

ઉત્પત્તિ-નાશરહિત, વૃદ્ધિ જ્ઞાનરહિત, જ્ઞાનમય, આનન્દમય ભગવાનના <u>શેષ,</u> પરતંત્ર તથા અણુ છે.

જીવાત્મા શરીર, પ્રાણ, ઈંદ્રિય, મન તથા બુદ્ધિથી ભિન્ન છે.

જીવોનું સ્વરૂપ સ્થિતિને-પ્રવૃત્તિ પરમાત્માને આધીન છે.

<u>અચિત્ તત્ત્વના ૨ લક્ષણ</u>

જ્ઞાનરહિત હોવું, ભોગના ઉપભોગનું સાધન થવું.

<u>અચિત્ તત્ત્વના ૪ ભેદ</u>

ત્રિગુણ, કાળ, શુદ્ધ સત્ત્વ તથા ધર્મભૂત જ્ઞાન.

(34) શુદ્ધ સત્ત્વ - રજતમથી અમિશ્રિત.

જડ- પરપ્રકાશ કે અજડ-સ્વયંપ્રકાશ પણ કહેવાય છે.

વૈકુંઠ આદિ રૂપોમાં તે પરિણત થાય છે.

ધર્મભૂત જ્ઞાન અને શુદ્ધ સત્ત્વ અચેતન હોવા છતાં અજડ-સ્વયં પ્રકાશસ્વરૂપ છે.

(35) ઈશ્વરતત્ત્વ = ચેતન - અચેતન તત્ત્વના પ્રેરયિતા.

તે જ્ઞાનલક્ષ્મા - સકલ કલ્યાણગુણોઘ પરિપૂર્ણ - હેયગુણોઘ રહિત છે. અનંત કલ્યાણગુણોમાં છ ગુણ પરત્વ પરિચાયક અને જ્ઞાન, શક્તિ, બલ, વીર્ય, ઐશ્વર્ય, તેજ, સૌશીલ્ય, વાત્સલ્ય અને માધુર્યાદિ ગુણ સુલભતાના પરિચાયક છે.

સત્યકામત્વ, સત્યસંકલ્પત્વ આદિ ગુણોનો ઉપયોગ જીવોની રક્ષામાં થાય છે. ચેતન, અચેતન આદિ ૨૪ તત્ત્વ પરમાત્માના આયુધ તથા આભૂષણરૂપમાં વિદ્યમાન રહે છે.

ધર્મ, અર્થ, કામ અને મોક્ષ

એ ચાર પુરૂષાર્થના સાક્ષાત્ દાતા ભગવાન છે.

(36) પરમાત્માના શુદ્ધ સત્ત્વમય રૂપના વિશિષ્ટ પાંચ ગુણ

પર, વ્યૂહ, વિભવ, અંતર્યામી અને અર્ચા.

એક એક ગુણ મુખ્ય બનાવીને ભગવાન અનેક પ્રકારની શક્તિઓનું પ્રાગટ્ય આ સ્વરૂપો દ્વારા કરે છે.

(37) અનેકતામાં એકતા: ચિત્, અચિત્ અને ઈશ્વર.

ત્રણ જુદા તત્ત્વો પૃથક્ પૃથક્ છે,

તો પણ ત્રણે તત્ત્વ એકમાં મળીને રહે છે.

જીવાત્મા શરીરમાં તથા પરમાત્મા સર્વ વસ્તુઓમાં વ્યાપ્ત થઈને રહે છે. ચિત્ - અચિત્ વિશિષ્ટ પરમાત્મા એક છે. ચિત્-અચિત્ બંને પરમાત્માના શરીર કે વિશેષણ છે.

પરમાત્મા કેવલાદ્વૈત નહિ, પણ વિશિષ્ટાદ્વૈત છે.
ચિત્-અચિતથી વિશિષ્ટ હોવાના કારણે વિશિષ્ટાદ્વૈત છે.

<u>૩ પ્રકારની શ્રુતિ</u>

અદ્વૈતપરક, દ્વૈતપરક, અંતર્યામી ઘટક પરક.

શ્રુતિઓના સર્વભાગ સત્ય છે,
એકને પ્રમાણ-બીજાને અપ્રમાણ માનવા એ અનુચિત છે.

'બ્રહ્મને જાણવાથી જીવ બ્રહ્મસ્વરૂપ બની જાય છે.' તેનો અર્થ બ્રહ્મમાં મળી જાય છે એમ નહિ, પણ બ્રહ્મ સમાન બને છે.

'નિરંજનઃ પરમં સામ્યમુપૈતિ ।' (પરિશિષ્ટ-૩)

(38) સાકાર : સ્થૂલ-મૂર્ત એકાર્થક છે.
નિરાકાર : સૂક્ષ્માકાર-અતીન્દ્રિય એકાર્થક છે.
પરમાત્મા ઉભયાકાર છે.

સ્થૂલરૂપમાં સાકાર, સૂક્ષ્મરૂપમાં નિરાકાર, સકલ કલ્યાણ-ગુણોથી યુક્ત માટે સગુણ, હેયગુણોથી શૂન્ય માટે નિર્ગુણ.

'કારણગુણાઃ કાર્ય-મનુવર્તન્તે ।' (પરિશિષ્ટ-૪)

(39) ધર્મભાવનામાં ધર્મની સ્તુતિ છે, તે ઔપચારિક સ્તુતિ-પરક છે, એ વાત એકાંત માનવાથી સ્તુતિપાઠો મિથ્યા થશે.
ઉપચારમાં-સ્તુતિમાં પણ તથ્યાંશ છે.
કેવળ અસત્ માત્ર નહિ.
એવી સ્તુતિને જૈન શાસ્ત્રકારો નિંદે છે.

(50) જેઓ દોષોથી રહિત હોય છે.

પાંચ રાગમૂલક દોષ

કામ, મત્સર, સ્પૃહા, તૃષ્ણા, લોભ

પાંચ દ્વેષમૂલક દોષ

ક્રોધ, ઈર્ષ્યા (દ્વેષ), અસૂયા, મદ, અમર્ષ

ચાર દ્રોહમૂલક દોષ

મિથ્યાજ્ઞાન, વિચિકિત્સા (સંશય), માન, પ્રમાદ

દ્રોહમૂલક દુર્ગુણ

દુર્મતિ, હિંસા, દંભ, દર્પ, અભિનિવેશ, દુર્વાસના, સ્વભાવાદિ.

(51) પરમાત્માના 32 કલ્યાણગુણોના નામ

આ 32 દિવ્યગુણોનું અનુસંધાન ભક્તજનોએ કરવું:

(1) જ્ઞાન (2) સ્થૈર્ય (3) સૌંદર્ય (4) ભાવશુદ્ધિ
(5) બળ (6) શક્તિ (7) માધુર્ય (8) કર્તૃત્વ
(9) તેજ (10) આનંદ (11) ચાતુર્ય (12) કૃતત્વ
(13) વીર્ય (14) યૌવન (15) ઐશ્વર્ય (16) સૌશીલ્ય
(17) ધૈર્ય (18) માર્દવ (19) કારુણ્ય (20) પરાક્રમ
(21) શૌર્ય (22) આર્જવ (23) ગાંભીર્ય (24) સૌકુમાર્ય
(25) સામ્ય (26) ઔદાર્ય (27) સૌહાર્દ (28) સૌગન્ધ્ય
(29) અધિકારિત્વ (30) સૌલભ્ય (31) સત્યકામત્વ
(32) સત્ય સંકલ્પત્વ.

(52) વિશ્વકલ્યાણ એ ધર્મનું મૂળ છે.

'अतः विश्वकल्याणाय धर्मचक्रं प्रवर्तताम् ।' (પરિશિષ્ટ-૫)

ભાગવતોક્ત કલ્યાણગુણો

કીર્તિ - સુયશ

માન - પૂજ્યતા

કાન્તિ - સૌંદર્ય

ધૈર્ય - સહિષ્ણુતા.

સત્ય - મનનું બળ.

શીલ - સારી વર્તણુંક.

પ્રશ્રય - મોટાનો વિનય.

ઐશ્વર્ય - નિયમન કરવું.

કર્તૃત્વ - ઉપકાર કરવો.

આત્મવત્તા - મનની વશતા.

તપ - સ્વધર્મોમાં રહેવું.

શૌર્ય - કર્તવ્યમાં ઉત્સાહ.

સંતોષ - અલંબુદ્ધિ, ખપ નહિ.

શમ - માનસિક નિર્વિકલ્પતા.

આર્જવ - બાળકને ધોખો ન દેવો.

માર્દવ - સરળતાથી મિલનવૃત્તિ.

દમ - બાહ્યેન્દ્રિયોની નિશ્ચલતા.

સંપદ - ન્યાયથી ધનાર્જન.
કૌશલ - ક્રિયામાં નિપુણતા.
પ્રાગલ્ભ્ય - પ્રતિભાની વિશેષતા.
ઓજ - જ્ઞાનેન્દ્રિયોનું સામર્થ્ય.
દક્ષતા - સ્મૃતિ, કર્તવ્યનું ધ્યાન.
સત્યસંકલ્પત્વ - સંકલ્પોનું અમોઘ હોવું.
વિરક્તિ - વિષયોમાં નિઃસ્પૃહ હોવું.
શક્તિ - અઘટિત ઘટના, પટીયસી.
સ્વાતંત્ર્ય - કોઈને પરાધીન ન હોવું.
તિતિક્ષા - બીજાનો અપરાધ સહવો.
ત્યાગ - અર્થીઓમાં મુક્તહસ્તતા.
ગાંભીર્ય - અથાક થવું, ક્ષુબ્ધ ન થવું.
આસ્તિક્ય - શાસ્ત્ર વાક્યોમાં વિશ્વાસ.
અભય - પ્રાણીમાત્રને અભય આપવું.
જ્ઞાન - સર્વજ્ઞતા અથવા આત્મરતા.
માર્દવ - બધાને માટે રસરૂપ થવું તે.
સામ્ય - અસ્મિતા આદિ બુદ્ધિનો અભાવ.
ઉપરતિ - વિષયોના લાભમાં પણ ઉદાસીનતા.
શ્રુત - શાસ્ત્રોના અર્થોનું જ્ઞાન તથા વિચાર.
ક્ષમા - સામર્થ્ય હોવા છતાં અપકાર સહવો.

અનહંકૃતિ - કાર્ય કરવા છતાં ગર્વ ન થવો.

દૃઢભક્તિતા - દેવગુરુ આદિમાં નિશ્ચલ-પ્રેમ.

સાધુતા - અપકારીઓનો પણ ઉપકાર કરવો.

શુચિતા - અન્યાયથી ધનની ઇચ્છા ન કરવી.

શરણ્યત્વ - શરણે લેવા યોગ્ય ગુણોથી યુક્ત થવું.

સત્કાર્યત્વ - પોતે નિર્મિત પદાર્થોનું અભિમાન હોવું.

કૃતજ્ઞત્વ - અલ્પ ઉપકારનું પણ વારંવાર સ્મરણ કરવું.

કારુણ્ય - નિઃસ્વાર્થપણે પરદુઃખ નિવારણની ઇચ્છા.

સૌહાર્દ - સામાન્ય ને વિશેષરૂપથી પ્રાણીઓનું હિત ચાહવું.

વાત્સલ્ય - ક્ષમાની પરાકાષ્ઠા, સ્વ ઇષ્ટમાં દોષોને ઢાંકવા તે.

તેજ - કાર્યના ઉત્પાદનમાં અન્ય સહકારીની અપેક્ષા ન રાખવી, પ્રભાવ, બળ, શરીરસામર્થ્ય રાખવું.

ઔદાર્ય - પ્રત્યુપકારની ભાવના વિના દાનરસિક થવું, અધિક આપવા છતાં પણ તૃપ્ત જ ન થવું.

ધર્મજ્ઞતા - સામાન્ય વિશેષ આપદ્ દેશકાલોચિત ધર્મોને સમજવા વ્રત, શરણાગતની રક્ષારૂપ ધર્મ જાણવો.

બુદ્ધિમત્તા - સર્વ પ્રાણીઓ કેવી રીતે સુખથી રહે એવી પ્રશસ્ત બુદ્ધિ.

ભક્ત-વત્સલતા - ભક્તો પર વાત્સલ્ય નામક પ્રેમથી યુક્ત હોવું.

સ્વદોષવસતા - પોતાના દોષ દૂર કરવા તે.

પરદોષવસતા - બીજાના દોષ પોતામાં ન આવે તેનું સતત ધ્યાન રાખવું તે.

દયા - બીજાના દુઃખો ન સહવા, ભૂતહિત ચાહના, અન્યના દુઃખ દૂર કરવાની ઇચ્છા.

નિર્હેતુકી દયા - સમષ્ટિ જગત પર ભગવાનની દયા.

સહેતુકી દયા - વ્યષ્ટિ જગત પર ભગવાનની દયા.

વાત્સલ્ય - દોષો દૂર કરવા માટેની દૃષ્ટિ તે.

પરાક્રમ - શરીરબળ, બુદ્ધિબળ, મનોબળથી પ્રતિપક્ષ બળોને છિન્ન-ભિન્ન કરવા.

અવિકારિત્વ - બીજાના અપરાધોથી પણ વિકારોને પ્રાપ્ત ન કરવા.

કૃતજ્ઞતા - ઉપકારનું સ્મરણ અને અપકારનું અસ્મરણ, એકવાર પણ કરેલા ઉપકારને ઘણો જાણવો એ મહાન ગુણ-મહાન ધર્મ છે.

0 વશી વદાન્યો ગુણવાનૃજુઃ શુચિ -
મૃદુર્દયાલુર્મધુરઃ સ્થિરઃ સમઃ ।
કૃતી કૃતજ્ઞઃ ત્વમસિ સ્વભાવતઃ
સમસ્ત-કલ્યાણ-ગુણામૃતોદધિઃ ॥૧॥

(પરિશિષ્ટ-૬)

(43) મંત્રોના ઉચ્ચારશુદ્ધિ અને ઘંટાનાદથી આસુરી વૃત્તિઓ શાંત થાય છે અને દૈવી વૃત્તિઓને બળ મળે છે.

(44) મોક્ષના સાધનો: જ્ઞાન-ભક્તિ-કર્મયોગ-શરણાગતિ આદિ. પૂર્ણ શરણાગતિ માટે મહાવિશ્વાસ જોઈએ. મોક્ષ પ્રાપ્ત થવા બાદ અનન્ત બ્રહ્માનંદાનુભવ અને નિત્ય ભગવત્કૈંકર્ય પ્રાપ્ત થાય છે.

(45) જીવ વિશેષે ઈષ્ટલૌકિક ફળની આકાંક્ષાએ ધર્મ કરનારને પણ લાભ થાય છે. જ્ઞાનીઓ મુગ્ધ જીવોને લૌકિક આકાંક્ષાથી પણ ધર્મ કરતાં અટકાવે નહિ. કોઈ વિશિષ્ટ વ્યક્તિને તો સાથ પણ આપે.

(46) જગતમાં જે કાંઈ પ્રતિક્ષણ ફેરફાર થઈ રહ્યા છે, તે પર્યાયો દ્વારા સક્રિય ભાવના બળે જ થાય છે, માટે જ ભાવધર્મનું મહત્વ છે.

દ્રવ્યધર્મની કીંમત ભાવની અપેક્ષાએ નહિવત્ છે.
આત્માને આનંદ આપનારી વસ્તુ કેવળ સદ્ભાવ છે.
આત્મદ્રવ્યને 'ચેતન' કહેવાની પાછળ
તેના ગુણપર્યાયો સિવાય બીજું શું કારણ છે?
ગુણપર્યાય વિનાનો આત્મા અને જડ દ્રવ્યમાં શું અંતર છે?
કેવળ આત્મદ્રવ્ય કોઈને કાંઈ લાભહાનિ કરી શકે નહિ.

તેના ગુણપર્યાયથી કે જે ભાવરૂપ છે, તેનાથી જ સ્વપર
લાભ-હાનિ થાય, એમાં શંકા કરવા જેવું શું છે?
(47) સર્વના આપણા પ્રત્યે વિવિધ ઉપકારો થયા છે
અને થાય છે, માટે એ ઋણમુક્તિ અર્થે આપણે સર્વનું
હિત ચિન્તવવું, વિશ્વનું કલ્યાણ વાંછવું એ કર્તવ્ય છે.
તો પછી ભાવ ફળની ઇચ્છાનો વિચાર શા માટે કરવો?
ઉત્તમ પુરુષો, પંડિત બુદ્ધિજનો માટે તે યોગ્ય જ છે,
પણ પ્રાથમિક અવસ્થામાં મુગ્ધજનોને માટે
એ માર્ગ ઉપાદેય શા રીતે બને?
અને તેઓનો ધર્મમાં પ્રવેશ જ શા રીતે થાય?
'અધિકારિવશાત્ શાસ્ત્રે, ધર્મ-સાધન-સંસ્થિતિઃ ।'
(પરિશિષ્ટ-૭)

ભોજન પહેલાં દાન, નમસ્કારનું સ્મરણ,
ગોચરી જતાં પહેલાંય ગૌતમ નામોચ્ચારાદિ વિહિત છે.
તેની પાછળ એ જ વિચાર છે કે:
'એ ભોજન ઇત્યાદિ ધર્મનાં સાધનરૂપ બને.'
સર્વ સાંસારિક કાર્યો પૂર્વે પણ
મંગળ કરવાનો પ્રવાદ શું સૂચવે છે?
મંગળ એટલે ધર્મ. ધર્મનો એ જ પ્રધાન હેતુ છે કે:
એની સહાયથી મળેલ સામગ્રી આત્મોપકારક બને.

(48) 'ધર્મસત્તા શુભ કરે' એમ કહી શકાય,
પણ 'ધર્મસત્તા દંડ કરે' એમ ન કહેવાય.
એ ભાષાસમિતિની કે વ્યવહારભાષાની અપેક્ષાએ
બોલવાનો વિવેક છે. વસ્તુ સ્વભાવ જુદી વસ્તુ છે.
ઝેર મારે અને ઝેર જીવાડે.
જગતમાં ઝેર - અમૃત બંને વસે છે.
એક વસ્તુમાં બે પરસ્પર વિરોધી ભાવો રહી શકે,
એ તો સ્યાદ્વાદ સિદ્ધાંતનો પાયો છે.

(49) ધર્મસત્તાની એજન્ટ = કર્મસત્તા, રાજસત્તા કે લોકસત્તા છે,
એ અનુપ્રેક્ષા શાસ્ત્રાનુકૂળ છે.
'અનુપ્રેક્ષા' શાસ્ત્રપાઠોથી વધીને આગળની વસ્તુ
હોવાથી શાસ્ત્રોમાં ન હોય. શાસ્ત્રપાઠોથી પર છતાં
શાસ્ત્રાનુકૂળ હોય તે અનુપ્રેક્ષા ચિન્તનરૂપ છે.

(50) 'સત્ય-પ્રતિષ્ઠાયાં ક્રિયાફલાશ્રયત્વમ્ ।' અર્થાત્
સત્યમાં સ્થિરતા થવાથી ધાર્મિક ક્રિયાઓનું ફળ પ્રાપ્ત
થાય છે. સત્ય વિના જપ, દાન, તપ વગેરે કે ધર્મ
ઉપાસના, ભજન વગેરે બધી ધાર્મિક ક્રિયાઓનું ફળ
(ભાવવિશુદ્ધિના નિયમપૂર્વક અંતઃકરણની શુદ્ધિ દ્વારા)
આવરણ ભંગ થતું નથી. સત્ય સર્વ ધર્મનો પાયારૂપ છે.

(51) ગૂઢ ગ્રંથ = બ્રહ્મને જાણ્યા વિના બ્રહ્મનું પ્રતિપાદન.
શિષ્ય બધિર = વૈરાગ્ય વિના જ ધર્મનું શ્રવણ.
શાસ્ત્રનો અભ્યાસ કરીને જે અનુભવ વિના
ઉપદેશ કરે તે 'અંધપરંપરા' કહેવાય છે.

તૂલાવિદ્યા - મૂલાવિદ્યા

તૂલાવિદ્યા = વિષયાવચ્છિન્ન ચૈતન્યને આશ્રયે રહેલી હોય તે.
મૂલાવિદ્યા = બ્રહ્મ ચૈતન્યને આશ્રયે રહેલી હોય તે.
મૂલાવિદ્યાના બંધનથી છૂટવું તે મોક્ષ છે.
તેનું સાક્ષાત્ કારણ જ્ઞાન છે.
તે જ્ઞાન, ભક્તિ અને વૈરાગ્ય વિના સંભવતું નથી.
વિષયોનો યથાર્થ બોધ ન થવા દે તે તૂલાવિદ્યા.
આત્માના સ્વરૂપનો યથાર્થ બોધ ન થવા દે મૂલાવિદ્યા.

(52) ધ્યેયાકાર વૃત્તિ ધ્યેયાકાર બને ત્યારે તેને 'નિર્વિકલ્પ સમાધિ' કે 'જ્ઞાન સમાધિ' પણ કહેવાય છે. તેના બે પ્રકાર છે, જેમાં ત્રિપુટીનો અભાવ છે, છતાં વૃત્તિ બ્રહ્માકાર છે. તે અદ્વૈત ભાવનારૂપ નિર્વિકલ્પ સમાધિ અને વૃત્તિ જ્યારે સ્વરૂપમાં લય પામે, ત્યારે અદ્વૈત અવસ્થાનરૂપ નિર્વિકલ્પ સમાધિ બને છે. વૈરાગ્યરૂપી તલવારથી રાગ-દ્વેષાદિ શત્રુને મારીને મોક્ષરૂપી કિલ્લો જરૂર સર કરી શકાય છે.

(53) વીતરાગ સ્તોત્ર પૃ-૧૫૦માં કહ્યું છે કે:

भवत्प्रसादेनैवाहं इयतीं प्रापितो भुवम्। (પરિશિષ્ટ-૮)

પ્રભુની કૃપાથી આત્મા આ ભૂમિકાને પામ્યો છે,
એ સ્પષ્ટ નિરૂપણમાં 'एव' પદ ખાસ વિચારવા યોગ્ય છે.

(54) 'धर्मार्थं यस्य वित्तेहा।'

ઈત્યાદિ નિષેધ પણ સર્વવિરતિની અપેક્ષાએ છે,
નહિ કે દેશવિરત્યાદિની અપેક્ષાએ.
એનું સમાધાન અષ્ટક (૨)ના શ્લોક ૯ ની ટીકામાં છે.

(55) કેવળ પંડના વિચારમાં પરોવાયેલો આત્મા
જ્યારે અહં જગતના સર્વ જીવો સાથેના
સંબંધથી ભ્રષ્ટ થઈને ઠેઠ નિગોદમાં જઈ ફસાય છે,
ત્યારે પણ દેવાધિદેવની કરુણા અને
અનંતા સિદ્ધ ભગવંતોનું વાત્સલ્ય
તેના જીવત્વને હેમ-ખેમ રાખે છે.

જ્યાં સુધી જીવનક્ષેત્ર છે, ત્યાં સુધી વિચાર પહોંચી શકે છે.

જો વિચારના વિસ્તરણનો અસ્વીકાર થાય, તો તો વાણીના
વિસ્તરણનો સ્વીકાર એક પ્રહસનીય બીના બની જાય.
હાથમાંથી છૂટેલો પથ્થર, મુખમાંથી નીકળેલો શબ્દ
અને મનમાંથી પ્રગટેલો વિચાર એ ત્રણેયની અસરનું

ઊંડું અને તલસ્પર્શી વિવેચન કરવા બેસીએ,
તો શરીર અને વાહનના એક સરખા બળ કરતાં
વિચારમાં રહેલ અધિક શક્તિનું સ્પષ્ટપણે ભાન થઈ જાય.
'જેવું ઘી તેવો દમ, જેવો વિચાર તેવું બળ.'

(56) જેમ અનુકૂળ પવનના યોગે ભરેલું વહાણ જલમાર્ગે સરળતાપૂર્વક આગળ વધતું જ રહે છે અને તેમાંનો સઘળો ભાર પવનની સૂક્ષ્મતામાં સમાઈ જાય છે, તેમ સાત્વિક વિચારના યોગે જીવન એના લક્ષ્યની દિશામાં પ્રસન્નતાપૂર્વક પ્રગતિ સાધતું રહે છે અને તેનો સઘળો ભાર વિચારમાંના સત્ત્વના સ્પર્શે હળવો બની જાય છે.

(57) વાહનને પ્રગટ થવાનું દ્વાર એક જ છે,
જ્યારે વિચારોને તો કરોડો દ્વાર છે.

જો વિચારની અસરના મૌલિક સિદ્ધાંતનો અભ્યાસ થાય, તો જીવની મુક્તિનો પ્રશ્ન વિસંવાદી બની જાય, કેમકે વિચારના સૂક્ષ્મ અને સબળ વાહન વિના આ જીવ, ત્રણ જગતના સર્વ જીવો સાથે ભળી અભેદપણે રીતે આત્મીયતા કેળવી ન શકે અને તે સિવાય તેનાં સર્વ કર્મો ખપે નહિ અને ત્યાં સુધી મુક્તિને ચોક્કસ બનાવનારું કેવળ (જ્ઞાન) પણ પ્રગટે નહિ.

'મોહક્ષયાત્ જ્ઞાનદર્શનાવરણાન્તરાયક્ષયાચ્ચ કેવલમ્ ।'

-શ્રી તત્ત્વાર્થ અ-૧૦ સૂ-૧ (પરિશિષ્ટ-૯)

(58) શરીરમાંથી નીકળતો પરસેવો વાતાવરણને અસર કરે અને શુભાશુભ વિચાર ન કરે, એમ માનવું કેવી રીતે ન્યાય સંગત ગણાય? વિચારના પ્રભાવનું છે, તેના કરતાં ઓછું મહત્ત્વ આંકવું તે જડતાનું અધિક મહત્ત્વ આંકવાની દિશામાં જઈને ઊંધી જવા સમાન દુઃખદ ઘટના છે.

પાકેલા મોતીના દાણા સરખો

એક સદ્‌વિચારનો શુદ્ધ અને સત્યનિષ્ઠ કણ આખા જગતમાં પુણ્યની અજવાળી રાતનો ભાવ જગાવે છે અને તેની સમગ્ર વાતાવરણમાં અદ્ભુત અસર પહોંચે છે.

One genuine thought can rapidly change the fate of a nation as વિવેકાનંદ and ચાણક્ય did.

(59) Complete retirement from outside works, thoughts also, is necessary. No planning, no thinking. Think of self be love to love. Leave everything to nature and

what is wanted or necessary will come out <u>without effort</u>. It is very difficult to know difference between constructive and distructive thinking. Every individual has certain limited duties towards society and cannot expect to do to the extreme.

(60) <u>શ્રદ્ધા</u> - સત્યને ધારણ કરનારી (અંતઃકરણના પ્રકાશ).
<u>વિશ્વાસ</u> - વિશ્વને જોવાનું સ્થાન (વિશ્વં આસ્તે).

(61) <u>વીતરાગતાની પ્રાપ્તિ માટે</u>
<u>સત્ય જેવો ઉત્કટ રાગ વિકસાવવો જોઈએ.</u>
આત્મભાવ એ મોહ છે - સત્યભાવ એ મોહનો ક્ષય છે.
જો સત્ય ઉત્કટ રાગ થાય,
તો તે રૂપને climaxનો જ રહે.
સત્યનો સ્પર્શ થતાં જ સમત્વ પ્રગટે છે.
મોહ વડે જ સત્ય સાથેનો ભાવસંબંધ અવરાયો છે,
તેથી સત્યભાવના બદલે આત્મભાવ આવ્યો છે.
સત્યભાવ એટલે સત્યનું અસ્તિત્વ અનુભવવું.

અહંભાવ એટલે કેવળ પોતાનું અસ્તિત્વ અને
બીજા બધાનું નાસ્તિત્વ અનુભવવું.
બીજા છે, છતાં સુખ-દુઃખનો સંબંધ ફક્ત
પોતાની સાથે જ, બીજાની સાથે નહિ.
એ જાતની લાગણી જ નાસ્તિકતાની નિશાની છે.

(62) જગતના સર્વ જીવો ઉપર રાગ વિકસાવવો
એ રોગ નહિ, પણ મહારોગ છે.
આ રોગના પ્રવેશદ્વારની ચાવી રત્નત્રયી છે.
આ ચાવી properly apply કરવાનું બળ
સુદેવ, સુગુરુ અને સુધર્મની ભક્તિમાંથી પ્રાપ્ત થાય છે.

(63) સર્વ ઉપર જીવને પ્રેમ છે એવા વીતરાગ ઉપરનો
પ્રેમ સર્વ ઉપરના પ્રેમને વિકસાવે છે. સર્વ માટે સર્વ
ત્યાગ કરનારા માત્ર ને માત્ર પંચ પરમેષ્ઠિ ભગવંતો છે.
તેમને નમસ્કારથી, તેમની ભક્તિથી, surrenderથી
સ્વનો અહંભાવ ઓગાળી સર્વભાવનું બીજ રોપાય છે.

(64) સર્વ જીવો ઉપર રાગ વિકસ્યા વિના,
'સર્વ જીવો સુખ પામો'ની ભાવના જાગ્યા વિના,
'સર્વ જીવોના દુઃખ ટળો'ની દાઝ પ્રગટતી નથી.
મોહનો ક્ષય અહંનું પડળ તોડીને જ્ઞાનાવરણ, દર્શનાવરણ,
અંતરાયનો ક્ષય કરી સર્વ સાથેના સંબંધને જોડે છે.

(65) પરમેષ્ઠિ વિષયક ભાવના છે પ્રકૃતિનો અભિલાષ.
વિશ્વ વિષયક ભાવના છે શરીરનું પાલન.
પ્રકૃતિના અભિલાષનું ભાન પરમેષ્ઠિ વિષયક ભાવ છે.
શરીરના પાલનનું ભાન વિશ્વ વિષયક ભાવ છે.

(66) સ્વને જાણીને સર્વનો ભાવ હૃદયમાં ઉગાડવાનું કપરું કામ સરલ બનાવવાનો માત્ર એક જ માર્ગ છે કે જેમણે સર્વનો ભાવ પ્રગટાવ્યો છે, તે પંચ પરમેષ્ઠિ ભગવંતોની ભક્તિ-પૂજા-નમન કરીએ. માત્ર નમસ્કાર અને સામાયિક વડે જ સર્વભાવ સર્જનનું મહાકાર્ય સહજપણે બની શકે.

સામાયિક એટલે નમસ્કારનો Experiment.
નમસ્કાર એટલે સામાયિકની formula.

વિશ્વવિષયક ભાવના વ્યવહારનું પાલન અને પરમેષ્ઠિ વિષયકભાવના નિશ્ચયનું રક્ષણ છે.
વિશ્વવિષયકભાવના વડે જ પરમેષ્ઠિ ભગવંતો સર્વશ્રેષ્ઠ ચૈતન્યને રક્ષણ કરનારા બન્યા છે.

(67) સઘળા જીવો કર્મસત્તાને આધીન છે.
કર્મનો નિયમ કોઈ વ્યક્તિને આધીન નથી.
કર્મનો નિયમ ધર્મના નિયમને આધીન છે.
ધર્મસત્તા પોતાના નિયમોના પાલકને સહાયક છે.
જે વ્યક્તિ Lawને અનુરૂપ વર્તે, તેને સર્વ સહાયક છે.

Cosmic Order એટલે ધર્મ મહાસત્તા.
તેની વ્યવસ્થા ચલાવવાનું કાર્ય તે કર્મમહાસત્તા.

સારીય વિશ્વ વ્યવસ્થા Law કે નિયમને આધીન છે. Law is the unchanging fact of excistence. ધર્મ એ મહાસત્તા - Law છે, એટલે cosmos છે, નહિ તો chaos હોત. તે Law છે, એટલે જ ષડ્દ્રવ્યોનું balanced working છે. તે Law છે, એટલે જ Practise of meta-physical disciplines are possible.

o ગણિતાનુયોગ દ્વારા તથા ચરણકરણાનુયોગ વડે દ્રવ્યાનુયોગના રહસ્યો પ્રગટાવવાનું શક્ય છે.
o કર્મના બંધ-ઉદય-ઉદીરણા અને સત્તા પાછળ Law છે.
o પદાર્થના ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય પાછળ Law છે.
o પ્રત્યેક દ્રવ્યના ગુણપર્યાયના પ્રાગટ્ય પાછળ Law છે.
o ધર્મમહાસત્તાને સૂક્ષ્મ રીતે સમજ્યા - સ્પર્શ્યા પછી લાગશે કે ધર્મ એ તો જીવનની અનિવાર્ય જરૂરિયાત - inevitable necessity છે. ધર્મમહાસત્તા સર્વને આવરે છે. સર્વ દિશાને, સર્વ કાળને, સર્વ જીવોને, સર્વ પદાર્થોને, સર્વ ઉપર શાસન ધર્મ મહાસત્તાનું છે. ધર્મ-મહાસત્તા is unique, inevitable and

complete. આ ધર્મ મહાસત્તાનું working સમજવા માટે પણ આપણને 'સત્'નો ભાવ સ્પર્શવો જોઈએ.

(68) ધર્મ મહાસત્તા is that by which all things ultimately achieve their purpose. ધર્મ મહાસત્તા is everflowing Reality, everflowing Truth. આકાશ, ધર્મ, અધર્મદ્રવ્યો પોતાના કાર્યને, પુદ્ગલ પોતાના પરિવર્તનોને, આત્મા પોતાની સિદ્ધિને ધર્મ મહાસત્તા વડે પામે છે.

નિસર્ગના નિયમો ધર્મમહાસત્તા વડે છે.

આપણી અધૂરી સમજણને લીધે નિયમો ભિન્ન લાગે છે. જુદા-જુદા નિયમો ધર્મમહાસત્તાના Expressions માત્ર છે.

ધર્મમહાસત્તા Law વડે cosmos વ્યવસ્થા છે,

વિશ્વનું વ્યવસ્થિત સંચાલન છે.

Law is the rightness in everything, which unfolds everything. ત્રિપદી દ્વારા તીર્થંકર દેવો ધર્મમહાસત્તાના મહાનિયમને જ પ્રરૂપે છે. શ્રી જિનેશ્વર દેવોની કરુણા સર્વત્ર, સદા સર્વ ભણી ઉભર છે. ધર્મમહાસત્તાનો નિયમ પણ સર્વત્ર, સર્વદા, સર્વ ઉપર છે, તેથી સર્વત્ર વ્યવસ્થા છે, cosmos છે, ક્યાંય chaos

નહિ. બાહ્યદૃષ્ટિ જોનારને જ્યાં chaos દેખાય - unrelatedness દેખાય, ત્યાં સમ્યગ્દૃષ્ટિને, જેને ધર્મમહાસત્તાનો પરિચય છે, તેને સુવ્યવસ્થા, નિયમબદ્ધપણું, મહાસત્તાનું working અથવા કર્મનો નિયમ દેખાય છે.

ધર્મમહાસત્તા is external right, absolute truth and complete sufficiency. સત્ય આ ધર્મમહાસત્તાને જોવા-To see Law every-where એટલે દર્શન, જાણવા તે જ્ઞાન, તેને અનુસારે જીવવું તે ચારિત્ર. To know Law in every-thing and to live Law everytime.

(૯૧) જેનાથી પૃથ્વી આલંબન અને આધાર વગર રહેલી છે, જેનાથી સમુદ્ર પૃથ્વીને ડુબાડતો નથી, મેઘ યોગ્યકાળે વરસે છે, જેનાથી અગ્નિ તિરછો બળતો નથી અને પ્રચંડ વાયુ ઉદ્ધતપણે વાતો નથી, એવા ભગવંતના ધર્મની શક્તિ અચિન્ત્ય છે, ઉત્કૃષ્ટ છે. ધર્મશક્તિ, ધર્મસામ્રાજ્ય અને ધર્મમહારાજ્ય વગેરે શબ્દોથી વિશ્વનું શાસન ચલાવનારી મહાશક્તિનો સંકેત છે. વિશ્વનું શાસન ભગવંતના ધર્મ વડે ચાલી રહ્યું છે. આ ધર્મમહાસત્તાનું working સમજવા માટે 'સર્વ'નો ભાવ પ્રથમ સ્પર્શવો જોઈએ. 'સર્વ'નો

ભાવ સ્પર્શો પછી શ્રી તીર્થંકર દેવોની સર્વજીવોના હિતની-કરુણાની ભાવના સમજાય પછી ધર્મપિતાસત્તા સંબંધી સમજણ વિશેષ ને વિશેષ સ્પષ્ટ થતી જાય છે. કર્મપિતાસત્તા ઉપર પણ શાસન તો ધર્મપિતાસત્તાનું જ છે.

વિશ્વ ઉપર શાસન કર્મસત્તાનું છે, કર્મસત્તા ઉપર શાસન ધર્મપિતાસત્તાનું, ધર્મપિતાસત્તા ઉપર શાસન શ્રી તીર્થંકર દેવોની સર્વજીવો ઉપરની કરુણા ભાવનાનું છે. સર્વજીવો ઉપર અત્યંત કરુણા એ શ્રી તીર્થંકર દેવોના આત્માની સહજસ્થિતિ છે, તેથી જ તેઓ ત્રિભુવન પૂજ્ય છે, જગદ્-ગુરુ, જગતના નાથ, જગતના રક્ષક, જગતના બંધુ, જગતના સાર્થવાહ, જગતના યથાર્થ ભાવોને જણાવવા માટે દિવાકર, જગતના ચિંતામણિ, કલ્પવૃક્ષ, કામઘટ અને કામકુંભ છે. તેઓ કામધેનુ, ચિત્રાવેલિ અને દક્ષિણાવર્ત શંખ સમાન છે. સર્વ ઇષ્ટોને પૂરનાર, સર્વ અનિષ્ટને હરનાર, વિશ્વ-વત્સલ, કરુણાસિંધુ અને દયાનિધાનના મહાબિરુદોને ધારણ કરનારા છે. કરુણામાંથી ક્ષાંત્યાદિધર્મ, ધર્મમાંથી શુભકર્મ, શુભકર્મમાંથી શુભતત્ત્વ અને શુભતત્ત્વમાં વિશ્વહિત. વિશ્વહિત એ વિશ્વવ્યવસ્થાની પ્રતિષ્ઠા છે અને વિશ્વહિત એ જિનેશ્વરોની ભાવના છે, તેથી શ્રી

જિનેશ્વરોની ભાવનાનું વિશ્વ પર સાર્વભૌમ સામ્રાજ્ય
પ્રવર્તી રહ્યું છે એ નક્કી થાય છે.

એને જેઓ આવકારે છે, એ માર્ગે પ્રગતિ સાધવા માટે
જિનેશ્વરોની સર્વકલ્યાણકારી આજ્ઞાનું પાલન કરે છે,
તેમને માટે મોક્ષના દરવાજા ખુલ્લા થાય છે.

(70) માનવભવ માત્ર એક જ કાર્ય માટે મળ્યો છે:
સર્વ જીવોનું સર્વોત્કૃષ્ટ હિત સાધી મોક્ષ પ્રાપ્તિનું.
Everything in the being of man
must be employed creatively.

સર્વનું શ્રેષ્ઠ હિત કરવા કર્મોથી, કર્મના બંધનોથી, બંધનોનું કારણ અહંભાવથી મુક્ત થવું પડશે અને મોક્ષ પણ સાધન છે, સાધ્ય તો છે 'શિવમસ્તુ સર્વ જગતઃ।' આ મહાન ધ્યેય માટે યમ-નિયમની, પૂર્વસેવાની, મનુષ્યે માનવ બનવાની અગત્ય છે. સર્વ જીવરાશિનું હિતકાર્ય કરવાની યોગ્યતા પ્રાપ્ત થઈ શકે તે માટે પૂર્વસેવા કરવા, માર્ગાનુસારિતા, Mastery of Self વગેરે Fundamental Truths છે. Mastery of Self સ્વને સર્વમાં વિકસાવે છે, અહંને અર્હંમાં ઓગાળે છે,
સર્વ જીવોના હિતકાર્યમાં સપ્રમાણપણે પ્રેરે છે,
તેથી તેને 'પ્રભુની આજ્ઞાનું પાલન' કહેવામાં આવે છે.

## નોંધ

આજ્ઞાનું પાલન કરવાનો અભિપ્રાય 'હું કંઈ કરું છું'
એવા અહંભાવના સ્થાને સહજભાવ લાવે છે.

આજ્ઞાનું પાલન કરવાથી Effortless effort બને છે.

Effort = શક્તિ, Effortless effort = ભક્તિ.

Effort = અહંભાવ, Effortless effort = સહજભાવ

આજ્ઞાપાલન = સહજભાવ.

તે શિષ્યનો પ્રયત્ન એ અહંભાવ છે.

અહંભાવનો નાશ સહજભાવ વડે થાય છે.

સહજભાવ આજ્ઞાપાલનના અભિપ્રાય વડે આવે છે.

આજ્ઞાપાલનનો અભિપ્રાય વિશ્વમુક્તિની કામના વડે અને મુક્તિની કામના વિશ્વહિતની ભાવના વડે આવે છે.

વિશ્વહિતની ભાવના તીર્થંકરોની કરુણા વડે આવે છે.

તીર્થંકરોની કરુણા સ્વભાવ સિદ્ધ છે, તેથી પ્રત્યેક મુમુક્ષુ આત્માને માટે તીર્થંકરોની ભક્તિ પરમ કર્તવ્યરૂપ થઈ પડે છે.

Cosmic cause is the happiness of all.

તે ધ્યેયની સિદ્ધિ તીર્થંકરોની આજ્ઞાપાલનથી જ સિદ્ધ થઈ શકે છે. જે તેનાથી કે Cosmic causeથી વિરુદ્ધ વર્તે છે, તે નિષ્ફળ જાય છે.

Cosmic cause is an eternal law.
તે વિરુદ્ધ જવું તે પોતાનો વિનાશ સર્જવા બરાબર છે.
Law is Law. king commits no wrong.
Everybody is bound to obey him.

એ જ નિયમ Cosmic order અને lawને
લાગુ પડે. ધર્મ એટલા માટે કરવાનો છે કે તે વિશ્વનો
નિયમ છે. નિયમ વિરુદ્ધ ચાલનાર કદિ ટકી શકે નહિ.
સત્ત્વનો નિયમ જીવાડવાનો - વિષયનો નિયમ મારવાનો છે.

આત્મા જીવાડનાર છે, તેનો ભોગ મારનાર છે.
આત્મા તો Cosmic cause ઉપર ખડો થયેલ છે,
તેથી વિરુદ્ધ વર્તનારને તે સહી શકતી નથી. તેને અનુકૂળ
વર્તનારનું જ કલ્યાણ થાય છે. એ નિયમ સનાતન છે.
મોક્ષ માટે નહિં, પણ વિશ્વહિત માટે ધર્મ પાળવાનો છે.

વિશ્વહિત માટે પાળેલા ધર્મથી મોક્ષ મળે એ જુદી
વાત છે પણ ધ્યેય મોક્ષ નથી, વિશ્વહિત છે. તીર્થંકરો
સર્વશ્રેષ્ઠ પદ વિશ્વહિતના લાભથી મેળવે છે, મોક્ષના
લાભથી નહિ. તેથી મહામુનિઓ મોક્ષમાં કે સંસારમાં સ્પૃહાવાળા
હોતા નથી, કેવળ વિશ્વહિતની અને વિશ્વહિતકારક
આત્માની જ સ્પૃહાવાળા હોય છે, તેથી આત્મા એ જ મોક્ષ

છે અને વિશ્વહિત એ જ આજ્ઞા છે અને એ જ
Cosmic cause, universal-ultimate
- highest goal of the Nature છે

(71) અહંભાવથી શક્તિનો વ્યર્થ વ્યય થાય છે.
શરણાભાવથી શક્તિ સાર્થક બને છે.

અહંભાવથી પરિમિત શક્તિનો Efforts દ્વારા અંત આવે.
શરણાભાવથી પરિમિતશક્તિ સદુપયોગ વડે અનંત બને.

સર્વનું સર્વોત્કૃષ્ટ હિત જેના હૈયામાં વસ્યું છે,
તે પંચ પરમેષ્ઠિ ભગવંતોનું શરણ
અંગીકાર કરવાનો પ્રયત્ન બાહ્ય નહિ, પણ આંતર છે.

સર્વનું સર્વોત્કૃષ્ટ હિત એ કેવળ તીર્થંકરોનું ધ્યેય નહિ, પણ વિશ્વવ્યવસ્થાનો નિયમ છે. એ નિયમનો ભંગ એ કેવળ તીર્થંકરોની આજ્ઞાનો ભંગ નહિ પણ વિશ્વનિયમનો સામનો છે.

Law is Law. It is unviolable,
unavoidable, unevitable.

આ નિયમને સમજવો, સદ્દહવો, પાળવો એ રત્નત્રયીનો અભ્યાસ છે. સર્વ જીવો આત્મસમાન અને આત્મા પરમાત્મા સમાન છે, એટલું જ જ્ઞાન બસ નથી પણ સર્વનું હિત એ Cosmic cause છે અને તેને જાણવું, જોવું અને આચરવું, એ જ ખરી મુક્તિનો ઉપાય છે.

એક વિશુદ્ધ જાણવું, જોવું અને આચરવું

એ રત્નત્રયીનો ભંગ છે, તેથી ભવભ્રમણનો હેતુ છે.

સમ્યક્ જાણવું, જોવું, વર્તવું તે રત્નત્રયી - આત્મા - નિજપદ છે.

आत्माराद्धा विराद्धा च शिवाय च भवाय च। (પરિશિષ્ટ-૧૦)

એ વાત અહીં સાર્થક થાય છે.

(72) ભક્તિ, શરણાગતિભાવ, સર્વ સમર્પણભાવ અને આત્માર્પણનું મહત્ત્વ ઘણું ઉંચુ છે.

આ શરણાગતિભાવ અંતર, અંતરતર, અંતરતમથી પ્રગટે, ત્યારે great Withinને સ્પર્શે છે અને ત્યારે જ new fields of consciousness ઉઘડે છે. માર્ગાનુસારિતા અને પ્રકૃતિના નિયમો પણ effects છે, જેનું cause અંતર-great Withinમાં રહ્યું છે.

(73) નિસર્ગના નિયમો એ Health, Happiness and Harmony આપવા માટે - Peace, power and plenty પ્રગટાવવા માટે છે. નિસર્ગના નિયમોને અનુરૂપ થવાનું પ્રથમ પગલું mastery of self છે. આપણો ધર્મ મહાસત્તાથી વિરુદ્ધ છાવણી, તેને અનુકૂળ થવા માટેનો Elementary course નવકાર છે. તે પાળવાની discipline અર્થાત્ self-mastery.

જેઓ ધર્મ પરમસત્તાને સન્મુખ રહ્યા તેમને Health, Happiness and Harmony તથા Peace, power and plenty સહજ છે. Health, જ્યારે physical, mental and spiritualનો સમન્વય થાય છે, ત્યારે happiness અને તે બંને વડે harmony પ્રગટે છે. Peaceમાંથી power અને પછી બંનેના સમન્વયમાંથી plenty પ્રગટે છે.

સાચી રીતે કોઈ Efforts કરવાના નથી, પણ જે ઉંધા Efforts કરી રહ્યા છીએ, તેમાંથી માત્ર વિરમવાનું છે.

(74) ત્રિકાળ ૧૨ નમસ્કારનો પ્રયોગ એ
Human consciousમાં રહેલ
Time senseને તે જાગ્રત કરે છે.
Elementary stageમાં આ Time sense
માત્ર સમય જાણવા પૂરતી રહે છે.
Advanced stageમાં આ Time sense વ્યક્તિ-સમષ્ટિના સંબંધને જાણીને Time Spaceના બંધનોમાંથી પર થવામાં consciousnessને સહાયક બને છે. Time sense બરાબર develop થયા વિના Timeથી પર નહિ થઈ શકાય. આ 'નાની' દેખાતી ક્રિયા

Collective Force ઉત્પન્ન કરવા માટે ઘણા મોટી છે.
(75) નવકાર અહીં કાળમાં છે અને અહીં કાળ નવકારમાં છે. કાળચક્ર પર ચાલનારા પણ નવકારમાં છે અને નવકારકાળચક્ર પર ચાલનારા સર્વ જીવોમાં છે. કાળને control કરવાની switch board નવકારમાં છે. નવકારના જુદા-જુદા પદો વડે timeના જુદા-જુદા aspects સ્વચ્છતાદિ control and sublime થાય છે. નવકાર વડે Time, space and objectivity (સજાતીય, વિજાતીય અને સ્વગત) સર્વ કાંઈ કાબુમાં આવે છે.
(76) માનવીમાં અર્થાત્ માનવ દેહમાં, માનવ મનમાં, માનવ ભવમાં પ્રત્યેક વસ્તુ મોક્ષના મહાકાર્યના હેતુ માટે જ છે. Everything that escists in the being of man is created for some purpose. માનવદેહનો એવો એકપણ ભાગ નથી કે જેનો special purpose ન હોય. માનવીના પાંચ ઇંદ્રિયો, પશુના પાંચ ઇંદ્રિયો કરતાં વિશિષ્ટ ઉપયોગીતા ધરાવે છે. સર્વના હિત માટેનું સક્રિય કાર્ય સર્વવિરતિ છે અને તેનો અધિકાર માત્ર માનવીનો છે. માનવ મન દ્વારા જ તે શક્ય છે, દેવ વડે નહિ, દેવેન્દ્ર વડે પણ નહિ.

માનવ મનને આ મહાકાર્ય માટે શ્રેષ્ઠ બનાવવા આ સર્વ સાધનો સહાયક છે. તેને પુરુષાર્થ વડે સુનિયંત્રિત કરવા જોઈએ. જો સુનિયંત્રિત નહિ થાય, તો mastery of self મેળવવાનો purpose નિષ્ફળ જશે.

પુરુષાર્થના ઘણા પ્રયત્નો સફળ નહિ થતા,
તેનું મુખ્ય કારણ wrong purpose હોય છે.

We must remember at the very beginning that before the power of self-mastery can be developed & the state of complete mastery attained, all desire to control over anything or anybody must be eliminated absolutely.

The purpose of self-mastery
is to give the mind
the power
to make the fullest and
the most perfect use
of all the gifts that
one may possess now.

આપણને જે કાંઈ મળ્યું છે, તે
પંચ પરમેષ્ઠિ ભગવંતોના કૃપાદિ gifts રૂપે મળ્યું છે.
'આપે મેળવ્યું છે' એ ભાવમાં અહંભાવ પોષાય છે.
'આપણને મળ્યું છે' એ ભાવમાં કૃતજ્ઞતા પોષાય છે.
'જે કાંઈ મળ્યું છે, તે gifts રૂપે મળ્યું છે',
એ ભાવ કેળવાયા વિના નમસ્કાર નહિ ઉગે,
અને નમસ્કાર ઉગ્યા વિના
કોઈપણ પ્રકારની spiritual સાધના શક્ય નથી.

(77) નમસ્કાર એટલે વિનય, વિનય એટલે કૃતજ્ઞતા,
કૃતજ્ઞતા એટલે પ્રાપ્ત સર્વનો gifts રૂપે સ્વીકાર.
જો શ્રી પંચ પરમેષ્ઠિ ભગવંતો
તેમની કરૂણા વડે માંગ્યા વિના પણ આપે છે,
અમારી યોગ્યતા વિના પણ આપે છે,
તો પછી પ્રકૃતિ ઉપર પ્રભુત્વ મેળવવાની વૃત્તિ (desire)
અને પ્રાપ્ત કરવાની વૃત્તિ કે પ્રાપ્તિ વિઘ્નરૂપ છે.
જ્યાં ફળની ઇચ્છા છે, ત્યાં પ્રાપ્ત થયેલું gifts રૂપે
જોવાનો સ્વીકાર નથી, ત્યાં પરમ કરૂણા વડે આગતનું
સર્વ આપનારા શ્રી પંચપરમેષ્ઠિ ભગવંતોના પૂર્ણ
શક્તિનો સ્વીકાર નથી, સર્વકર્મોના કૃત્ય વડે અકૃત્ય-

અનંત સ્થિતિ અપાવનારી ઉપકારબુદ્ધિનો સ્વીકાર નહિ (ઉપકારબુદ્ધિ પોતે કોઈપણ વસ્તુ મેળવવાની ઇચ્છા ન હોવા છતાં અદ્ભુત-અનંત સ્થિતિ પ્રાપ્ત થાય છે). સર્વ ઇચ્છાઓ વિલીન થયા પછી જ ઉપકારબુદ્ધિ મળે, તેથી Proper self-mastery ની desire ને eliminate કરવાનો પ્રયત્ન છે. Cosmic cause કે the great purpose is only one and that is evolution, અર્થાત્ કે જીવની ઉત્ક્રાંતિ.

(78) સ્વયં પોતે complete self બન્યા વિના Inspiration to all નું કાર્ય શક્ય નહિ (સિદ્ધિ વિના પ્રતિબદ્ધતા નહિ) અને inspiration (to all)નું કાર્ય Cosmic evolutionની જબ્બર સહાયક છે. સિદ્ધ પરમાત્માઓ પણ જે શ્રેષ્ઠ કાર્ય કરી રહ્યા છે, તે inspiration to allનું જ કાર્ય છે.

(79) To be અર્થાત્ નિગોદની અવસ્થા, To become અર્થાત્ નિગોદથી આગળ સિદ્ધત્વ સુધીની અવસ્થા.

ફરીથી To be - સિદ્ધત્વની અવસ્થા છે.

નિગોદમાં અક્રિયતા છે, તેથી આગળ સક્રિયતા છે, અને તેથી આગળ અક્રિય-સક્રિયતા છે.

## Purpose of self-mastery

Purpose of self mastery is to be one's best in every sense of term, at all times, under all circumstances for all, with all, to live a larger life, a better life and a more beautiful life everyday.

To live a larger lifeનો અર્થ

સ્વાર્થભાવને સદંતર છોડીને પરાર્થભાવ પ્રગટાવવો તે.
સ્વાર્થભાવથી life સંકુચિત, narrow બને છે.

Purpose of self-mastery is to be all that one can be in now and do all that one can do now.

Purpose of self mastery is to become much and to accomplish much in order that you may not only be your complete self, but also be an inspiration to all.

(80) કેવળ પોતાનો મોક્ષ નહિ, પણ મોક્ષ વડે બીજાઓને પ્રેરણા આપવા. પ્રેરણા એ મોક્ષમાર્ગમાં મુખ્ય સહાયક છે, બીજાં સહાયક છે. ઉપદેશ કરતાં પણ આચરણ અને અનુસરણ કરતાં પણ સિદ્ધિ પરમ પ્રેરણાદાયી છે. સિદ્ધ પરમાત્માઓનો સર્વશ્રેષ્ઠ ઉપકાર અવિનાશિતાની પ્રેરણાનો છે અને એ પ્રેરણા તેઓ પોતાની સિદ્ધિ વડે આપી રહ્યા છે, બીજી કોઈ રીતે પણ તે પ્રેરણા આપવા શક્ય નથી. સર્વોચ્ચ પ્રથમ purpose of Self-masteryનું સ્વરૂપ, right purposeનું proper understanding જ મોક્ષાભિલાષી માટે આવશ્યક છે.

Self-masteryનો હેતુ સ્વાર્થ નહિ, પરાર્થ છે. આત્મલાભ નહિ પણ સર્વલાભ છે. Soulની એ સ્વાભાવિકતા છે. બીજાની તરફથી અનાદિ સંસારમાં જે કોઈ gifts મળી છે, તેમની પ્રત્યે કૃતજ્ઞતાપૂર્વક તેમના missionને પૂરણ સમજ બજાવવાની તાલાવેલી થાય, તો mental phenomena which is misleadingનું હાનિકર ફળ પ્રાપ્ત ન થાય. Cosmic evolutionનું કાર્ય વેગવંતુ બનાવવામાં સહાયક થવાની ઇચ્છામાં જ આપણી સર્વ બાહ્ય ઇચ્છાઓને sublime કરવાની છે.

આ મહાકાર્યમાં બાહ્ય ઈચ્છાઓ વિઘ્નરૂપ છે.
સર્વહિતના મહાકાર્યને પાર પાડવા માટે
we have not to control those things that escist around us, but to develop those things that escist within us.

(81) બાહ્ય ઈચ્છાઓ માટે તિબેટીયન યોગીઓએ કહ્યું છે કે:
To have but few desires and satisfaction with simple things is the sign of a superior man.

બાહ્ય ઈચ્છાઓ આત્મભાવને અને
Cosmic evolutionને સહાયક બનવાની ઈચ્છા
'સર્વભાવ'ને પ્રગટાવવા વેગ આપે છે.
ઈચ્છાના અધોમુખી વેગને ઊર્ધ્વમુખી બનાવવો પડશે,
Sublime કરવો પડશે.
સ્વાર્થભાવ અને આત્મભાવ વડે ઈચ્છાનો પ્રવાહ
અધોમુખી થઈ જુદા-જુદા ટુકડાઓરૂપે બાહ્ય વહી રહે છે.
પરાર્થ વડે, સર્વભાવ વડે ઈચ્છાનો પ્રવાહ
ઊર્ધ્વમુખી થઈ કેન્દ્રિત બની આંતર વહે છે અને
અન્ય શક્તિકેન્દ્રોને જાગ્રત કરવામાં સહાયક બને છે.

આથી એ સ્પષ્ટ થાય છે કે માનવભવનું એકમાત્ર કાર્ય 'સ્વ'ભાવમાંથી 'સર્વ'ભાવ પ્રગટાવવાનું છે.

From individuality to collectivity.

આ સત્ય જો સ્પષ્ટપણે સમજાઈ જાય તો આત્મવિકાસનું કપરું દેખાતું કાર્ય અત્યંત સુલભ બની જાય.

o ઇચ્છાઓનો નાશ કરવો મુશ્કેલ છે.

પરાર્થકારિતાની ઇચ્છા કેળવવાની છે.

ઇચ્છાશક્તિના અધોમુખી પ્રવાહને ઊર્ધ્વમુખી બનાવવાનો છે,

Not to suppress but to sublime.

જેમની એક માત્ર ઇચ્છા જગત કલ્યાણની છે, તે જ પંચપરમેષ્ઠિ ભગવંતો સર્વથી શ્રેષ્ઠ સ્થાને બેઠેલા માટે છે.

'પરમે પદે તિષ્ઠન્તિ ઇતિ પરમેષ્ઠિનઃ ।' (પરિશિષ્ટ-૧૧)

આ સત્ય સમજવું સૌથી કપરું છે,

માત્ર દેવની અને ગુરુકૃપાથી સરલ છે.

દેવકૃપા અને ગુરુકૃપાની અગત્ય ઘણી છે.

To control desires and to sublime them નું દુષ્કરકાર્ય દેવગુરુકૃપાવિના બીજી કોઈ રીતે સુકર નથી. પરાર્થ પ્રગટાવવો એ સામાન્ય નહિ, પણ સૌ માટે અસામાન્ય યોગ છે. યોગમાત્રની, સુખમાત્રની,

વિશ્વાત્માઓની અને સારાય વિશ્વના મહાપુરુષોની
ચાવી કે master key પરાર્થભાવ છે.
પરાર્થભાવ પ્રાપ્ત થવા માટે તો શું, પણ
તેનું મહત્ત્વ સમજવા માટે પણ મહાપુરુષ જોઈશે.
આ સમજણ આડે આપણા અહંભાવનો ડુંગર પડ્યો રહ્યો છે,
તેને ચૂરવો એ સહેલું નથી.
નવકાર ને પંચપરમેષ્ઠિના શરણભાવ વડે જ તે ચૂરાય છે.
સૂર્યના તેજસ્વી પ્રકાશથી જેમ બરફનો ડુંગર ઓગળી જાય,
તેમ પંચ પરમેષ્ઠિ પ્રત્યેના સમર્પણભાવ વડે અહંભાવનો
ડુંગર ઓગળે છે અને તેથી જે અદ્‌ભુત દર્શન પ્રાપ્ત થાય
છે, તેનો અનુપમ આનંદ તો હૈયામાં સમાવ્યો સમાતો નથી.
દેવ-ગુરુની કૃપા વિના આ કાર્ય દુષ્કર નહિ, અશક્ય છે.
દેવ અને ગુરુકૃપા વડે અત્યંત સરલ છે.
દેવ અને ગુરુની કૃપા કઈ રીતે પ્રાપ્ત કરવી?
દેવ અને ગુરુ તો પરમ દયાળુ છે,
તેમની grace તો વહી જ રહી છે.
માત્ર અહંભાવને ટાળી સમર્પણભાવ કેળવવાનો છે,
સર્વસમર્પણભાવ પ્રગટાવવાનો છે. અહંમાંથી અર્હં અને
સ્વમાંથી સર્વ પ્રગટાવવા માટે, વિકસાવવા માટે, જેઓ
સનાતન શ્રેષ્ઠ છે, તેમને સર્વસમર્પણ કરવું પડશે.

જેઠ સુદી ૬, બુધવાર

## રત્નત્રયનું શુદ્ધ સ્વરૂપ

(1) સર્વ જીવોને આત્મરૂપે જાણવા, જોવા, વર્તવા.
(2) આત્માને પરમાત્મરૂપે જાણવો, જોવો, અનુભવવો.
(3) આત્માને પરમાત્મરૂપે બનવામાં અંતરાયભૂત એવા મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ અને તેથી થતા કર્મબંધનું સ્વરૂપ જાણવું, જોવું અને વર્જવું.

મિથ્યાત્વ = અનાત્મભાવને આત્મભાવ માનવો.
મિથ્યાત્વના ત્યાગને માટે આત્મામાં આત્મભાવની બુદ્ધિ અને અનાત્મામાં અનાત્મભાવની બુદ્ધિ સ્થિર કરવી.
અવિરતિ = આત્માના સુખ માટે અનાત્મભાવનો સંગ કરવો.
અવિરતિના ત્યાગને માટે અનાત્મભાવનો અને તેની વૃદ્ધિમાં હેતુભૂત જડ વસ્તુઓનો સંગ વર્જવો.
પ્રમાદ = અનાત્મભાવમાં આસક્ત થવું.
પ્રમાદના ત્યાગ માટે અનાત્મામાં અનાસક્તભાવ કેળવવો.
કષાય = અનાત્મભાવને ઇચ્છવો.
કષાયના ત્યાગ માટે અનાત્મભાવની ઇચ્છાને રોકવી.
યોગ = મન-વચન-કાયાને અનાત્મભાવમાં પરોવવા.
યોગનિરોધ માટે સત્ક્રિયામાં સતત પ્રવૃત્તિશીલ રહેવું.

કર્મના નિયમને જાણવો, જોવો અને સદ્દહવો
તથા કર્મબંધના હેતુઓના પરિહારમાં પ્રયત્નશીલ રહેવું.
અનાત્મભાવને વર્જવા માટે આત્મભાવમાં પ્રીતિ કેળવવી.
પ્રભુની આજ્ઞાને જાણવી-સદ્દહવી-યથાશક્તિ આચરવી.

## આજ્ઞા શું છે? શા માટે છે?

'આજ્ઞા' એટલે આગમ, જેમાં જીવ - કર્મ - કર્મબંધના હેતુઓ - નિર્જરા અને મોક્ષતત્ત્વનું સ્વરૂપ યથાસ્થિત વર્ણવેલું હોય તે. તેનું અધ્યયન, અધ્યાપન અને પાલન અનાત્મભાવનો નાશ કરી આત્મભાવને પ્રગટાવે છે.

## આજ્ઞાપાલનનો હેતુ

તે Cosmic evolutionને સહાય કરવાનો છે. તેની ઉપેક્ષા સર્વ દુઃખ-ક્લેશ-આપત્તિઓનું કારણ બને છે.

પરાર્થભાવ એ મુક્તિનો પરમ ઉપાય છે, કારણકે તેથી પરમાર્થભાવ પ્રગટે છે, જેમાં જ્ઞાન-દર્શન-ચારિત્ર ત્રણેનું મિલન થાય છે - ત્રણે એકત્ર થાય છે.

## પરાર્થભાવને સિદ્ધ કરવાના ઉપાયો બે છે:

એક નવકાર - બીજો સામાયિક.

નવકાર વડે અહંભાવ ઓગળે છે,
સામાયિક વડે સર્વાર્થભાવ જાગે છે,
જેનાથી પરમાર્થભાવની સિદ્ધિ થાય છે.

પરમાર્થલાભ પરમ પ્રયોજનરૂપ છે, જે જીવનશક્તિની ઉત્ક્રાંતિ છે. એ હેતુ માટે જ વિશ્વના સઘળાં તત્ત્વો પોતાનું કાર્ય કરી રહ્યાં છે. એક રજકણથી માંડીને તીર્થંકર ભગવંત સુધીનાં સર્વતત્ત્વો જીવાત્માના શુદ્ધિકરણનું મહાકાર્ય કરવા સતત ક્રિયાશીલ છે. તેને અનુરૂપ જીવન ઘડવું એ ધર્મ છે, તેથી વિરુદ્ધ વર્તન કરવું તે ખુલ્લો અધર્મ છે. ધર્મ ઉપાદેય છે, અધર્મ હેય છે.

૧૦૮ ચિંતનકણિકાઓ   Dt 1-6-1960

(૧) દુઃખી ઉંદર કરુણા કરતો હોય તો બંને ઉંદર કરો: ધનવાન ઉંદર અને નિર્ધન ઉંદર- બંને દુઃખી છે.
જેની પાસે દૈવી સંપત્તિ છે, તે જ સુખી છે.

(૨) 'વાવડીનું પાણી સુકાઈ ગયું' એ દૃષ્ટિ શુદ્ધ નથી, તે પાણી બીજા કોઈ રૂપાંતરરૂપથી છે જ. તે રીતે 'વૃત્તિજ્ઞાન શૂન્ય કેવલજ્ઞાન કાંઈ નથી' એમ સમજવું એ ભૂલ છે.

(૩) આકાશની નીલિમાથી એમ દેખાય છે કે તેની વ્યાપકતા ચાલી ગઈ, પણ એ આપણી દૃષ્ટિનો દોષ છે, આકાશનો નહિ.
એ રીતે આત્મા પ્રતીત થાય છે અથવા વૃત્તિજ્ઞાનરૂપ બને છે, તે આપણી દૃષ્ટિનો દોષ છે.
આત્મા તો પ્રતીતિનો વિષય બની શકતો નથી, પ્રતીતિ આત્માનો વિષય બને છે.

(૪) મધ્યાહ્નમાં રાખેલો દીપક અંધકારનો નાશ કરી શકતો નથી અને સૂર્યને પ્રકાશિત પણ કરી શકતો નથી. એ પ્રમાણે શબ્દરૂપી દીપકની તાકાત નથી કે તે પરમાત્માને બતાવી શકે.

(૫) અંધકારનો આશ્રય લઈ ખજવો (આગિયો) ઘમંડ કરે છે, તેવી રીતે અજ્ઞાનનો આશ્રય લઈને જ્ઞાન ઘમંડ કરે છે. જેમ અંધકાર આંખોથી જ દેખાય છે, તેમ અંધકાર રૂપી અજ્ઞાન પણ જ્ઞાનના આશ્રયથી જ પ્રકાશિત થાય છે.

(૬) શંકરના શિર પર ચંદ્રમા છે, પણ ચંદ્રમાના શિર પર ચંદ્રમાની જરૂર નથી, એ રીતે આત્માને માટે ક્યાં જ્ઞાનની જરૂર છે? પોતે જ પોતાને જાણે છે.

(૭) વાદળોએ સૂર્યને ઢાંકી દીધો, તો તેને પ્રકાશિત કોણ કરે છે? પોતે જ. એ રીતે આત્માને કર્મ ઢાંકતા નથી, કિન્તુ આત્મા જ કર્મોને પ્રકાશિત કરે છે.

(૮) શરીરની બીમારી મરવા બાદ મટી જાય છે, મનની બીમારી જન્મોજન્મ દુઃખ દે છે. માટે વધુ ધ્યાન મનની બીમારી ઉપર આપો.

(૯) વિકાર છ નથી પણ ૧૨૩૪૫૬ એટલે કે એક લાખ ત્રેવીસ હજાર ચારસો છપ્પન છે. તેમાંથી ફક્ત કામ ચાલ્યો જાય, તો એક લાખ ઘટી જાય.

(૧૦) 'પાપી' કહેવડાવવું પસંદ નથી, તો પાપી થવું શા માટે પસંદ કરું? કોઈ 'કાળમુખો' કહે તો નારાજ થઉં છું, તો પોતાનું મુખ કાળું કેમ કરું? શરીર પર કાલિમા કેમ ઘસું?

(૧૧) ધ્યાન સમયે લક્ષ્યનું ચયન કરી તેમાં અર્જુનની આંખની કીકી સમાન એકાગ્રતા કરવી જોઈએ, તો લક્ષ્યવેધ થાય.

(૧૨) ઘણાય 'મહાજન' આપણી વાત માને એ ધ્યાન રાખો, પણ 'ઘણાય' માને એ ધ્યાન રાખવાની જરૂર નથી. મહાજન મોટી વસ્તુ છે, ઘણાય નહિ.

(૧૩) સ્થિર છે ત્યારે પણ જળ પાણી છે. વાદળોમાં નાચે છે ત્યારે પણ તે પાણી છે. એ રીતે આપણે કોઈપણ અવસ્થામાં આત્મા છીએ.

(૧૪) ઝાડુ અસ્પર્શ્ય હોવા છતાં એ સ્થળને સાફ કરે છે.

(૧૫) ચુંબક તો નિષ્ક્રિય છે, છતાં તેનું આકર્ષણ હોવાથી જેમ સોય હલે છે, એ રીતે પરમાત્મા અક્રિય હોવા છતાં સમગ્ર વિશ્વને ખેંચી રહ્યા છે.

(૧૬) દીપકને દેખવા માટે જો બીજા દીપકની જરૂર હોય, તો જ આત્માને ઓળખવા માટે બુદ્ધિની ઉપયોગિતા છે, અન્યથા નહિ.

(૧૭) સુષુપ્તિ અવસ્થામાં શ્વાસોશ્વાસ ચાલે છે,
પરન્તુ એમ ચૈતન્ય પ્રકટ થતું નથી,
એ રીતે વૃક્ષોમાં શ્વાસોશ્વાસ છે, પણ ચૈતન્ય મંદ છે.

(૧૮) સુખ વાસનાની પૂર્તિમાં નથી,
પણ વાસનાની મુક્તિમાં છે.

(૧૯) ચાંદની ચાંદ થઈ, તે રીતે આત્મા પરમાત્મા થશે.

(૨૦) વર્ષાકાળની જલધારા શું સમુદ્રને દુઃખ દઈ શકે છે?
એ રીતે સંત પુરૂષોને વિપત્તિઓ કાંઈ કરી શકતી નથી,
કેમકે સંત સમજે છે કે જલધારાઓની એમ
વિપત્તિઓ અમારાથી જ ઉત્પન્ન થાય છે.

(૨૧) 'મા' મોટી છે, તેને નાટે જોઈને બાલક
રમકડાઓની હઠ કરે છે, તેમ પ્રભુ મોટા છે, એવું
વિસ્મરણ થવાથી સંસારના વૈભવ મહાન લાગે છે.

(૨૨) મોતીના પાણીને પણ જો આપણે અંજલિમાં કાઢીને
બતાવી શકતા નથી, તો જીવનના પણ જીવનરૂપ એવા
પરમાત્માને કેવી રીતે બતાવી શકાય?

(૨૩) રૂપમાં મયૂર, સ્વરમાં કોયલ, પરિવારમાં મરઘા અને
કુક્કર, ધનસંપત્તિમાં સર્પ અને બલવૈભવમાં સિંહ મોટા છે.
મનુષ્ય માત્ર રાગ-વિરાગમાં શ્રેષ્ઠ છે.

(૨૪) રાત્રિનો નાશ કરીને સૂર્ય પ્રકાશિત થતો નથી, પણ તેના પ્રકાશે રાત્રિ ભાગી જાય છે, એ રીતે આત્મા કર્મોને દૂર કરતો નથી, પણ આત્માના પ્રકાશમાં કર્મ દૂર થઈ જાય છે.

(૨૫) તરંગોએ સમુદ્રમાં ડુબકી મારી,
તેમ જ આત્મા પરમાત્મામાં લીન થઈ ગયો.

(૨૬) શ્રુતજ્ઞાન વિશ્વનો આધાર છે. અંધારામાં જ્યારે દેખાવું બંધ થાય છે, ત્યારે શ્રુતિના આધારે જ શાંતિ મળે છે.

(૨૭) ભક્તિથી અંતઃકરણ પીગળે છે,
કર્મથી કઠિન થાય છે, જ્ઞાનથી નિર્વિકાર.
મનની ૩ અવસ્થાઓથી ૩ સાધનોનો પરિચય થાય છે.

(૨૮) અશુદ્ધ ભાજનમાં જેમ દૂધ બગડી જાય છે, તેમ જ્ઞાનરૂપી દૂધ અશુદ્ધ અંતઃકરણમાં વિકૃત બને છે.

(૨૯) આત્મા શુદ્ધ છે, શરીર અશુદ્ધ છે.
ટંકશા એમ છે અને અમે રહેશે - બદલવાનું છે મન.

(૩૦) નિમકનો ટુકડો સમુદ્રને પીછાણવા ગયો,
તો તદ્રૂપ થઈને રહ્યો, તેમ ભગવાનને જાણવા માટે
જશો તો તદ્રૂપ છો, એવો અનુભવ આવશે.

(૩૧) આકાશમાં વીજળી ઉત્પન્ન થઈ તો શું?
વાદળ આવ્યા તો શું? અને સાફ થઈ જાય તો પણ શું?

આકાશની અવસ્થા તો હંમેશા છે તેવી જ છે.
એ જ રીતે આત્માની અવસ્થા માટે સમજવું.

(32) બે હોઠ - એક જોડ, બે તાલી - એક અવાજ.
તેમ પુરુષ પ્રકૃતિ બે, પણ બ્રહ્મ એક જ.

(33) શુદ્ધ સુવર્ણની કસોટી અગ્નિ છે,
પણ શુદ્ધ મનુષ્યની કસોટી સુવર્ણ છે.

(34) શિવમાં 'ઇ' કાઢી નાંખો તો શવ (શ્વાન)
તેમ Godને ઉલટાવીને લખો તો dog.

(35) આધિ = ફિકર અને પાપમાં મમતા
વ્યાધિ = શરીરના વિકારમાં આકુળતા
ઉપાધિ = શરીરમાં મમતા
સમાધિ = આત્મામાં સ્વસ્થતા.

(36) જીવન - સગુણ, રસ - નિર્ગુણ, છાલટા - સાકાર.

(37) પ્રકૃતિની સાથેનો સંબંધ દીકરીની જેમ રાખો.
આત્માની સાથેનો સંબંધ દીકરાની જેમ રાખો.
દીકરી પારકા ઘરની - દીકરો ઘરનો છે, એમ માની વર્તો.

(38) સિદ્ધિગતિમાં પહોંચવા માટે તીર્થંકરોએ ધર્મને સેતુ સમાન બતાવ્યો છે. તેના પર એક કીડી પણ ચાલી શકે છે, તેમ કઠિનતા નહિ. પુલ જેમ બંને બાજુ સ્પર્શે છે, તેમ ધર્મ સંસાર અને મોક્ષ બંનેની સાથે સંબંધ રાખે છે.

(૩૯) શ્વાસને બહાર એટલા માટે કાઢીએ છીએ કે પાછા અંદર આવવાને આહ્વાન કરે. જે શ્વાસ નિકળી ગયો પણ પાછો ન આવ્યો તો મૃત્યુ સમજવું. ગૃહસ્થાશ્રમનો ત્યાગ એટલા માટે પ્રશંસ્ય છે કે સમાજને આહ્વાન કરવામાં સાધક સમર્થ બને. સમાજ માટે નિરૂપયોગી બને તો આત્મહત્યા છે.

(૪૦) જળની ધારા, અગ્નિની જ્વાળા અને પવનનો વેગ પરમાત્માની વાતો સંભળાવા રહી છે. હૃદયની આંખ અને હૃદયના કાન ખુલ્લા હોય તો તે દેખાય અને સંભળાય.

(૪૧) સૂરજ પણ ઉર્ધ્વરેતા, દીપક પણ ઉર્ધ્વરેતા.
એક જળને ખેંચે છે, એક તેલને.
વૃક્ષ પણ ઉર્ધ્વરેતા, પૃથ્વીના તત્વને ખેંચી પાછો આપે છે.
મનુષ્યે પણ ઉર્ધ્વરેતા બનવું જોઈએ.

(૪૨) ટનબંધ ઉપદેશ આપવાની અપેક્ષાએ
કણભર સહાનુભૂતિ આપવામાં વિશેષ શ્રેય છે.

(૪૩) સંસાર વૃક્ષ છે, જ્ઞાન દીપક છે.
દીપક ન હોય તો કાંઈ ન દેખાય.

(૪૪) દહીંના વાસણમાં દૂધ ન રાખો.
નવા કે માંજને સાફ કરેલા વાસણમાં દૂધ રાખો તો ફાટશે નહિ.
તેવી રીતે ઉપદેશ ભક્ત કે રિક્તને આપો, બાળને નહિ.

(૪૫) 'હું'નો ઘડો ફૂટે અને જળ ચૈતન્યસમુદ્રમાં ભળી જાય.

(૪૬) આરોહ અવરોહથી સંગીત બને છે.
સારેગમપધનીસા - આની અવાજ બોલતા મુખ ફાટી જશે.
આરોહ પછી અવરોહની જરૂર છે.

(૪૭) માને પૂછો કે ગર્ભનું કષ્ટ શા માટે સહન કરે છે,
એ પછી જ દુઃખોને ખરાબ માનો.
દુઃખ એ ગર્ભસમયનું કષ્ટ છે, તેથી નારાજ ન થાઓ.

(૪૮) ભક્તિરૂપી ચંદ્રની શીતળતાથી પાણી બરફ બને છે,
જ્ઞાનરૂપી સૂર્યમાં તે ગળી જાય છે.
આમ સગુણ-નિર્ગુણ બંનેની આવશ્યકતા છે.

(૪૯) હાથ અગ્નિથી બળે છે, પાણીથી નહિ...
છતાં બોલાય છે ગરમ પાણીથી, તેમ નાશ ક્રોધથી થાય છે,
આત્માથી નહિ, છતાં કહેવાય છે કષાયાત્માથી.

(૫૦) લોટા ઉપરની માટી હટે તો ચુંબક ખેંચે.
મન-બુદ્ધિનો મેલ દૂર થાય તો આત્માને પરમાત્મા ખેંચે.

(૫૧) 'હરિ કરે સો ખરી' પરન્તુ હરિ કરે છે શું?
તે ઇચ્છા અને અહંકારનું હરણ કરે છે.

(૫૨) આનંદને અખંડ રાખવાની યુક્તિ પરદુઃખભંજન છે.
જગતના જીવો સર્વદા દુઃખી છે,
તેથી પરનું દુઃખ દૂર કરવાની બુદ્ધિવાળાઓને આનંદ અખંડ છે.

સ્વસુખની ઈચ્છાવાળાઓનો આનંદ હંમેશાં ખંડિત છે,
કેમકે સ્વસુખની ઈચ્છા કદી પૂર્ણ થતી નથી.
તે પૂર્ણ કરવાનો ઉપાય પરહિતમાં સર્વદા રક્ત થવું તે છે.
પરહિતમાં રક્તને મુક્તિ પણ પરહિત માટે ઇષ્ટ છે.
પરહિતમાં રક્ત થનારને
આરંભમાં સ્વાર્થ અને સ્વાર્થજન્ય ક્લેશોથી મુક્તિ છે
અને અંતમાં સકલ કર્મથી મુક્તિ છે.
ધર્મનું લક્ષણ જ પરહિતરક્તતા છે.
મોક્ષના હેતુભૂત ધર્મને બતાવનાર તીર્થંકર પરમાત્માઓ
પરહિતવ્યસની, પરાર્થરસિક અને સ્વાર્થરહિત હોય છે.

(૯૩) <u>માનસિક ભાવોની શરીર ઉપર અસર</u>

કામના વિચારોથી પાગલતા, નપુંસકતા, પ્રમેહ કે માઠી પેશાબ.
ક્રોધના વિચારોથી ખરજવું, કુષ્ઠ, હૃદયરોગ.
લોભના વિચારોથી અપચો, લીવરશૂળ, પેટનો વ્યાધિ.
મોહ - વિષાદ, ભય અને નિરાશાના વિચારોથી
અશક્તિ, કંપવા, માથાનો દુઃખાવો, અનિદ્રાદિ થાય છે.

(૯૪) સ્વાર્થી બીજાના દુઃખ દેખી શકતો નથી.
દેખે તો માંગે નહિ અને કોઈ માંગે તો ના પાડે નહિ.

(૯૫) ભક્તની દૃષ્ટિ વિશ્વને આત્મતુલ્ય માને છે.
જ્ઞાનીની દૃષ્ટિ વિશ્વને આત્મસ્વરૂપ માને છે.

(૯૬) 'ભક્તિ અહંકારનો નાશ કરે છે.'
તેનો અર્થ દેહેન્દ્રિયાહંકારનું કર્તૃત્વ મિથ્યા સાબિત કરી
આત્મકર્તૃત્વ સ્થાપન કરે છે કે જે પરમાત્મકર્તૃત્વ જ છે,
કેમકે અહંકારશૂન્ય આત્મતત્ત્વ એ જ પરમાત્મતત્ત્વ છે.
(૯૭) ભક્તિમાં દૃષ્ટા પોતે દૃશ્ય બની જાય છે,
અહંકારનાશ તો પ્રયોજન છે.
(૯૮) મિથ્યાદૃષ્ટિનો વ્યવહાર માયા છે.
સમ્યગ્દૃષ્ટિનો વ્યવહાર લીલા છે.
(૯૯) માનસિક વિકારોને નહિ, આત્મિક સૌંદર્યને જુઓ.
મુંબાઈની સુંદરતાને જુઓ, ગટરોને નહિ.
ગટરો તો મુંબાઈની સુંદરતાને ટકાવવા માટે છે,
તેમ વિકારોનું નીકળી જવું એ તો
આત્માની સુંદરતાને પ્રગટાવવા માટે છે.
(૫૦) આત્માનો પ્રકાશ, ચિત્તરૂપી પાત્ર,
બુદ્ધિરૂપી બત્તી, મનની વૃત્તિઓરૂપી તેલ,
પાંચ ઇંદ્રિયોરૂપી છિદ્ર, દેહરૂપી ઘર.
(૫૧) શરીર એ નૃત્યશાળા, જીવ એ રાજા,
મન એ પ્રધાન, પ્રભુ એ નોકર, બુદ્ધિ એ રાણી,
સાક્ષીભાવ એ દીપક અને ઇંદ્રિયો એ વાજિંત્ર છે.

દેલવાડા, જેઠ સુદી-૮, શુક્રવાર

(૬૨) પ્રેમ-મૈત્રીને ધ્યેય માનીએ તો તેનું સાધન રાગ-દ્વેષનો ક્ષય છે. રાગ-દ્વેષનો ક્ષય ધ્યેય માનીએ તો પણ તેનું સાધન પ્રેમ-મૈત્રી છે.

મૈત્રીનું અવલંબન લેવામાં ન આવે તો રાગ-દ્વેષના ક્ષયનો ઉપદેશ જ તીવ્ર રાગ-દ્વેષની વૃદ્ધિ કરાવનાર થાય છે, કેમકે એકાંગી તે ઉપદેશથી સ્વવ્યતિરિક્ત અન્યના સુખ-દુઃખ પ્રત્યેની રાગ-દ્વેષાત્મક લાગણીનો નાશ થઈને તમોગુણની, આલસ્ય દોષની વૃદ્ધિ કરાવનાર થાય છે.

સ્વવિષયક રાગ-દ્વેષને છોડીને સર્વવિષયક રાગ-દ્વેષની વૃત્તિનો વિસ્તાર કરવો જોઈએ, અન્યથા રાગ-દ્વેષના ક્ષયના નામે જ અનંત રાગ-દ્વેષની વૃદ્ધિ થાય છે. મૈત્રી-પ્રેમ-પરમાનંદને ધ્યેય માનવાથી તેના સાધનરૂપ રાગ-દ્વેષ ક્ષયની આવશ્યકતા રહે છે. સ્વવિષયક રાગ-દ્વેષ નાશ પામવાથી જ મૈત્રી-પ્રેમ કે પરમાનંદભાવનો વિસ્તાર થાય છે, અને ઉભયપક્ષમાં સર્વજીવના સુખવિષયક રાગ - દુઃખવિષયક દ્વેષને કેળવવાની જરૂર રહે છે, તેથી પ્રમાદ, આલસ્ય, ઉપેક્ષા કે ક્રિયાશૂન્યતા પોષાતી નથી, પણ અપ્રમાદ, ઉદ્યમ, ઉત્સાહ અને અનંતક્રિયાને ઉત્તેજન મળે છે.

વીતરાગ રાગશૂન્ય જરૂર છે, પણ પ્રેમશૂન્ય નહિ.
રાગ સ્વાર્થસૂચક છે અને પ્રેમ આનંદસૂચક છે.
સ્વાર્થવૃત્તિનો નાશ આવશ્યક છે,
કિન્તુ આનંદોત્પાદક પ્રેમવૃત્તિનો નાશ ઇષ્ટ નહિ.
તે કાર્યસાધક ઐક્યનો ઉદ્દેશ છે,
સ્વાર્થમૂલક રાગ ભેદ છે, કિન્તુ
સ્વભાવ આનંદમૂલક પ્રેમ ઉદ્દેશ છે.

(૫૩) પ્રત્યક્ષ મિલનના અભાવમાં જેમ પ્રેમીના નામના અક્ષરો મિલન જેટલો આનંદ અનુભવ કરાવે છે, તેમ પરમાત્માના વિરહમાં પરમાત્માના નામના અક્ષરો, તેના જાપ, સ્મરણ, લેખન કે દર્શન આનંદ પ્રાપ્ત કરાવે, તો સમજવું કે પરમાત્મ પ્રતિ આપણામાં ભક્તિનો ઉદય થયો છે, પ્રેમના અંકુરો પ્રગટ્યા છે, અન્યથા નહિ.

(૫૪) ધ્યાન સાધનાનું લક્ષ્ય છે કે:
વિચારમાં વ્યાપકતા અને આચારમાં સંકુચિતતા આવે.
નિર્વિચાર થવામાં વિચાર બાધક-આચાર સાધક છે.
વિચાર કે વિકલ્પને ઉત્પન્ન કરનાર પદાર્થોનો જીવનમાં ત્યાગ કર્યા વિના વિચાર કે વિકલ્પથી પર બની શકાતું નહિ.
વેદમાતા વિચાર છે, પ્રવચનમાતા આચાર છે.

આચરણ એટલે સમિતિ-ગુપ્તિનું સુદૃઢ પાલન.
સદાચરણ-પંચાચરણ અને સમિતિ-ગુપ્તિનું પાલન એ નિર્વિકલ્પતાનું પરમ સાધન છે. વિચાર જો આચરણની ફિકર કરે તો તે સમ્યક્ છે. આચરણ ઉપર પહોંચવા માટે વિચાર જરૂરી છે - નિર્વિચાર દશાની સિદ્ધિ માટે વિચાર પ્રતિબંધક - આચરણ સહાયક છે. જો વિચાર આચાર પર્યન્ત પહોંચતો નથી, અગર જો આચરણ વિચારના બળથી પુષ્ટ નથી, તો બંને નિરૂપયોગી છે. આચરણની ફિકર કરનાર અને આચારમાંથી બળ મેળવનાર આચાર ઉપાદેય છે.

નિર્વિકલ્પતાની સિદ્ધિનો અનંતર હેતુ આચરણ છે,
તથા તે સિદ્ધિનો પરંપર હેતુ વિચાર છે.

(૬૭) દુઃખ એટલે આકુળતા - સુખ એટલે નિરાકુળતા.
આકુળતા કેવળ વર્તમાન અવસ્થા જોવાથી ઉપજે છે,
જ્યારે નિરાકુળતા ત્રૈકાલિક દ્રવ્યસ્વભાવને જોઈને
તેમાં તન્મય થવાથી પ્રાપ્ત થાય છે.

આત્માનું મૂળ શરીર જ્ઞાન છે. આત્માને જ્ઞાનવપુ, જ્ઞાનવિગ્રહ અને જ્ઞાનશરીરવાળો કહેવામાં આવે છે. તે જ્ઞાનશરીર આત્માના ધર્મનું ખરેખર સાધન છે, તેથી જ્ઞાનવપુનું, પોતાના જ્ઞાતા-દૃષ્ટા સ્વભાવના જ્ઞાનનું સદા રહેવું અને પોષણ કરવું એ ધર્મનું ખરું સાધન છે.

(1) <u>પહેલું સુખ તે જાતે નર્યા</u>

'પોતાની ખરી જાત દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મથી સર્વદા ભિન્ન છે અને સદા સ્વસ્થ છે' એવા શ્રદ્ધાન-જ્ઞાન અનુષ્ઠાનરૂપે પરિણમવું તે જાતે નર્યા - તે પહેલું સુખ છે.

(2) <u>બીજું સુખ સુકુળની નાર</u>

સહજ સ્વભાવમાં એકતા કરીને શુદ્ધ પરિણતિ પ્રગટ કરવી. તે એવી કુળવાન છે કે તે આત્માની સાથે અભેદપણાને પામ્યા પછી ક્યારેય પણ તેનો વિરહ પડતો નથી. આદિ-અનંતકાળ સુધી સાથે જ રહે છે, માટે તે સુકુળની નારરૂપ શુદ્ધ પરિણતિ પ્રકટ કરવી તે માનવું બીજું સુખ છે.

(3) <u>ત્રીજું સુખ તે ઘેર દીકરા ચાર</u>

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર-તપ એ ચતુર્વિધ આરાધના રૂપી આત્માની પોતાની પરિણતિ એકસાથે આત્મઘરમાં સદા કાળ વસે છે, તે ઘેર ચાર દીકરારૂપ ત્રીજું સુખ છે.

(4) <u>ચોથું સુખ તે કોઠીએ જાર</u>

આત્મા અનંતગુણ-પર્યાયોની કોઠી છે. પોતાના ગુણો સાથે આત્માનો અભેદ છે. પર્યાય નિરંતર પરિણમ્યા કરે છે. તે કદી પણ ખુટતા નથી. તે કોઠીએ જારરૂપ ચોથું સુખ છે.

(55) <u>શરીરમાદ્યં ખલુ ધર્મ-સાધનમ્।</u> (પરિશિષ્ટ-૧૨)

(૬૭) સ્પર્શનેન્દ્રિયનો વિજય દુષ્કર શાથી?

• સમગ્ર શરીર વ્યાપ્ત છે.

• અનાદિકાલીન છે. • બંધનું કારણ છે.

પુદ્ગલ પરમાણુમાં પરસ્પર બંધનું કારણ
વર્ણ-ગંધ-રસ નહિ, પણ સ્પર્શ છે.
તેમાં પણ શીતોષ્ણાદિ ગુણો નહિ,
પણ સ્નિગ્ધ-રૂક્ષતાના કારણે બંધ છે.
તેમાં પણ છેલ્લા અંશથી બંધના કારણ થતા નથી.
તે નિયમ કર્મબંધમાં પણ લાગુ પડે છે.
ચાર અઘાતિ કર્મના ઉદયે પ્રાપ્ત થતી
બાહ્ય સામગ્રી બંધનું કારણ નથી.
જ્ઞાન-દર્શન-વીર્યગુણના અલ્પ ઉઘાડના કારણે નહિં, પણ
માત્ર મોહ કર્મ-રાગ-દ્વેષના કારણે બંધ છે.
રાગ સ્નિગ્ધતારૂપ છે - દ્વેષ રૂક્ષતારૂપ છે.
રૂક્ષતા જીવો ઉપરના પ્રેમથી જીતાય છે.
સ્નિગ્ધતા પુદ્ગલભાવના વિરાગથી જીતાય છે.
દીપકમાં તેલ-સ્નેહ-સ્નિગ્ધતા હોય ત્યાં સુધી બળે છે,
તેમ આત્માના પરિણતિમાં રાગ, સ્નેહ, સ્નિગ્ધતારૂપી મોહ હોય,
ત્યાં સુધી જ સંસાર પરિભ્રમણ છે.
રાગ-દ્વેષ ઉપર વિજય મળતાં જ મોક્ષલક્ષ્મી પ્રાપ્ત થાય છે.

મોહ કર્મ ઉપર વિજય થતાંની સાથે જ જ્ઞાન, દર્શન,
આવરણ અને અંતરાય કર્મનો ક્ષય થાય છે.

o જીવને દુઃખ ન આપવું તે <u>અહિંસા.</u>
જીવને સુખ આપવું તે <u>દયા.</u>
જીવની હિતચિંતા કરવી તે <u>મૈત્રી.</u>
અપરાધીની પણ હિતચિંતા કરવી તે <u>ક્ષમા.</u>

(૫૮) <u>શ્રવણ</u> વડે પ્રમાણગત સંશય,
<u>મનન</u> વડે પ્રમેયગત સંશય અને
<u>નિદિધ્યાસન</u> વડે વિપરીત સંભાવના ટળે છે.
અસંભાવના સંશયરૂપ - વિપરીત સંભાવના વિપર્યયરૂપ છે.
વિવેક - વૈરાગ્યાદિ ષટ્સંપત્તિ અધિકારિતા અપાવે છે.
બ્રહ્માકારવૃત્તિનો સજાતીય પ્રવાહ જ્ઞાનસમાધિ આપે છે.
યોગીને ધ્યેયાકાર અને વેદાંતીને જ્ઞેયાકાર વૃત્તિ હોય છે.
ધ્યાન એ ક્રિયા છે. ક્રિયાથી મલવિક્ષેપ દૂર થાય,
કિન્તુ આવરણભંગ તો જ્ઞાન વિચાર વડે જ થાય.
ભક્તિ વડે વિક્ષેપ અને નિષ્કામ કર્મથી મલદોષ ટળે છે.
શ્રવણાદિ સાધનથી આવરણભંગ થાય છે.
પ્રતિબંધક ટળવાથી બ્રહ્મની પ્રાપ્તિ છે.
પ્રતિબંધક ટાળવા માટે જ સઘળી સાધના છે.

(૫૦) વિશ્વની ઉત્પત્તિ માટેનું શાસ્ત્ર Theology છે.
તેમાં બે મત છે:
આર્યદર્શનકારો વિશ્વની ઉત્પત્તિ અનંતમાંથી,
જ્યારે ઈસાઈઓ, મુસ્લિમો વગેરે અંતમાંથી માને છે.
તેઓનો મત: કોઈ એક વ્યક્તિના હુકમથી વિશ્વ ચાલે છે.
તેઓ પુનર્જન્મના સિદ્ધાંતને માનતા નથી,
તેથી Pessimism પોષાય છે.
તેઓના નાટકો બહુ કરુણાંત - Tragedy હોય છે.
પુનર્જન્મ માનવાવાળા હંમેશાં Optimist હોય છે.
તેમના નાટકો બહુ Comedy - સુખાંત હોય છે.
બે ય કર્મનો નિયમ તો બધા માને છે.
પુણ્ય-પાપની ક્રિયા absolute નથી, related છે.
Centrifugal force વિશ્વમાં કાર્ય કરી રહ્યો છે,
તે evolutionમાં મુખ્ય હેતુ છે.
દરેક cell and even atomમાં
આ ફોર્સ કામ કરી રહ્યો છે.
દરેક ક્રિયા અમુક centreને છોડીને
ક્યારેય બહાર જઈ શકતી નથી,
નવા વિચારો unified field theory મુજબ

સમગ્ર વિશ્વમાં પોતાની અસર તે જ ઊંડી પહોંચાડે છે.

પ્રત્યેક વ્યક્તિનો માર્ગ તેની પોતાની સાધના વડે પ્રદર્શિત થાય છે. Framework - ચોકઠું બધા માટે એક હોઈ શકે છે, details દરેકની જુદી-જુદી જ રહેવાની. વિશેષનો નિર્ણય પોતે જ કરી શકે, બાહ્ય વડે નક્કી ન થઈ શકે. બાહ્યથી તો માત્ર સામાન્ય માર્ગદર્શન, દિશા-સૂચન કરી શકે. દરેક સંપ્રદાયો સંયમપાલનના સિદ્ધાંતમાં એકમત છે. સંયમનો સાર આહાર-નિદ્રા ઉપર કાબૂ મેળવવો તે છે, તેમ મૈથુન સંજ્ઞા અને પરિગ્રહ સંજ્ઞા ઉપર પણ ખાસ્સો કાબૂ આવાને ઊભો રહે છે.

(૭૦) સિદ્ધોની અનુગ્રહ શક્તિ - આનંદ કરુણા

સિદ્ધોમાં અનુગ્રહ શક્તિ હોવા છતાં જીવનું સ્વાતંત્ર્ય અબાધિત રહે તે માટે અને પોતાના પ્રયત્નથી પોતે મુક્તિ મેળવી છે, તેનો પૂર્ણ આનંદ અનુભવવા માટે જીવના પ્રયત્નની રાહ જુએ છે, તે પણ એક પ્રકારની કરુણા અથવા અનુગ્રહ જ છે. જીવને પોતાનો પૂર્ણ આનંદ પ્રાપ્ત કરવા માટે સૌ શિવપદ બાજુ માર્ગ ન હોવાથી જ લોકને અલોક અને અલોકને લોક કરવા જેટલું સામર્થ્ય હોવા છતાં પણ કરુણા સ્વભાવથી તેનો ઉપયોગ કરતાં નથી.

## નોંધ

જેમ શિક્ષક બધા પ્રશ્નોના ઉત્તરો આપવાના સામર્થ્યવાળા
હોવા છતાં વિદ્યાર્થીની સરખી મહેનતના વિકાસ શર્તે,
તેમ પરીક્ષામાં પાસ થવા માટે સહાય કરતાં નથી,
તે વિદ્યાર્થી પ્રત્યેની કરૂણા છે, નહિ કે શિક્ષકનું અસામર્થ્ય.

(૭૧) ઈર્યાપથિકી પ્રતિક્રમણપૂર્વક ચૈત્યવંદનાદિ ક્રિયા વિહિત છે.

(૧) 563 × 10 × 2 × 3 × 3 × 3 × 6 = 1824120 ભાંગા.

563 = જીવોના પ્રકાર
10 = અભિહયાના પ્રકાર
2 = રાગ-દ્વેષ
3 = મન-વચન-કાયા
3 = કરણ-કરાવણ-અનુમોદન
3 = અતીત-અનાગત-વર્તમાન
6 = અરિહંત-સિદ્ધ-સાધુ-દેવ-ગુરુ-આત્મા.

(૨) सव्वस्स जीवरासिस्स भावओ धम्मनिहिअ नियचित्तो।

(૩) सव्वे जीवा कम्मवस चउदहराजभमंत

(૪) खामेमि सव्व जीवे सव्वे जीवा खमंतु मे।
मित्ती मे सव्व भूएसु वेरं मज्झ न केणइ॥

(૫) सव्व-भूअप्पभूअस्स सम्मं भूआइं पासओ।
पिहिआसवस्स दंतस्स पावं कम्म न बंधइ॥१॥

(પરિશિષ્ટ-૧૩)

(૭૨) મુંગથલા, મુંડસ્થલ, આબુ - જેઠ સુદ - ૧૪

પ્રભુ મહાવીર ૫૦માં ૩૭ વર્ષની ઉંમરે આબુની ભૂમિ પરિસરમાં વિચર્યા હતાં એવો ઉલ્લેખ છે. અહીં બાવન જિનાલયનું ભવ્ય મંદિર હતું. તેનો હાલ જિર્ણોદ્ધાર થયો છે. શ્રી કેશી ગણધરના હાથે પ્રભુ વીરની મૂર્તિની પ્રતિષ્ઠા અહીં થઈ હતી. મંદિર દ્વાર પર એ મતિનો લેખ છે કે:

पूर्वे छद्मस्थकालेऽर्बुद भुवि यमिनः कुर्वतः सद्विहारं (सप्त)त्रिंशेच्च वर्षे वहति भगवतो जन्मतः कारिता सा। श्री देवार्यस्य देस्योल्लसदुपलमयी पूर्णराजेन राज्ञा श्री केशिना प्रतिष्ठः स जयति हि जिनः तीर्थमुंडस्थलस्थः।

(૭૩) તેરમા શતાબ્દીમાં થયેલા શ્રી મહેન્દ્રસૂરિજી એ જ રચિત ૫૦માં અષ્ટોત્તરી તીર્થમાળામાં મુંડસ્થળના મૂળ ગભારાની મંગળમૂર્તિ પાસેના લેખ ઉપરથી નોંધે છે કે:

अब्बुय गिरिवरमूले मुंडस्थले नंदीरुक्खस्स अहभागे।
छउमत्थकालिवीरो अचलसरीरो ठिओ पडिमं ॥९७॥
तो पुन्नराइनामा, कोइ महप्पा जिणस्स भत्तीए ।
कारइ पडिमंवरिसे सगतीसे वीर जम्माओ ॥९८॥
किंचूणा अट्ठारसवत्सरसयाए दे पवर तित्थस्स ।
तो मिच्छधणासमीरं कुणेमि मुंडत्थले वीरं ॥९९॥

(૭૪) જેમ બાળકને મોટા થયા પછી રમકડાંમાં આનંદ આવતો નથી, તેમ જો આપણે પણ મોટા થઈએ, આપણા મન-હૃદયને વિશાળ બનાવીએ, વિશ્વના સર્વ જીવો પ્રત્યે પ્રેમ વિકસાવીએ, તો તેનાથી પ્રાપ્ત થતાં પરમાનંદની પાસે અન્ય સર્વ વૈષયિક આનંદો સૌને તુચ્છ જ લાગશે.

અનંત શક્તિશાળી ઈશ્વરના સ્મરણ-ચિંતન-દર્શન
વડે મનુષ્યોનું સૌજન્ય વધે છે.

'તું કર ઈશ્વરને પ્યાર, એ છે સર્વ શાસ્ત્રોનો સાર.'

(૭૫) 'સમસ્ત જગતનું શિવ થાઓ, સર્વ પ્રાણીઓ પરહિત રત બનો, સર્વ દોષો નાશ પામો, સર્વ લોક સર્વત્ર સુખી થાઓ' એ વિચાર મનપુણ્ય રૂપ છે.
વચનપુણ્ય, કાયપુણ્ય, અન્નપુણ્ય અને ધનપુણ્ય એ જેમ પુણ્ય છે, તેમ મન પુણ્ય પણ પુણ્ય છે.

પવિત્ર વચન-કાયા-ધન અને અન્ન વડે જેમ પરની પીડા નાશ પામે છે, તેમ પવિત્ર મન પણ પરપીડાનો નાશક થાય છે. તે પાંચે વસ્તુનો સદુપયોગ પરને ઉપકારક અને સાથે પરને સુખની ઉત્પત્તિરૂપ પણ થાય છે. સ્વોપકાર પરપીડાપહારક છે, પરોપકાર પીડાપહારની સાથે પર-સુખોત્પાદક પણ છે. પરપીડા નિવારણ માટે મન, વચન, કાયા વગેરેની પવિત્રતા પણ આવશ્યક છે.

પવિત્રતા વડે જે ઉપકાર થાય, તે સત્ક-શક્યતા છે.
અપવિત્ર ધન-અન્ન-કાયા-વચન-મન વડે
પરોપકાર અથવા પરપીડાનો અપચાર પણ થતો નથી.
જો શરીરનો સદુપયોગ ન થાય તો
રોગ અને વિકારોની વૃદ્ધિ થાય.
જો ધનનો સદુપયોગ કરવામાં ન આવે તો
મમતા અને લોભની વૃદ્ધિ થાય.
જો અન્ન-વચન અને મનનો સદુપયોગ
ન થાય તો તે સઘળા નાશ પામે.
પ્રાપ્ત વસ્તુઓના સદુપયોગ વિના
તેનો દુરુપયોગ અટકી શકતો નથી.
વસ્તુની પ્રાપ્તિ માટે જેમ પવિત્રતા જાળવવા આવશ્યક છે,
તેમ પ્રાપ્ત વસ્તુના રક્ષણ-વૃદ્ધિ માટે અને
હાનિને અટકાવવા તેના સદુપયોગની આવશ્યકતા છે.
સદુપયોગ વિના વસ્તુ ટકતી-વધતી-ફરીવાર મળતી નથી.
કોઈપણ વસ્તુનો સદુપયોગ તે તે વસ્તુના દાનમાં રહ્યો છે.
મનનું દાન-સદુપયોગ એટલે સર્વના સુખનો વિચાર.
તે જેટલો સ્થિર થતો જાય છે, તેટલો પ્રાપ્ત મનનો
સદુપયોગ થાય છે, જે વડે ઉત્તરોત્તર શુભમનની પ્રાપ્તિ

આથી સર્વ ઈન્દ્રિય ને અવ્યાબાધ સુખલાભ થાય છે.

મોક્ષનાં અનુત્તર સુખનું સાધન

અનુત્તર ધન આદિ નહિ પણ અનુત્તર મન છે.
ધનાદિનું દાન મનને શુદ્ધ બનાવવાનું સાધનમાત્ર છે.
મન શુદ્ધ ન રહે તો તે સાધનને બદલે બાધક બને છે.
મનઃશુદ્ધિનો ઉપાય પણ જરૂર છે, તેથી મન પોતે તો
શુદ્ધ બને જ છે અને અન્ય સાધનો પણ શુદ્ધ બને છે.
અન્ય વસ્તુના અનુપયોગ કે અસદુપયોગ વડે તેટલી
હાનિ થતી નથી, જેટલી મનના અનુપયોગાદિ થાય છે.

સર્વ વસ્તુઓના સામર્થ્ય કરતાં
મનનું સામર્થ્ય અધિક અને અચિન્ત્ય માન્યું છે.

મુંડસ્થળ, જેઠ સુદી ૧૯

(૭૫) ચંદન શીતળતા આપે, અગ્નિ શીતને હરે,
ચિન્તામણિ ઈચ્છિત આપે. એ વસ્તુનો સ્વભાવ છે.
ચંદન ઘસે એને અધિક શીતળતા આપે,
અગ્નિ એના વિધિપૂર્વક સેવનારને તત્કાલ ફળ આપે,
એમ ચિન્તામણિ પણ તેના સેવકની ઈચ્છા પૂરે, એટલા
માત્રથી ચંદનને ન ઘસનાર, અગ્નિની નજીક ન જનાર કે
ચિન્તામણિ પાસે ઈચ્છાને ન પ્રાર્થનારને ચંદન, અગ્નિ

કે ચિન્તામણિ કાંઈપણ ફળ આપનાર નહિ, એમ ન કહેવાય. નિશ્ચયનું સેવન લાભ કરે છે એ વાત જેટલી સત્ય છે, તેટલું જ કે તેથી પણ અપેક્ષાએ અધિક સત્ય એ છે કે તે તે વસ્તુઓમાં તે તે જાતિના સ્વભાવ રહેલાં છે, કે જે સ્વભાવ પોતાનું કાર્ય કર્યા કરે છે. વિશ્વના એક દેશમાં પોતાનું કાર્ય કરનાર વસ્તુ વિશ્વમાં કાર્ય કરે છે, એવો વ્યવહાર કરવો એ યથાર્થ છે, જરૂરી છે, તે વિના તે તે પદાર્થ પ્રત્યે આત્મહિત કે ભક્તિ જાગતાં નથી અને ભક્તિ જાગ્યા વિના પદાર્થ ફળદાયી થતાં નથી.

ભક્તિ જગાડનાર વ્યવહારને નિરૂપયોગી યા
અલ્પ ઉપયોગી જણાવવાની કોશિષ કરવી,
તે માર્ગનો વિલોપ કરવા બરાબર છે.
માર્ગને વિશ્વમાં ટકાવી રાખનાર કેવળ નિશ્ચયનયની
માન્યતા નથી પણ વ્યવહારનયનું સામર્થ્ય છે.
નિશ્ચય એ તત્ત્વ છે, તેમ વ્યવહાર એ માર્ગ છે.
માર્ગ અને તત્ત્વ બંને મળીને કાર્યની સિદ્ધિ કરે છે.
કેવળ તત્ત્વ એ destination છે,
કેવળ માર્ગ એ way છે.
નિશ્ચયદૃષ્ટિ હૃદય ધરી જ, પાળે જે વ્યવહાર.
પુણ્યવંત તે પામશે જ, ભવસમુદ્રનો પાર.

There must be some way to reach the destination. The way is વ્યવહાર and the destination is નિશ્ચય.

(99) ધર્મ બે પ્રકારના છે:

Form and ceremony - દ્રવ્યસ્તવ.

Discipline and power - ભાવસ્તવ.

પુણ્ય નવ પ્રકારે: અન્ન, જલ, લયણ(મકાન), શયન, વસ્ત્ર, મન, વચન, કાયા અને નમસ્કારના દાનનું નવધું પુણ્ય. પ્રથમના પાંચ પ્રકારના પુણ્ય દ્રવ્ય વડે થાય છે, તેથી તે દ્રવ્યસ્તવ રૂપ છે, તેથી તે દ્રવ્યોની શુદ્ધિ જળવાય છે. છેલ્લાં ચાર પ્રકારનાં પુણ્ય મન, વચન, કાયા-ત્રણેના સમુચ્ચયરૂપ નમસ્કાર વડે થાય છે, તેથી ભાવસ્તવરૂપ છે. પ્રથમના પાંચ પુણ્ય બાહ્ય અને છેલ્લાં ચાર આંતર છે.

બાહ્યને દ્રવ્ય કહેવાય, આંતરને અધ્યાત્મ કહેવાય.

મન-વચન-કાયાથી પ્રભુઆજ્ઞા પાળવી તે ભાવસ્તવ છે. તે ત્રણના અને તેમાં પણ મન કે નમસ્કારના સંબંધ વિના આધિભૌતિક દ્રવ્યો વડે ધર્મ કરવો તે દ્રવ્યસ્તવ છે. ભાવથી છૂટું પડેલું દ્રવ્ય કે દ્રવ્યથી છૂટો પડેલો ભાવ નિરર્થક છે. બંનેનો પરસ્પર સંબંધ જળવાઈ રહેવો જોઈએ, તદુપરાંત દ્રવ્યભાવ ઉત્કર્ષ હોવો જોઈએ.

ભાવમાં પણ મન ને મનમાં નમસ્કાર સૌથી શ્રેષ્ઠ પુણ્ય છે.

નમસ્કારમાં 'સર્વનું હું શુભ ચિંતવું છું'

અહીં 'અહં' પણ રહેતો નથી, કિન્તુ...

સર્વનું શુભ ચિંતવવાનો મારો ભાવ પણ મારો નથી,

એ તો દેવ-ગુરુનો છે, તેમના પ્રભાવે જ

નમસ્કારનો ભાવ જાગે છે અને જાગેલો નમસ્કારભાવ

તેમનામાં જ મળી જવાથી સાર્થક થાય છે.

વ્યવહારને ફળીભૂત બનાવનાર તો નિશ્ચય છે, પણ

નિશ્ચયને ઉત્પન્ન કરનાર વ્યવહાર છે. જ્યાં વ્યવહાર

છે નહિ ત્યાં નિશ્ચય ખ=પુષ્પવત્ છે, છતાં ફળ આપવાની

શક્તિ વ્યવહારમાત્રમાં નહિ, પણ નિશ્ચયમાં રહેલી છે.

એ રીતે નિશ્ચય-વ્યવહારનો સમન્વય છે અને

એ જ રીતે દ્રવ્ય-ભાવનો સમન્વય છે.

દ્રવ્યસત્ત્વ એ Forms and ceremonies રૂપ છે.

ભાવસત્ત્વ એ Discipline and power રૂપ છે.

એ બંનેનો પરસ્પર સંબંધ અને

એકબીજાની સાપેક્ષ મુખ્યતા સમજવી તે સાચી સમજણ-

creative understanding છે.

તેના પરિણામે creative knowledge અને

creative movement સર્જાય છે.

(૭૯) 'મૈત્રી-પવિત્ર-પાત્રાદ ।' (પરિશિષ્ટ-૧૪)

સર્વજીવો ઉપર મૈત્રીભાવ વીતરાગ ભગવંતોને હોય છે. તે મૈત્રી હિતચિન્તન રૂપ નહિ, કિન્તુ હિતક્રિયા રૂપ છે.

મૈત્રીના પાંચ પ્રકાર

ઉપકાર મૈત્રી, અપકાર મૈત્રી, વિપાક મૈત્રી,
વચન મૈત્રી, અસંગ મૈત્રી.

વીતરાગ ભગવંતોને અસંગ મૈત્રી હોવાથી મૈત્રી તેમનો સ્વભાવ બની જાય છે. અસંગ મૈત્રીના ફળરૂપે મળતા મોક્ષમાં અચિંત્ય મૈત્રી માનવી જોઈએ. તે મૈત્રી જગતનું પરમ હિત કરે છે પણ કેવી રીતે કરે છે, તે સમજવું તો ચિત્તની શક્તિની બહાર છે. મનની મનન શક્તિ બધા પદાર્થોને સમજી શકે તેમ હોતું નથી. મનનો વિષય સામાન્ય છે. પદાર્થોના વિશેષ ધર્મોને મન સમજી શકતું નથી પણ અનુમાન કરી શકે છે. બીજાની હિતચિન્તા પોતાના ઉપકાર માટે કે અપકારથી બચવા માટે કે સારા વિપાક મેળવવા માટે કરવામાં આવે ત્યાં સુધી તે લૌકિક છે. જ્યારે તે વચનની કે તીર્થંકરોની આરાધનાની અથવા તીર્થંકરોના વચન-વિચાર-વર્તનના બહુમાનની ખાતર કરવામાં આવે અને એમ કરતાં-કરતાં જ્યારે તે આત્મસ્વભાવરૂપ બની જાય, ત્યારે તે લોકોત્તર ગણાય છે.

મુક્તિ એ લોકોત્તર મૈત્રીનું ફળ છે.
ધર્માદિ ધન મળે પણ ધન મેળવવા ધર્મ કરવાનો હોતો નથી,
તેમ પરહિતચિંતાથી સ્વહિત થાય છે,
પણ સ્વહિત ખાતર ધર્મ કરવાનો હોતો નથી.
સ્વહિતનું ધ્યેય થયે પરહિતનું કાર્ય નિરાશંસ બનતું નથી,
આશંસા ધર્મને નિષ્ફળ કરનાર-જીવને શલ્યરૂપ છે.
નિઃશલ્ય મૈત્રી એ જ શુદ્ધ ધર્મસ્વરૂપ છે,
તેથી પરહિતનો નિઃશલ્ય અધ્યવસાય એ મૈત્રી છે.

(૭૭) માનવમાત્ર માટે જીવનમાં કેટલાંક ઋણ:
માતૃઋણ, પિતૃઋણ, ગુરુઋણ અને છેલ્લું મહત્ત્વનું તીર્થંકર પ્રભુનું ઋણ સૌ એ અદા કરવાનું હોય છે. માતા-પિતાના ઋણની મુક્તિ તેમની સેવા તેમ જ તેમની આજ્ઞા તથા સદાચારનું પાલન કરવા આદિથી થાય છે. તેમની છેલ્લી અવસ્થામાં તેમનો જીવનકાળ ધર્મમય પસાર થાય તેવી પ્રેરણા અને અનુકૂળતા કરી આપવાથી થાય છે. ગુરુઋણની મુક્તિ તેમને સર્વ સમર્પણથી જ થઈ શકે. તીર્થંકરપ્રભુનું ઋણ 'તેમણે જે ઉગ્ર સાધના વડે તીર્થંકર નામકર્મ નિકાચ્યું અને જે ભાવના આજે પણ વિશ્વમાં અપ્રત્યક્ષપણે કાર્ય કરી રહેલ છે, તેઓના સૂક્ષ્મ પરમાણુને

ભાવદિ ગ્રહણ કરો, તે જ ભાવનાને અખંડ ટકાવી રાખવા
અને ભાવ જગતમાં તેની સંગતી ચાલુ રાખવા'
તે વડે ઉતારી શકાય છે.
અર્થાત્ એ માટે અહર્નિશ પ્રાર્થના કરવી કે:
'વિશ્વના એકેન્દ્રિયાદિ માંડી પંચેન્દ્રિય પર્યન્તના
સર્વ જીવો સુખી થાઓ, સર્વનું કલ્યાણ થાઓ.'
તે વડે તીર્થંકર પ્રભુનું ઋણ ઉતારી શકાય છે.

(80) my beloved is even in my heart.
& even in pulpits of my eyes,
That is why I see Him everywhere.

જીવનધન મમ પ્રભુ - વિચારો સદા વસે મમ ઉરે,
જ્યાં જોઉં ત્યાં નિરખું એને, પાસે શું કે દૂરે...
આંખોની પુતળીમાં પ્રભુ એ, સદા વસે છબી ઘેરે,
જ્યાં જોઉં ત્યાં નિરખું એ, પાસે શું કે દૂરે!

o રોજ પ્રભાતે ઉઠી માંગું તવ પાસ તને હું,
તું જ મારું સર્વસ્વ, પછી હું માંગું અન્ય કાંઈ શું?

There is but one thing,
the world needs with them.
There is but one balm

for all our human use.
There is but one way that leads to
Heaven above, That way
is human sympathy and love.

(૧)ગુરુણા વિ ચરણજોગ ઠિએણ દેઇં વિસુદ્ધભાવેણં ।
ભાવા ભાવ પરૂઢ, પાઇં લોગેવિ સિદ્ધમિઅં ॥૬૬૬॥
ભાવિઅજિણવયણાણં મમત્તરહિઆણ નત્થિ ઉ વિસેસો ।
અપ્પાણંમિ અ' પરં મિ' અ તો વજ્જે પીડમુભઓ વિ ॥૬૬૭॥
- શ્રી પંચવસ્તુની ગાથા-૬૪૬ (પરિશિષ્ટ-૧૫)

અનુકમ્પાદિ અયત્નેન સદૈવ
સામાન્યસાધૂનાં આત્માર્થ-પરાણામિતિ । (પરિશિષ્ટ-૧૬)
સામાન્ય સાધુઓને માત્ર આત્માર્થ તત્પર કહ્યાં છે.

o

(2)may thou destroy the sense of seperateness due to Avidya, which has made me feel that I am only a jiva or a limited soul. make me feel that I am ब्रह्म. make me attain a feeling of unbroken oneness.

(83) 'નમો અરિહંતાણં ।'

સકલ ભાવશત્રુઓનો નાશ કરનારને તથા
શત્રુભાવનો જેમણે નાશ કર્યો છે તેમને હું નમું છું.
શત્રુભાવનો નાશ મિત્રભાવ વડે થાય છે, તેથી
મિત્રભાવને જેમણે સિદ્ધ કર્યો છે, તેમને હું નમું છું.
મિત્રભાવની સિદ્ધિ જીવમાત્રના હિતચિંતનથી થાય છે,
તેથી સર્વજીવની હિતચિંતા ધારણ કરનારને હું નમું છું.

'સર્વ જીવો સુખી થાઓ'

એ ભાવના વડે જીવમાત્રની હિતચિંતા સિદ્ધ થાય છે, તેથી
એવી ભાવનામાં જેઓ સદાકાળ રમે છે, તેમને હું નમું છું.

સર્વ જીવો તો જ સુખી થાય કે જો
તેઓ પણ પરહિતચિંતામાં રક્ત બને,
સર્વ જીવો પ્રત્યે મિત્રભાવ કેળવે,
તે મિત્રભાવ કેળવવા વડે શત્રુભાવનો નાશ કરે અને
શત્રુભાવનો નાશ કરવા વડે ભાવશત્રુઓને જીતે.
'સર્વ જીવો સુખી થાઓ' એટલું જ નહિ પણ
સર્વ જીવો ભાવશત્રુઓને જીતનારા થાઓ,
ભાવશત્રુઓને જીતવા હિંસાદિ દોષોને જીતનારા થાઓ,
હિંસાદિ દોષો જીતવા ક્રોધાદિ દોષો અને ક્રોધાદિ દોષો
જીતવા માટે વિષયાસક્તિ આદિ દોષોને જીતનારા થાઓ,

વિષયાસક્તિ આદિ દોષોને જીતવા સર્વજ્ઞ
સર્વ જીવોને સુખી કરવાની ભાવનાવાળા થયા,
તે માટે સર્વ જીવોને સુખી કરવાની ભાવના વડે જેઓ
અરિહંત પદને પામ્યા છે, તેમને હું નમું છું.

(૯) વિષયાસક્તિની જડ તો સ્વસુખની વાસના છે. સર્વના સુખની ભાવનાથી સ્વસુખની એકાંત વાસનાનો નિરાસ થાય છે, તેથી સર્વના સુખની ચિંતા એ જ ધર્મનું મૂળ છે. તેથી જ મન-વચન-કાયા પણ પવિત્ર બને છે.
તે ત્રણેય પવિત્ર બનવાથી અન્ન-વસ્ત્ર-સ્થાન અને
એ ત્રણેયના કારણભૂત ધન પણ પવિત્ર બને છે.
મનની પવિત્રતાથી સર્વની પવિત્રતા તથા
મનની મલીનતાથી સર્વની મલીનતા થાય છે.

મનને નિર્મળ બનાવવું તે ધર્માત્માનું પ્રથમ કર્તવ્ય છે. એ નિર્મળ ન બને ત્યાં સુધી જેઓનું મન નિર્મળતમ બન્યું છે, જેઓના અંતરમાંથી સ્વસુખના વિચારે વિદાય લીધી છે, જેઓ સર્વના સુખના વિચારમાં તલ્લીન બન્યા છે, તેઓને નમન-વંદન-સ્તવન-પૂજન કરવા યોગ્ય છે. તેથી સર્વ પુણ્યોમાં શિરોમણિભૂત મન પુણ્ય અને તેમાં પણ શિરોમણિભૂત નમસ્કાર પુણ્યની સિદ્ધિ થવાથી મન

નિર્મળ બને છે, જેથી સર્વવસ્તુની નિર્મળતા સધાય છે.

'આ જગતમાં સૌથી અધિક ઉપકાર નિર્મળ મનવાળા મહાપુરુષોથી થાય છે, થયો છે અને થશે' એ વિચાર ઉપરની શ્રદ્ધા જેઓની મક્કમ છે, તેઓ જ શ્રી નમસ્કાર મંત્રના સાચા અધિકારી બની શકે છે. તે બનવા માટે મનમુદ્દની શ્રેષ્ઠતા સ્વીકારવી જોઈએ. મનમુદ્દ એટલે મનની પવિત્રતા, નિર્મળતા, શુદ્ધિ કે જે ગાંઠ કરી. તે સર્વના સુખની, સર્વના હિતની, સર્વના કલ્યાણની કામના વડે થાય છે. તે કુશળ મન વડે થાય છે, તો પણ તેની અસર વચન ઉપર, તન ઉપર, ધન ઉપર પડે છે અને તે બધાની અસર સમગ્ર વિશ્વ ઉપર પડે છે.

એ રીતે અલ્પ પ્રયાસે બધુ કાર્ય કરનાર
કોઈપણ કારણ હોય તો તે
'શિવમસ્તુ સર્વ જગતઃ।'ની
મનમાં ઉત્પન્ન થતી ઉદાત્ત ભાવના છે.

(૯૦) મનની પવિત્રતા એમ બાહ્ય બધી વસ્તુની પવિત્રતાનું સાધન છે, તેમ સાધ્ય પણ છે. મનની પવિત્રતા સાધવા માટે બાહ્ય બધી વસ્તુઓની પવિત્રતા એ સાધન છે. પવિત્ર મન માટે પવિત્ર તન અને પવિત્ર તન માટે

પવિત્ર અન્ન જોઈએ. પવિત્ર અન્ન માટે ધન અને તેને ઉપાર્જન કરવામાં સાધન પણ પવિત્ર જોઈએ. એ રીતે મનની પવિત્રતા સાધ્ય અને સાધન પણ છે, તેમ મનને નિર્મળ કરવામાં બધાં સાધનોની શુદ્ધિ પણ જાળવવી જોઈએ અને એ સાધનોની શુદ્ધિ ટકાવી રાખવા માટે મનની નિર્મળતા પણ ટકાવી રાખવી જોઈએ.

નિર્મળતા માટે 'શિવમસ્તુ સર્વ જગતઃ।'ની ભાવના સર્વોત્તમ સાધન છે.

એથી પણ ચઢીયાતું સાધન એ ભાવનાવાળા મહાપુરુષોને દ્રવ્યથી અને ભાવથી કરાતું સતત નમન છે.

(૮૫) જેના હૃદયમાં નમસ્કારનો ભાવ નથી, તેના હૃદયમાં તિરસ્કારનો ભાવ છે. શ્રી પંચ પરમેષ્ઠિઓના આત્માઓમાં કોઈપણ જીવ પ્રત્યે તિરસ્કારનો ભાવ રહેતો નથી, એટલે તત્ત્વથી નમસ્કારનો ભાવ રહેલો છે.

નમસ્કારભાવ તિરસ્કારભાવનો વિરોધી છે.

તિરસ્કારભાવની ઉત્પત્તિ અહંકારભાવમાંથી છે.

કોઈપણ જીવ પ્રત્યે તિરસ્કારનો ભાવ રહેલો છે, ત્યાં સુધી સમજવું કે હૃદયમાં કોઈ સ્થળે અહંકારભાવ છે જ.

અહંકારભાવ તિરસ્કારભાવને પેદા કરે છે.

તે નમસ્કારભાવને પ્રવેશ પામતાં અટકાવે છે.
નમસ્કારભાવના વિરોધિ તિરસ્કારભાવને કાઢવા અહંકાર
ભાવ કાઢવો જોઈએ, જેનો વિરોધિ સમર્પણભાવ છે.
જેના હૃદયમાં કોઈપણ જીવ પ્રત્યે તિરસ્કારભાવ
રહ્યો નથી, એવા પંચપરમેષ્ઠિ પ્રત્યેના
નમસ્કારભાવના પ્રભાવે સમર્પણભાવ પ્રગટે છે.
સમર્પણભાવથી અહંકારભાવ જાય છે,
તિરસ્કારભાવ જાય છે - સાચો નમસ્કારભાવ આવે છે.
તે લાવવા માટે તિરસ્કારભાવ જવો જોઈએ તથા
એ માટે અહંકારભાવ પણ જવો જોઈએ.
અહંકારભાવ જવા માટે સમર્પણભાવ આવવો જોઈએ.
તે માટે આજ્ઞાપાલનનો અધ્યવસાય પ્રગટાવવો જોઈએ.
તે લાવવા તીર્થંકરત્વની મહાસત્તાનો સ્વીકાર કરવો.
'ધર્મમહાસત્તાની આજ્ઞા નીચે સમગ્ર વિશ્વ પ્રવર્તી રહ્યું છે,'
તેવો વિશ્વાસ દૃઢ થવો જોઈએ, જેના પરિણામે
ધર્મમહાસત્તાની વિરુદ્ધ જવું વસમું લાગવું જોઈએ.
ધર્મમહાસત્તાના ભયથી ધર્મપ્રેમ પ્રગટે છે.
ધર્મપ્રેમના પ્રભાવથી
આજ્ઞાપાલનરૂપ સમર્પણભાવ પ્રગટે છે.

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ।

આબુ રોડથી એક માઈલ દૂર-માનપુર, જેઠ વદી ૨

(૯) તિરસ્કારભાવનું નિવારણ નમસ્કારભાવથી તથા
અહંકારભાવનું નિવારણ સમર્પણભાવથી થાય છે.
સમર્પણભાવની સિદ્ધિ આજ્ઞાપાલનના અભ્યાસથી થાય છે.
નમસ્કારભાવ પ્રીતિ અને ભક્તિનો ભાવ પેદા કરે છે.
સમર્પણભાવ આજ્ઞા અને અસંગનો ભાવ પેદા કરે છે.
આજ્ઞા અનુગ્રહ-નિગ્રહને સૂચવે છે.
આજ્ઞા તેના પાલકને અનુગ્રહ અને ભંજકને નિગ્રહ કરે છે.
જેઓની આજ્ઞાપાલનથી અનુગ્રહ-ખંડનથી નિગ્રહ થાય,
તેઓ આજ્ઞૈશ્વર્યને ધારણ કરનારા છે.
એવું આજ્ઞૈશ્વર્ય જેઓમાં છે, તેઓ ત્રિભુવન અધિપતિ,
ત્રણ ભુવનના સામ્રાજ્યવાળા - ત્રિભુવન ચક્રવર્તી છે
અને આપોઆપ ફલિત થાય છે.
સમગ્ર વિશ્વ તેમની આજ્ઞા નીચે પ્રવર્તી રહ્યું છે,
તેથી સમગ્ર વિશ્વ તેમની પ્રજાના સ્થાને છે.
અરિહંતાદિની આજ્ઞા સમજવા આગમનું અધ્યયન-શ્રવણ
કરવું જોઈએ. જ્ઞપરિજ્ઞા અને પ્રત્યાખ્યાન પરિજ્ઞા વડે
તેનું નિત્ય પાલન કરવું જોઈએ.

આજ્ઞાને દર્શાવનાર બીજો શબ્દ 'શાસન' છે.
શાસન અને આજ્ઞા એકાર્થક છે.
જૈન એ કેવળ દર્શન, તત્ત્વજ્ઞાન, આચાર કે ક્રિયાનું નામ નથી, પણ એક શાસનનું નામ છે.
'શાસન' એટલે શિખામણ કે હિતશિક્ષા આપનાર તે વિરુદ્ધ જનારને શિક્ષા-અનુકૂળ વર્તનારનું રક્ષણ કરનાર છે.
'શાસ્' ધાતુ 'શાસન' અથવા શિક્ષા અર્થમાં છે.
જૈન એ શિક્ષા કરનારું, 'શાસન' કરનારું, અપ્રતિહત આજ્ઞા ચલાવનારું તત્ત્વ છે, તેથી તે સ્વચ્છંદતા છોડી આજ્ઞાપરતંત્ર બનવાની શિખામણ આપે છે. 'આજ્ઞાને પરતંત્ર બન્યા વિના સ્વતંત્ર થઈ શકાતું નથી' એવી હિતશિક્ષા આપે છે. પોતાને આધીન રહેનારનું રક્ષણ કરનાર અને આધીન ન રહેનાર અનર્થનો ભાગી થાય છે, એ પણ સૂચવે છે. જેણે જૈનધર્મના અનુયાયી બનવું છે, તેણે સ્વચ્છંદતા છોડી, સ્વમતિ કલ્પનાને અવગણી, શાસ્ત્રાજ્ઞા મુજબ જીવન જીવે તો જ તે આરાધક બની શકે. મોક્ષનો માર્ગ અતીન્દ્રિય છે, તેથી મન-ઇંદ્રિય કે બુદ્ધિ વડે પકડી શકાતો નથી, માત્ર આજ્ઞા વડે ગ્રાહ્ય બને છે. આજ્ઞાપ્રધાન બનવાથી બેવડો લાભ થાય છે: સ્વચ્છંદતા મટે છે અને અતીન્દ્રિયવસ્તુનું

ગ્રહણ થાય છે, અહંકાર છૂટે છે અને અર્હંકાર આવે છે.
સ્વની પકડમાંથી મુક્ત થઈ સર્વહિતનું કાર્ય શરૂ થાય છે.
'હું' મટીને 'આપ' અને 'આપ' મટીને 'તે' સુધી પહોંચાય છે.
ત્યાં સુધી પહોંચવાનો બીજો કોઈ માર્ગ છે જ નહિ.
આજ્ઞાપારતંત્ર્ય, શાસન વાત્સલ્ય, સ્વમતિ વિસર્જન,
સર્વમતિ સર્જન, અર્હંમતિ વિલીનતા આવશ્યક છે.

(૮૮) અર્હંતનું શાસન કહે છે કે મનને શુદ્ધ બનાવવા માટે 'શિવમસ્તુ સર્વજગતઃ'ની ભાવનાને ઘૂંટ્યા કરો. જન્મને સફળ કરવા પંચપરમેષ્ઠિ નમસ્કારને કંઠને વિષે ઘૂંટ્યા કરો. તન-ધન-વચનને સાર્થક કરવા તેને પવિત્ર બનાવો, પુણ્યના માર્ગે વાપરવા માટે તત્પર રહો. બાહ્ય-અભ્યંતર વિભૂતિ ધર્મમાર્ગે પ્રાપ્ત કરો - ધર્મમાર્ગે ખર્ચીને સાર્થક કરો.

એ વિભૂતિનો સન્માર્ગે વ્યય કરવો એ સંવર છે.
અસન્માર્ગે વ્યય કે માત્ર સંચય કરવો એ આસ્રવ છે.
મળેલ વસ્તુને અસન્માર્ગે ખરચશો કે સન્માર્ગે નહિ
વાપરશો, તો તે ભવમાં ભટકાવનાર આસ્રવરૂપ થશે.
વસ્તુને મેળવવા માટે સન્માર્ગને નહિ છોડો અને
મળેલ વસ્તુને સન્માર્ગે ખર્ચશો તો સંવર થશે.
આસ્રવો ભવ હેતુઃ સ્યાત્, સંવરો મોક્ષ કારણમ્ ।
અર્થાત્ આસ્રવ સંસારનું - સંવર એ મોક્ષનું કારણ છે.

(૯) To tune with infinite means to feel the presence of God

અર્હત્ સર્વોચ્ચતાશિખરે રહ્યા તીર્થંકર ભગવંતોની ભાવના સાથેના માહાત્મ્યનું અનુભવન.

Cosmic Order is an other word for 'આજ્ઞા'. Law of Sacrifice is 'પરાર્થરસિકતા'. Cosmic obligation is ઋણતા of સમષ્ટિપરમાત્મા for receiving individual freedom of sentiment, thought and action.

'હું કરું છું' એ વૃત્તિ જ્યાં સુધી જીવી છે ત્યાં સુધી બંધ છે,
'હું આજ્ઞા પાળું છું' એ વૃત્તિ આવે એટલે નિર્જરા છે.
એકમાં 'અહંકાર' છે - બીજામાં 'ભક્તિ' છે.

Positive action is more powerful than positive thinking.

જે કાંઈ કરો તે આજ્ઞા પાળવાની બુદ્ધિએ કરો તો નિર્જરા એકલી છે, કારણ કે તેમાં અહંકાર રહેતો નથી. અહંકારનો નાશ 'હું કર્તા નથી' એ ભાવના વડે શક્ય નથી, પણ 'હું આજ્ઞા પાળું છું' એ બુદ્ધિ વડે નાશ પામે છે.

તીર્થંકરોની આજ્ઞા પાલન એ પરમધર્મ છે...
મારે એ જ ધર્મ છે, બીજો કોઈ ધર્મ નથી.

'આણાએ ધમ્મો |' ધર્મ આજ્ઞાપાલનમાં છે.
સત્ક્રિયા પણ જો આજ્ઞાપાલનની બુદ્ધિ નહિ, તો તે મુક્તિ હેતુક વિશુદ્ધ નહિ, કિન્તુ અહંકારમિશ્રિત મલીન ધર્મ છે, જે સંસાર સર્જનનું કારણ તો બને પણ મોક્ષકારણ ન બને. ધન એમ કષાયવૃદ્ધિમાં હેતુ છે, તેમ ધર્મ પણ મમત્વ બુદ્ધિએ કરવામાં આવે તો કષાયવૃદ્ધિનું જ કારણ થાય છે. ધર્મના શલ્યરૂપ અહંકારસહ કરાતો ધર્મ ફલીભૂત ન થાય.

નિદાનશલ્ય : ધર્મનું ફળ ઈચ્છવું તે.
મિથ્યાત્વશલ્ય : ધર્મનું ફળ ન માનવું તે.
માયાશલ્ય : ધર્મ અહંકારસહિત કરવો તે.

ત્રણે પ્રકારના શલ્યનું નિવારણ એ તીર્થંકરની આજ્ઞાના પાલનના અધ્યવસાયથી થઈ જાય છે. તીર્થંકર દેવોએ કહેલો ધર્મ અવશ્ય ફલીભૂત થાય છે. તીર્થંકરોની આજ્ઞાનું પાલન એ જ મોટું ફળ છે. ધર્મ તીર્થંકરોનો હોવા છતાં તેમનું વિસ્મરણ કરવું અને એક પોતાનું જ સ્મરણ કાયમ રાખવા રૂપી માયાનું નિવારણ તો જ થાય કે ધર્મ કરતી વખતે ધર્મને ઉપદેશનારા તીર્થંકર પરમાત્માઓની સ્મૃતિ કાયમ રહે.

'शास्त्रे पुरस्कृते तस्माद् वीतरागः पुरस्कृतः ।
पुरस्कृते पुनस्तस्मिन् नियमात्सर्व सिद्धयः ॥'

(પરિશિષ્ટ-૧૭)

માયા એટલે અસત્ય, સત્યનો નિહ્નવ, સત્યનો અપલાપ.
પુત્ર પિતાનું નામ છુપાવે, સતી પતિનું નામ ગોપવે, શિષ્ય ગુરુનું નામ પ્રગટ ન કરે, તો તે એમ માયા છે અને બાપનું નામ બદલાવે તો એમ મૃષાવાદ-ચોરી કે વ્યવહારનો વિલોપ છે, તેમ ધર્મ કરનાર ધર્મના સ્થાપક, નાયક કે ચક્રવર્તીનું નામ ગોપવે-બીજાના નામે ચઢાવે, તો તે પણ માયા-મૃષાવાદ-ચોરી-અશુદ્ધ વ્યવહાર કે વિશુદ્ધ વ્યવહારનો વિલોપ છે. ભલે કે એ ચોરબજારના માલને શાહુકાર બજારમાં ખપાવવાનો કે બાપનું નામ ફેરવવાનો કે પોતાની જાતને અસત્ય રીતે ઢાંકવાનો પ્રયાસ છે.

વ્યવહારશુદ્ધિ એ જ નિશ્ચયશુદ્ધિનો ઉપાય છે. એમ જેનો વ્યવહાર શુદ્ધ નથી, તેનું આંતર શુદ્ધ નથી, તેમ ધર્મવ્યવહારમાં જે કાંઈ ધર્મ કરવામાં આવે, તે તીર્થંકર દેવનો કહેલો છે, તેમ કબૂલ રાખવામાં ન આવે અને તેમણે જે ઉપાયો કરવાને કહેલો છે, તે ઉપાયો કરવાને બદલે જો સ્વઅહંકાર પોષવા અર્થે કરવામાં આવે તો તે અવશ્ય ચોરી છે, ગુન્હો છે, અપરાધ છે. અહંકાર પોષવાને અર્થે ધર્મ કરવાને કહેલો નથી, કિન્તુ કષાય કાપવાને માટે, કર્મને નિર્જરવા માટે, ભવબંધનથી

મુક્ત થવાને માટે કરવાને કહેલો છે, તે હેતુ તો જ સિદ્ધ થાય કે ધર્મ કરતી વખતે તીર્થંકરદેવની આજ્ઞાનું પાલન કરવાનો નિર્મળ આશય હોય, તેથી માયાશલ્ય ટળે છે.

આજ્ઞાપાલનના અધ્યવસાયથી જ સર્વ કાર્યની સિદ્ધિ છે.

ધર્મના ફળમાં સંદેહ કરવાનો નથી.

ધર્મ કરીને બીજું ફળ ઇચ્છવાનું નથી.

તીર્થંકરદેવના ધર્મને પોતાના નામે ચઢાવવાનો નથી.

પોતાની શક્તિને યોગ્ય કોઈપણ પ્રકારનો ધર્મ કરતી વખતે પોતે તીર્થંકરદેવની આજ્ઞાપાલન કરવારૂપ પરમ કર્તવ્ય બજાવી રહ્યો છે, તેનું પ્રણિધાન આવશ્યક છે.

ધર્મનું મૂળ તીર્થંકર દેવ છે, ધર્મનું ફળ મોક્ષનું સુખ છે,

ધર્મનું સ્વરૂપ આજ્ઞાનું પાલન છે.

હેતુ, સ્વરૂપ અને અનુબંધ ત્રણેથી શુદ્ધ એવો

ધર્મ કર્મક્ષયનું અનુપમ સાધન છે.

(૭૦) શ્રુતધર્મની માતા 'ત્રિપદી' છે.

ચારિત્રધર્મની માતા 'સમિતિ-ગુપ્તિ' છે.

સમિતિ-ગુપ્તિનું પાલન ચતુર્વિધ સંઘની રક્ષા કરે છે.

ત્રિપદીનો વિચાર સમિતિ-ગુપ્તિના પાલનમાં ઉત્સાહ પૂરે છે.

તીર્થંકરદેવો ગણધરોને ત્રિપદીનું સૂત્રરૂપે દાન કરે છે,

માટે તેઓ ઉપાસ્ય પણ છે.

વિશ્વને તે સૂત્રના અર્થનું દાન કરે છે માટે આચાર્ય છે.
અપ્રમત્તપણે સમિતિ-ગુપ્તિનું પાલન કરે છે માટે સાધુ છે.
તેઓ ફળરૂપે સિદ્ધપદ મેળવે છે માટે સિદ્ધ છે.
ચતુર્વિધ સંઘને સ્થાપે છે માટે તીર્થંકર છે.

ત્રિપદીનું જ્ઞાન, શ્રદ્ધાન, સમિતિ-ગુપ્તિનું પાલન અને ધ્યાન કરે છે, માટે જ્ઞાન - દર્શન - ચારિત્ર - તપસ્વરૂપ પણ પોતે જ છે. જો આપણે એટલું સમજી લઈએ કે 'નવપદમાં અરિહંત છે અને અરિહંતમાં નવપદ છે' તો 'અરિહંતમાં આત્મા છે અને આત્મામાં અરિહંત છે' એ પણ સમજાઈ જાય છે. સિદ્ધચક્રના ધ્યાનથી નવપદના, તેના ધ્યાન ઉપરથી પંચ પરમેષ્ઠિના, તેના ધ્યાન ઉપરથી અરિહંતના અને તેના ધ્યાન ઉપરથી જ્યારે આત્મધ્યાન ઉપર અવાય, ત્યારે નિર્વિકલ્પ સમાધિની સિદ્ધિ થાય છે.

(૫૧) Perhaps ordinary human mind cannot value it. આ ભાવના પ્રાપ્ત થવી, પ્રાપ્ત થાય તો સમજવી, સમજાય તો તે પ્રત્યે બહુમાન થવું અને બહુમાન થાય તો પણ Cosmic Orderનું આ 'એક માત્ર' પરમરહસ્ય છે, એવું deepermost feel થવું દુર્લભ છે. આ ભાવના એક દૃષ્ટિએ તત્ત્વજ્ઞાનનો પરમ સાર

છે, અત્યંત ગોપનીય ગૂઢરહસ્ય છે, સર્વજ્ઞાન-વિજ્ઞાનની master-key છે, મુક્તિમાર્ગનું પ્રથમ સોપાન છે.

This is not only most valuable to all, but helpful for advancement in all fields - physical, mental & spiritual. So, we should share this with others & if possible with All. It is necessary to see not only as knowledge but wisdom, not only as intellect but intuition.

નિસર્ગના આ મહારહસ્યને પુસ્તકના પાનામાં જોવું એ જુદું અને અંતરના ઊંડાણમાં દેખવું એ જુદું છે.

(૫૨) Law of Sacrifice is one of the fundamental Cosmic laws. Everything that is helpful in the cosmos is a sacrificial gift from શ્રી તીર્થંકરગણધરાચાર્યાદિ મહાવિભૂતિઓ. The pure souls have given their gifts too.

અંગીકારત્વનો ઉપકાર ગ્રહણ કરવા માટેની પાત્રતા
જીવ સિદ્ધ ભગવંતોની grace વડે જ પ્રાપ્ત કરે છે.
Individuality of the Soul is the greatest gift from સિદ્ધ. From darkness of collectivity, each Soul is able to sense its own individual personality. uniqueness is by the grace of સિદ્ધs. Hence Fatherhood of સિદ્ધ & motherhood of અરિહંત is there!

(૭૩) આત્મા ને વિશ્વની વ્યવસ્થા, 'પરાધીનતા'ના
base (પાયા) ઉપર ચાલે છે.

We have been given so much, so much in order that we may freely participate in, co-operate with and affirm the Cosmic order. આપણા જીવના મહાકાર્યનો સાધના આપી શકાય છે. Only human beings are given this opportunity. Human Soul is free to accept and cherish or to reject & loathe (hate)

any specific sentiment or thought. But once accepted or rejected, he must bear the consequences. Human freedom and Cosmic destiny are so interrelated that only a subtle mind can comprehend this relation. Both are complimentary to each other.

તીર્થંકર દેવોની કરુણા અને સિદ્ધ ભગવંતોનો અનુગ્રહ
એ બંનેનો વિચાર fundamental છે.

(૭)Cosmic facts અથવા Cosmic obligations
એના સમ્યગ્દર્શન કે સમ્યગ્જ્ઞાન વિના
સ્વાર્થત્યાગ કે પરાર્થકારિતા શક્ય નથી.
કરુણા અને પરોપકાર પર જ વિશ્વ ટકી રહ્યું છે.
જો એનું અસ્તિત્વ જગતમાં ન હોત તો...
There would be neither
God nor anything divine.

(૮)ધર્મમાં આલોક-પરલોકના ફળની આકાંક્ષા હોય છે.
લોકોત્તર ધર્મ તેને જ કહેવાય કે જેમાં લોકૈષણા ન હોય,
ઉપકાર, અપકાર કે વિપાકની પણ ખેવના ન હોય.

માત્ર વચનની અપેક્ષા કે અસંગભાવથી રહિત,
એવો નિરાશંસ-શુદ્ધ-લોકોત્તર લક્ષણવાળો ધર્મ તો જ
થાય, જ્યારે જિનેશ્વરની કરુણા પ્રત્યે કૃતજ્ઞતાભાવ
પ્રગટે અને તે ત્યારે જ પ્રગટે કે જ્યારે 'જગતના જીવોની
સર્વ વેદના પોતાની વેદના છે' એવું અનુભવાય.

જ્યાં સુધી જગતના અન્ય જીવોના
સુખ-દુઃખ સાથે પોતાને કાંઈ લેવા-દેવા નથી,
માત્ર પોતાના જ સુખ-દુઃખની ચિંતા કે લાગણી છે,
ત્યાં સુધી જે કાંઈ ધર્મ થાય છે, તે લૌકિક જ રહે છે.

ધર્મને લોકોત્તર બનાવવાની master key
વિશ્વમાત્રના દુઃખ પ્રત્યે દાઝ ઊગવી તે છે.
તે ત્યારે જ ઊગે કે જ્યારે
વિશ્વમાત્રના હિત કે સુખની ચિંતા હૃદયમાં ઊગે
અને તે ત્યારે જ ઊગે કે જ્યારે આત્મૌપમ્યભાવ જાગે.
આત્મૌપમ્યભાવ જ ધર્મને શુદ્ધ બનાવનાર છે.
મહાપુરુષોમાં તે ભાવ સહજ રહે છે.

તેના પરિણામે જ વિશ્વમાં જીવમાત્રને સહાયક સામગ્રી
પ્રાપ્ત થયા કરે છે. તેના પ્રત્યે પોતાનું ઋણ સ્વીકારવું
તે કૃતજ્ઞતાભાવ છે અને તે જ પરાર્થભાવને જાગ્રત કરે છે
અથવા પરાર્થભાવ વડે કૃતજ્ઞતાભાવ જાગ્રત થાય છે.

Both are complimentary to each other.

પોતાની ચિંતા હોય ત્યાં સુધી લૌકિક ધર્મ છે.
સર્વ માટેની ચિંતા ઊગે અથવા તે જેઓના હૃદયમાં છે,
તેઓની આજ્ઞાપાલનનો ભાવ જાગે ત્યારે લોકોત્તર ધર્મ
પ્રારંભાય, તેથી સમ્યગ્દર્શની જ તેનો સાચો અધિકારી છે.
તેને કેવળ પોતાના લોકની જ ચિંતા નથી,
પણ સર્વ જીવની ચિંતા છે,
તેથી તેને ધર્મતીર્થ કરનારને જ દેવાધિદેવ માને,
તેમના સિવાય બીજા કોઈની પણ પૂજા, મુક્તિ ના આપે.
તીર્થંકરદેવની પૂજામાં જ તે ધર્મ માને છે.
પરાર્થકારિતામાં જ તે ધર્મ માને છે, સ્વાર્થકારિતામાં નહિ.
સ્વ એ બંધન છે.
સ્વનો ઉપયોગ સર્વમાં થાય તો જ બંધનથી મુક્તિ મળે.
સ્વને વિસારીને સર્વનું કાર્ય કરનાર હોય તેને જ તે દેવ,
ગુરુ કે ધર્મ માને છે અને તે ગુરુને પૂજનારને જ તથા
તે ગુરુએ બતાવેલા રસ્તે જનારને જ તે 'સંઘ' માને છે.
એવો સંઘ પણ તેને મન તીર્થ છે અથવા તીર્થંકરોને
પણ પૂજ્ય છે. સંઘનું પૂજ્યત્વ પરાર્થકારિતામાં છે અને
દેવ-ગુરુ-ધર્મનું પૂજ્યત્વ પણ પરાર્થકારિતામાં જ છે.

ચંદનની સુગન્ધ સમાન સહજ ધર્મ પરાર્થકારિતાના
પુનઃપુનઃ અભ્યાસથી જ પ્રગટે છે.
સ્વાર્થકારિતા વૃત્તિબાધક છે, તેથી તેને ત્યાજ્ય માની છે.
એટલે જ આલોક-પરલોક અર્થે ધર્મ કરવાનો નિષેધ છે.
કેવળ નિર્જરા કરવા અને સર્વકર્મમાં શિરોમણિભૂત એવા
મોહનીય કર્મના નિબિડ બંધનમાંથી છુટવા નિરાશંસભાવે
ધર્મ કરવાનો છે. ધર્મના ફળમાં શંકા રાખવી નહિ, ધર્મનું
ફળ ઈચ્છવું નહિ અને ધર્મ કર્યા વિસ્મય રહેવું નહિ.
આનું નામ જ 'વચનાનુષ્ઠાન' છે,
અને તેનો અભ્યાસ જ અસંગાનુષ્ઠાનને પમાડનાર છે.
(૪)સર્વના કલ્યાણની ભાવના દ્વારા જ પરમાત્માનું
જોડાણ અને તેમાંથી આત્મસ્વરૂપનો અનુભવ થઈ શકે છે.
તે ભાવના તીવ્રતમ બને ત્યારે
'સવિ જીવ કરું શાસનરસી'ની ભાવના થાય છે.
તે વખતે જ તીર્થંકર નામકર્મ નિકાચીત થાય છે.
ત્રણે ભવ સુધી અરિહંત પરમાત્માના આત્માઓ
સર્વના કલ્યાણની ભાવનામાં ઓતપ્રોત રહે છે.
ચરમ ભવનું તેમનું આખું જીવન સર્વજીવોને
કેવી રીતે ભવસંસારના દુઃખમાંથી મુક્ત કરવા, તે માટેની
વિચારણા અને ઉપાયો યોજવામાં જ પસાર થાય છે.

સમવસરણ, પ્રાતિહાર્યો, ૩૪ અતિશયો એ ત્રીજાભવની સર્વોત્તમ ભાવનાનાં જ ફળ છે, તેવું દર્શાવનારાં પ્રતીકો છે. અસંખ્ય દ્રવ્યઅરિહંતો નિરંતર પ્રાણીમાત્રના કલ્યાણની ભાવના કરી રહ્યા છે. તેની અનુભૂતિ જાણીએ તો આપણું હિત જરૂર થાય. આ ભાવનાના ફળરૂપે તીર્થસ્થાપન છે અને અનેક આત્માઓ ધર્મમાર્ગે જોડાય છે. આ પ્રકારના ધર્મ-ધર્માત્માઓના પ્રભાવથી સૂર્ય-ચંદ્ર નિયમિત ઊગે છે, પૃથ્વી આધાર વિના ટકી રહી છે, વગેરે જગતમાં થઈ રહ્યું છે.

એમ માનવામાં કાંઈ હરકત નથી કે:

અરિહંતોના હૈયામાં રહેલી ભાવનાનો જ આ પ્રભાવ છે. ધર્મના પ્રભાવથી જગતના જીવોને સુખ મળે છે. અરિહંતો ધર્મ પ્રરૂપે છે, તે તેમની ત્રીજા ભવની ભાવનાને સિદ્ધ કરવા અર્થે પ્રાણીમાત્રના કલ્યાણ માટે પ્રરૂપેલો છે, તેથી સર્વને સુખ મળે છે, તે પણ આ ભાવનાનો જ પ્રભાવ છે એમ માની શકાય. જીવોનું નિગોદમાંથી નીકળી મોક્ષ તરફ જવાનું કાર્ય સતત ચાલી રહ્યું છે, તેમાં ય આ ભાવનાની જ અસર અવશ્ય કાર્ય કરી રહી છે.

(૭) સર્વજીવોના હિતની, સુખની, કલ્યાણની ચિંતા અરિહંતોના મનમાં ચાલી રહી છે.

તે જેના અંતરમાં સદા રમી રહેલ છે, તેના અંતરમાં
કષાય-કાલુષ્ય-ઈર્ષા-દ્રોહાદિ દોષ કદી પણ ટકી શકતા નથી,
તેથી ચિત્તમાં સંપૂર્ણ શાંતિ પ્રવર્તે છે.
તે શાંતિ શારીરિક સ્વાસ્થ્યને પણ પોષનાર બને છે.
નિષ્કામ કર્મયોગમાં રહેલ નિષ્કામતાનો અર્થ છે:
સ્વાર્થે નહિ પણ સર્વાર્થે. સર્વ માટેની કામના કર્યા
વિના સ્વ માટેની કામના દૂર થતી નથી. પરમાત્મતુલ્ય
આત્મભાવ પરમ પુરૂષાર્થ-મનુષ્યજન્મનું પરમ ધ્યેય છે.
આત્મભાવ એ મેળવવાની ચીજ નથી,
એ માટે કોઈ પ્રયત્નની જરૂર નથી.
આત્મા આત્મસ્વરૂપે છે જ, તે પરસ્વરૂપ થતો નથી,
માત્ર માયા અને મિથ્યાત્વમોહનીય કર્મના
આવરણ વડે આત્માનું વિસ્મરણ થયું છે.
તે માયાને તરવાનું અને આવરણને દૂર કરવાનું એકનું એક
પરમ સાધન ઈશ્વરાનુગ્રહ છે, પરમેશ્વરની કૃપા છે. એ
કૃપા તેમના શરણાદિ-ભક્તિથી મળે છે, તેથી એક ઈશ્વર
ભક્તિ વડે જ માયા તરી શકાય-મિથ્યાત્વમોહ ટળી શકે છે.
'નમો અરિહંતાણં'નો જાપ આત્મભાવના અધિકારી
બનવા માટે સહાયક થાય છે, પરંપર સાધન છે.

'સોહં'નો જાપ અને વિચાર એ અનંતર સાધન છે.

'ૐ અર્હં નમઃ'નો જાપ પરંપર સાધન છે.

નિષ્કામ કર્મ એ પરંપર પરસાધન છે, જેમ કે:
સતતાભ્યાસ, વિષયાભ્યાસ અને ભાવાભ્યાસ. આત્મભાવનાં
ગુરુકૃપાથી, શાસ્ત્રકૃપાથી અને પરમેશ્વરનો અનુગ્રહ
આલંબન indication તરીકે આવશ્યક છે, અનિવાર્ય
છે, તે ત્રણની સહાય વિના આત્મભાવની પ્રાપ્તિ અશક્ય છે,
જેમ ભૂલા પડેલ પોતાના ઘરનું આલંબન પોતે
જાણના કથનથી જ પામી શકે છે, ઓળખી શકે છે.

૦ આણવમલ-સ્થૂલશરીર, માયિકમલ-સૂક્ષ્મશરીર,
કાર્મિકમલ-કારણશરીર અનુક્રમે સર્વકર્તૃત્વ,
સર્વજ્ઞત્વ અને સ્વાતંત્ર્ય શક્તિને રોકે છે.

રીટડા, જેઠ વદી ૬,

ત્રણ જિનમંદિરો: પાર્શ્વનાથ, આદિનાથ, મહાવીરસ્વામી

(ઘટ) દાનાદિ કોઈપણ ધર્મકૃત્ય કરતી વખતે 'હું સઘળું
કરી શકતો નથી, મારી શક્તિ અલ્પ છે. શુભે યથાશક્તિ
રતનીરક્ષ ર્થ ન્યાયથી મારી અલ્પશક્તિને ગોપવ્યા
વિના મારી સામે જે શુભકાર્ય રહેલું હોય, તેને શક્તિ
મુજબ કરવું જોઈએ, અન્યથા મને જન્માંતરમાં તે શક્તિ
મળે નહિ અને મળેલી શક્તિ માટે હું અપાત્ર ઠરું, અપાત્રતા

ટાળવા, પાત્રતાને ટકાવી રાખવા તથા વિકસાવવા માટે
મારે યથાશક્તિ પુરુષાર્થ કરવું જોઈએ.
આવા કર્તવ્ય બુદ્ધિ અને જિનેશ્વર દેવોની આજ્ઞાના
પાલનની શુદ્ધ બુદ્ધિથી જે કાંઈ સત્કર્મ કરવામાં આવે
તેમાં છઠ્ઠું મનઃપુણ્ય અને નવમું નમસ્કાર પુણ્ય
ગર્ભિત રીતે રહેલું જ હોય છે.

કર્તવ્ય કર્મમાં નવે પ્રકારના પુણ્ય ગર્ભિતપણે સમાયેલાં
હોય જ છે, તેમાં પણ ખાસ કરીને સવળું કરી શકવાની
આશક્તિના કારણો શક્તિ મુજબ કરવું તથા
પરમાત્માની આજ્ઞાપાલનની વિશુદ્ધ બુદ્ધિ કરવું
એ જ ખરેખરી મનઃશુદ્ધિ અને ખરેખરી નમસ્કાર છે.
તેને ભાવપુણ્ય અને ભાવનમસ્કાર કહેવામાં હરકત નથી.

(૭) <u>અહિંસા, દયા અને કરુણાની જ્યોત ઘટ-ઘટમાં
સમાયેલી છે. હૃદય જ્યારે પણ જાગે છે, ત્યારે એ કરુણાને
જ માગે છે અને અહિંસારૂપી ખોરાક જ એને ભાવે છે.</u>
વિશ્વના સમસ્ત જીવો સાથે મૈત્રીનો સંબંધ બાંધવાની
ઉદ્ઘોષણાની આધારશીલા હૃદયમાં રહેલી મહાકરુણાવૃત્તિ
અને જીવમાત્રના અંતરમાં છુપાયેલી સદ્વૃત્તિ ઉપરની
આસ્થા છે. આ મહાકરુણા ઉપરની આસ્થા જ ધર્મનો
આધારસ્તંભ છે.

વ્યક્તિ અને સમષ્ટિના જીવનમાં
એને સાકાર કરવા એ ધર્મનું મુખ્યકાર્ય છે.
ધર્મપાલન અને પ્રચારનો હેતુ પણ એ જ છે.
માનવના હૃદય ઉપરની અડગ શ્રદ્ધા એ
અહિંસા, કરુણા અને માનવસુખનો મુખ્ય પાયો છે.
ઈશ્વરની ઉદાત્તભાવના અને
વીતરાગભાવનો પાયો પણ એ જ છે.
સર્વકાળના મહાપુરુષો હૃદયની શક્તિ અને
હૃદયપલ્ટાની નિશ્ચિતતા ઉપર અવિચલ શ્રદ્ધા ધરાવે છે.
ધર્મ અને ધર્મક્રિયા વડે જેટલે અંશે જીવનશુદ્ધિ,
વ્યવહારશુદ્ધિ અને આત્મશુદ્ધિ નિષ્પન્ન થાય
તેટલે અંશે તેની સાર્થકતા છે.
બાહ્ય દેખાવો ઉપર માનવનું મન વધારે કેન્દ્રિત બને,
ત્યારે અંદરની સાચી શક્તિ કે શુદ્ધિ તરફ
આપમેળે ઉપેક્ષા સેવાઈ જાય છે.
ધર્મનો સાચો સંબંધ અભ્યંતર ભાવની સાથે છે.
ધર્મસાધન વડે બાહ્યમાંથી અભ્યંતર અને
સ્થૂળમાંથી સૂક્ષ્મ તરફ આગળ વધવાનું છે.
ધર્મ એ વહેતી સરિતાની જેમ સૌ કોઈનું
કલ્યાણ કરવાનું સામર્થ્ય ધરાવે છે.

(૧૦૦) નમસ્કારનું પ્રાકૃતરૂપ 'નમોક્કાર' અને લોકપ્રચલિત શબ્દ 'નવકાર' એ નમોક્કારનું અપભ્રંશરૂપ છે.

સ્વાધ્યાયની દૃષ્ટિએ આવશ્યકાદિ ક્રિયાના
વિષય તરીકે અને પવિત્ર સ્મરણ તરીકે પંચપરમેષ્ઠિ
નમસ્કાર સૂત્રની મહત્તા અને વ્યાપકતા નિર્વિવાદ છે.

'નમો અરિહંતાણં' પદનું માહાત્મ્ય

મંત્રદૃષ્ટિએ વિચારતાં પ્રથમ પદ 'નમો અરિહંતાણં' માં સિદ્ધનો અને આચાર્યાદિ પદોનો સમાવેશ થઈ જાય છે.
આ એક જ પદ સર્વાતિશાયિ,
અનંત તેજ-પ્રકાશ ભરપુર તથા મંત્રદૃષ્ટિએ પર્યાપ્ત છે.

અરિહંત પદનું આહ્વાન

'અરિહંત' શબ્દ પોતે જ વિદ્યુતશક્તિનો ધોધ ધરાવે છે. શાબ્દિક અને આર્થિક જુસ્સો જેટલો 'અરિહંત' શબ્દમાં સમાયેલો છે, તેટલો બીજા એક પણ પદમાં નથી. આ દૃષ્ટિએ પ્રથમ પદનો, એ એક જ પદનો જાપ પર્યાપ્ત છે, પૂર્ણ છે, સર્વાર્થસાધક છે. એ એક જ પદના નાદ વડે
બીજા બધાં પદોના સામટા જાપ કરતાં પણ
આધિક અને સાત્વિક ઉર્ધ્વ ઉડ્ડયણ સાધી શકાય છે.
અરિહંત પદના આહ્વાનમાં સિદ્ધપદનું આહ્વાન સમાયું છે,

એટલું જ નહિ પણ અરિહંતપદના આહ્વાનમાં
આચાર્ય, ઉપાધ્યાય અને સાધુપદના આહ્વાન
ઉપરાંત દર્શન-જ્ઞાન-ચારિત્ર અને તપપદના
આહ્વાન પણ સમાવેશ પામી જાય છે.
વિશ્વના સમગ્ર સચિત્ત-અચિત્ત પદાર્થોનું જ્ઞાન,
દર્શન તથા મૈત્રી અને કરુણાના
વિષય તરીકે આહ્વાન થઈ જાય છે.
અરિહંતપદમાં પાંચે પરમેષ્ઠિઓનો સમાવેશ થઈ જાય છે.
બાકીનાં પદોમાં બાકી પદો હોય પણ ખરાં, ન પણ હોય.

<u>અરિહંત પંચપરમેષ્ઠિ સ્વરૂપ કઈ રીતે છે?</u>

નમોઅરિહંત - <u>અરિહંત</u> છે જ. વળી,
'ભગવંતાણં' - નમોઅરિહંત દ્રવ્ય <u>સિદ્ધ</u> છે જ.
'આઇગરાણં' - અરિહંત શાસનની આદિ કરનાર
શાસનના સ્વામી <u>આચાર્ય</u> છે જ.
'તિત્થયરાણં' - અરિહંતો ગણધરોને ત્રિપદી આપે છે,
શંકા સમાધાન કરે છે. તીર્થ એટલે
દ્વાદશાંગી, તેને કરનારા છે. એટલે
એક અપેક્ષાએ <u>ઉપાધ્યાય</u> છે જ.
'સયંસંબુદ્ધાણં' - જાતે પ્રતિબોધ પામીને યોગ્ય કાળે દીક્ષા
લેનારા છે, એટલે <u>સાધુ</u> પણ છે જ.

'નમોત્થુણં' - એ ભલે અરિહંતની સ્તુતિ છે, છતાં ભલે અરિહંત પંચપરમેષ્ઠિમય હોવાથી પંચપરમેષ્ઠિને નમસ્કાર કરવાના અર્થમાં ક્યાંય જરા પણ વિસંવાદીપણું નથી.

(૧૦૧) પાપની શક્તિ પ્રભુના નામથી અધિક માનવી કે ધર્મમાં અધર્મ કરતાં ન્યૂનશક્તિ કલ્પવી તે મહાઅપરાધ છે. પુણ્યની શક્તિ પાપની શક્તિ કરતાં અનંતગુણી અધિક છે, જેમ મંત્રની શક્તિ માયાની શક્તિ કરતાં ઘણી વધારે છે.

Just as maya is able to accomplish rare tasks that are difficult to bring about, in the same way mantras have infinite power to eradicate maya itself.

## સાધનાની સિદ્ધિનો ઉપાય

'विश्वास भूयिष्ठं प्रामाण्यम् ।'
न केवलं वचनं किन्तु वचने
साधकस्य श्रद्धानं प्रामाण्यं । (પરિશિષ્ટ-૧૮)

ધર્મશક્તિ-પુણ્યશક્તિ-યોગશક્તિ પર અનંત વિશ્વાસ, દીર્ઘકાળ, નૈરન્તર્ય, સત્કાર થતી સાધના સિદ્ધિનો ઉપાય છે.

બે પ્રકારની સાધના : મંત્રોપાસના અને પૂજોપાસના.

શ્રી કુંથુનાથાય નમઃ। જેઠ વદી ૭, પેથડા

(૧૦૨) શ્રી અરિહંતમાં પાંચે પરમેષ્ઠિઓ રહેલા છે, એવા ભાવની એક ગાથા વ્યવહાર ભાષ્યમાં છે. તેમાં કહ્યું છે કે: 'અરિહંતપણાની ઋદ્ધિ ભોગવવાથી અરિહંત, જ્ઞાનાદિ ગુણોની સિદ્ધિ કરવાથી સિદ્ધ, ઉપદેશ દેવાથી આચાર્ય, શિષ્યોને વિનયાદિ કરાવનાર અને શીખવાડનાર હોવાથી ઉપાધ્યાય અને વ્યવહારચારિત્ર પાળવાથી સાધુ; એમ અરિહંતમાં પાંચે પરમેષ્ઠિઓ રહેલા છે.

પરહિતચિંતાના સુધાસિંચને વિશ્વ-મૈત્રીભાવની આમ્રવેલ પાંગરે છે. 'આત્મદૃષ્ટિ' પ્રગટતાં પરહિતચિંતા પ્રગટે છે. અહંકારભાવનું અંધારું ખસતાં આત્મદૃષ્ટિ ખીલે છે. અહંકારભાવનો અંધકાર નમસ્કારભાવ આવે છે, ત્યારે ખસવા માંડે છે. નમસ્કારભાવનો પ્રકાશ પ્રગટતાં અહંકારભાવનો અંધકાર જવાની રાહ લીડી શકતો નથી. કોઈપણ જીવના પૌદ્ગલિકહિતનો ભાવ ભાવવાથી 'ભાવ' તો નિર્મળ થાય જ છે, પરંતુ તેની સાથોસાથ તે ભાવમાં સાથ આપનાર દ્રવ્ય પણ અતિનિર્મળ બને છે.

પરના હિતનો ભાવ કરવો તે કાર્ય ઘણું કપરું છે. તે મહાકાર્ય ઊંડી ખાઈ ઉપર બાંધેલા દોરડી ઉપર નૃત્ય

કરવા કરતાં પણ અઘરું છે. તેના જીવન ઉપર ઇચ્છાનું
નહિ, પણ સર્વ મૈત્રીભાવનું જ વર્ચસ્વ રહે.

## વિશ્વ મૈત્રીભાવ

વ્યક્તિ જેને પોતાનો માને, તેના પ્રત્યે તે જેવો ભાવ
દર્શાવે, તેવા ભાવને ઉત્તરોત્તર વિકસાવે અને જગતના
કોઈ જીવને પણ તે ભાવથી વંચિત ન રાખે તે 'વિશ્વમૈત્રી'.

રાગ એ સ્વાર્થનું સર્જન છે.

મૈત્રીભાવ એ નિઃસ્વાર્થના પાયા ઉપર ઊભેલો છે.

પરમોપકારી ભગવંતો અહર્નિશ અપ્રમત્તપણે સર્વ જીવોના
કલ્યાણ કાજે પોતાના જીવનની પ્રત્યેક ક્ષણનો ઉંચામાં
ઉંચો સદુપયોગ કરે છે, તેના બદલામાં તેઓ પોતાના માટે
આપણા પાસે શું કોઈપણ ચીજ માંગે છે? હરગીઝ નહિ.
તો પછી તેમની આરાધના કરનાર આત્માથી જગતના
કોઈપણ જીવ પાસે કશા પણ બદલાની આશા રાખી શકાય?

(૧૦૩) પરમ વિશ્વમૈત્રીભાવની આરાધના કરનાર જ્યાં
સુધી પોતાના હૈયામાંથી સ્વસુખના સ્થૂલ અને અંગત
ખ્યાલને દૂર ન કરી શકે, ત્યાં સુધી તેનું આંતરજીવન
પરમોપકારી ભગવંતોના પરમ વિશ્વમૈત્રીભાવને ઝીલવા અને
પચાવવાની ક્ષમતા કેમ દાખવી શકે? અરિહંત ભગવંતની
કરુણા અને સિદ્ધ ભગવંતોનું વાત્સલ્ય તેને પાત્ર

બનવાની જેના મનમાં તાલાવેલી જાગે, તેને ત્રણે જગતના
જીવો કરતાં અધિક વહાલ પોતાની જાત પ્રત્યે કેમ
હોય? આત્મભાવનાં અરિરૂપ 'અહં'ની ઉપાસના 'નમો
અરિહંતાણં' બોલનારા ભાગ્યશાળીથી કેમ થઈ જ શકે?

વિશ્વમૈત્રીભાવ જેમ-જેમ ઘટતો જાય, તેમ-તેમ
જીવન ઝાંખુ પડતું જાય, પરપદાર્થોમાં મોહ જાગે, પરહિત
કાજે એક ડગલું ચાલવાની વૃત્તિ પણ ન થાય. જે હૃદય
પરમેષ્ઠિભગવંતોના પરમ વિશ્વમૈત્રીભાવ કાજે તલસતું
હોય, તેનાથી ન એકલપેટા, તુચ્છ વિચારોની સોબત કરી શકાય,
ન પાપીને પણ ધિક્કારી શકાય. પરમેષ્ઠિભગવંતોના હૈયામાં
જે ભાવ જગતના સર્વજીવો પ્રત્યે હોય છે, એ ભાવની
હૃદયપૂર્વકની આરાધના એ જ ઉત્તમ માનવભવ અને
સાનુકૂળ ધર્મસામગ્રી પામ્યાનું ફળ છે. વિશ્વમૈત્રીભાવને
જ પોતાનું જીવન બનાવવા માટે પંચપરમેષ્ઠિભગવંતો
અને તેઓશ્રીના ભાવને જીવન સોંપી દેવાનું હોય છે.

ત્રિભુવનના સર્વજીવોના હિતની સર્વોત્તમ ભાવના પછી
જે ભાવના પ્રાપ્ત કરવાની બાકી રહે છે, તે કેવળ મોક્ષની
જ છે. કષાય જે રીતે પોતાનો સ્વપરને ક્લેશ આપવાનો
ધર્મ બજાવે છે, તે રીતે વિશ્વમૈત્રીભાવ પણ પોતાનો

સ્વપરના ક્લેશ કાપવાનો ધર્મ બજાવે જ છે. મહામંત્ર
નવકારની આરાધનાનું પરમ રહસ્ય વિશ્વહિતાત્મભાવ છે.
પંચપરમેષ્ઠિના જીવનમાં તે ભાવ પુરેપુરો પ્રગટે છે.
યાને કે તેઓ પરમ વિશ્વહિતાત્મના ચરમ સીમાસ્તંભો છે.

(૧૦૪) પુણ્ય-પાપથી સર્વથા પર બનેલા આત્માઓ
કાંઈપણ કરવા કે કરાવવાનો ભાવ ન રહે તે સ્વીકારીએ,
તો પણ આત્મદ્રવ્યનો જે સ્વભાવ હોય તેના
તથાપ્રકારની અસરનો સ્વીકાર કરવો જ પડે.
તેઓની સ્વાભાવિક કાર્યવાહીને સમજવા માટે
'હું દેહથી પર છું' એવા તીવ્રતમ ભાવ સાથે
આત્મા ફક્ત અમુક મિનિટ પુરતો એક આસને બેસી રહે,
તો તેનામાં જે 'અપૂર્વ આનંદ અને સર્વાત્મભાવ'
તે સમયે પ્રગટે છે, તેના આધાર ઉપર
તે સમજની ભૂમિકા મળી રહેવા સંભવ છે.
સીકંદર માટે કહેવાય છે કે:
He Came, Saw and Conquered.
સમભાવની એ તાસીર છે કે તે ગમે તે પ્રકારના ભાવ નીચે
રહેલા આત્મા ઉપર પોતાની થોડી ઘણી અસર નાંખે જ છે.
લોકના મસ્તકે બિરાજમાન સિદ્ધભગવંતો લોકના સર્વ-
જીવોને સમભાવે જોઈ રહ્યા છે, તેથી સમગ્ર લોક પર તેમની

મહાસત્તા અસર કરી રહી છે, લોકમાં થતા કોઈપણ પ્રગટ કે અપ્રગટ કાર્ય પર તેઓશ્રીની દૃષ્ટિ હોય જ છે. પાંચે ય સમવાય કારણો એકઠાં કરવામાં તે દૃષ્ટિ મહાસત્તા તરીકે પોતાનું કાર્ય કરી રહી છે. આ સિદ્ધોની દૃષ્ટિ ષડ્દ્રવ્યોનું નિરીક્ષણ કરી રહેલ છે. આ નવકારના અક્ષરો આપણાં આત્મપ્રદેશોમાં જે સ્પંદન પેદા કરે છે, તેવા ઉત્તમ જગતના અન્ય કોઈ મંત્રોમાં ન હોવાનું અનેક વખત સો એ સો ટકા સાચું અને વળી હૃદયગત કરી શકાય તેવું છે.

જગતને અનુબદ્ધ મુક્તિ અને અવ્યાબાધ સુખની
પ્રાપ્તિ સંબંધી પ્રેરણા લોકના મસ્તકે બિરાજતા
આ સિદ્ધ ભગવંતોના આત્મામાંથી મળતી રહે છે.
તે પ્રેરણાને સાકાર (materialise) કરનારૂં
તંત્ર (તીર્થ) આ તીર્થંકર પરમાત્માઓ પૂરું પાડે છે.

એમ માતૃહૃદયમાં ઉછળતું વાત્સલ્ય સેંકડો ગાઉ દૂર તેના સંતાનને જીવન પ્રત્યેના વહાલની હૂંફ પૂરી પાડે છે, તેમ આ સિદ્ધ ભગવંતોના આત્મામાંનું અનંત-અક્ષય સુખ પ્રત્યેક જીવને અગોચરપણે સ્પર્શતું રહે છે.

(૧૦૭) આપણે જેને સામાન્ય રીતે 'વિચાર' કહીએ છીએ,
તે તો વાચા જ છે. વિચારવું એટલે કરવું, લખવું.

વિચાર એ ફરવાની, ભમવાની ક્રિયા છે.
મનનું ભ્રમણ = વિચાર, મનની સ્થિરતા = વિશ્રામ.
માનસિક વિશ્રામ મેળવવાની કળા = યોગ, વિરતિ, વિરક્તિ.
આ કળામાં નિપુણ થવા મનની સીમાઓ વટાવી,
તેને ઇંદ્રિયોની સરહદની બહાર આવવું પડે છે.
ઇંદ્રિયોની સરહદ એ માત્ર મર્યાદા છે,
મનની શક્તિ અનંત છે.
એનો અર્થ ઇંદ્રિયાતીત મનની શક્તિ અનંત છે,
ઇંદ્રિયમગ્ન મન અશક્ત છે.
પાર્થિવ મન ઇંદ્રિયમગ્ન છે, અપાર્થિવ મન ઇંદ્રિયાતીત છે.
ઇંદ્રિયોમાં જેમ અતિ અલ્પ અને તુચ્છ શક્તિ છે,
તેમ પાર્થિવ મન તુચ્છ અને અલ્પ છે.

ઇંદ્રિયોમાં સવિશેષ શક્તિ હોત તો દૂર અને અનાગત જોઈ-જાણી શકત. મનમાં પણ જો શક્તિ હોત તો મનુષ્યના કોઈ મનોરથો અપૂર્ણ ન રહેત. શૂન્યમાં શક્તિ રહેલી છે, તેનો અનુભવ આંતરિક એકાંતમાં થાય છે. શાંતિનો આવિર્ભાવ શૂન્યમાંથી થાય છે. શૂન્ય = આત્મા - સત્. સત્માંથી સંત થવાય છે. જેઓ શાંતિ ચાહે છે, તેઓ પોતે શૂન્ય થવા પ્રયત્ન કરે છે. મનોબળ અને વાસનાક્ષય શૂન્યતામાંથી પેદા

થાય છે. મન જ્યારે ઉપશમ પામે છે, ત્યારે વાસના અલોપ થઈ જાય છે. મન અને સંસાર એક જ વસ્તુ છે.

મન પદાર્થગત મટી આત્મગત બને છે,
ત્યારે ચિત્ત શાંત થાય છે, શોક-મોહ નષ્ટ થાય છે.

આત્માનુભવનો અર્થ છે કે:

મન પદાર્થગત મટી ગયું છે, વિક્ષિપ્ત મટી ગયું છે,
અખંડ બની ગયું છે, મહાચૈતન્યમાં પ્રવેશ્યું છે.

માત્ર વિચારના જોર ઉપર શૂન્ય થવાતું નથી,
શૂન્ય થવા માટે પ્રયત્ન કરવો પડે છે.

મનને અનેક સંકલ્પ-વિકલ્પોમાંથી ખેંચી લઈને એક જ બિંદુ ઉપર સ્થિર કરવું પડે છે. પોતાનું બિંદુ સૌએ પોતે જ વિચારી લેવું જોઈએ. મનની ગતિ પ્રાણના આધારે છે. જે મનુષ્ય પ્રાણનો અપવ્યય અટકાવે છે, તે પોતાના મનને વધુ સહેલાઈથી વશ કરી શકે છે. જ્યાં સુધી મનુષ્ય સંયમી હોતો નથી, ત્યાં સુધી શૂન્યતાના રાજ્યમાં પ્રવેશ કરી શકતો નથી. વ્રતબદ્ધજીવન અને આધ્યાત્મિક વિચારની જરૂર સંયમ અર્થાત્ પ્રાણશક્તિનો અપવ્યય અટકાવવા માટે છે.

(૧૦૭)'સ્વરાજ્ય'નો અર્થ પોતાના ઉપર પોતાની હકૂમત. governor of the self. મનુષ્ય આહારમાનુ

અને બેકાબૂ છે, માટે તત્ત્વવિચાર અને સંયમ જરૂરી છે.

તત્ત્વનું જ્ઞાન અંતર્મુખતા વગર પ્રાપ્ત થતું નથી,

તત્ત્વજ્ઞાન = આત્મજ્ઞાન. આત્મા = આખરી તત્ત્વ.

તત્ત્વને જાણવા અંદર ઊતરવું પડે. બહાર રહીને તત્ત્વ જાણી શકાતું નથી. મન એની પાર્થિવ શૃંખલા તજીને અપાર્થિવ ન બને, ત્યાં સુધી કોઈ પણ રીતે તત્ત્વ પામી શકાય નહિ. યોગ વગર કોઈપણ વસ્તુ મનુષ્યના કાબૂમાં ન આવે.

તત્ત્વવિચાર એ યોગશાસ્ત્રનું જ મૂળ છે.

ખરી રીતે યોગ અને તત્ત્વવિચાર બંને એક જ વસ્તુ છે.

તત્ત્વવિચાર વિના મનુષ્ય કે પ્રજા અંધ જ રહે છે.

આ તત્ત્વવિચાર આંતરિક એકાંતમાંથી મળે છે. તે વાતો જો અંતરમાં ઊંડા ઊતરીને સાંભળીએ, તો જ સમજી શકાય.

મૂડીવાદી એમ માને છે કે: સંપત્તિનો સ્વામી પોતે છે.

મજૂરો શ્રમ માને છે: શ્રમના આધારે જ સંપત્તિ છે.

ખરી વાત તો જુદી જ છે.

માટીના મનુષ્યની માલિકી એના ગણાતા શરીર ઉપરેય નથી,

તો બીજી કોઈ વસ્તુ ઉપર તો શાની જ હોય?

ઈશ્વર સિવાય તો માલિકીનો દાવો કોણ કરી શકે?

ઈશાવાસ્ય: તારા પોતાના આત્મન સિવાય કશું જ તારું નથી.

અજ્ઞાનને લીધે જ તને 'તું' દેખાય છે. તે દૂર થતાં તને બધે 'ઈશ' દેખાશે. માલિકીનું ઘેલું દૂર નહિ કરો, તો દુઃખી થશો. જે નાશવંત છે તેને માલિકી કઈ? એને સ્વામિત્વ કેવું? પોતે કોણ છીએ, ક્યાં છીએ, ક્યાંથી આવ્યા અને ક્યાં જવાના છીએ, અહીંની એકપણ વસ્તુ આપણે જાણતા નથી, છતાં 'હું' 'મારું' 'મને' એવા બધા અર્થહીન શબ્દોનો ઉપયોગ કરીએ છીએ, તે સૌ શાંતિનો ભંગ કરનારા છે.

અહીં સત્ય નથી, આભાસ છે.

ક્લેશ-કંકાસનું મૂળ આભાસનો મોહ છે.

અંતર એકાંતમાં ઉતરે છે તેના આભાસો દૂર થાય છે.
આભાસો દૂર થતાં શૂન્યતા, અભંગતા, તદ્રૂપતા થાય છે.

મનુષ્ય જ્યારે પોતાનું પાર્થિવ મન વટાવી જાય છે, આંખો ખુલી જાય છે. એનો મોહ નષ્ટ થઈ જાય છે, આત્માની સ્મૃતિ પ્રાપ્ત થાય છે. આજે આપણો મોહ નષ્ટ થયો નથી, સ્મૃતિ પ્રાપ્ત થઈ નથી, છતાં માની બેઠા છીએ કે સ્વરાજ મળી ગયું છે, સ્વતંત્ર થયા છીએ. સ્વરાજ એ આત્મરાજ્ય છે (બીજું કોઈ 'રાજ્ય' નથી), અંદરથી મેળવવાની વસ્તુ છે. બહાર તો માત્ર આભાસ જ છે, વૃત્તિઓની અંધેરી નગરી છે.

(૧૦૭) દીર્ઘરસાઃ-ધર્મરસાઃ |કૃતવિઘ્નઅકૃતરસાઃ| (પરિશિષ્ટ-૧૯)

જીવાત્મામાં બ્રહ્મના સત્-ચિત્ અંશો પ્રગટ છે, પણ આનંદનો
અંશ અપ્રગટ છે, તેથી તે પ્રગટ કરવા કુદરત પ્રયત્ન કરે છે.

સચ્ચિદાનંદ માટે એક વિચારધારા કહે છે કે:

સત્ અંશ પ્રગટ છે, ચિત્-આનંદ અંશ અપ્રગટ છે.
આત્મસાક્ષાત્કાર કરવો એ તત્ત્વજ્ઞાનનો આદર્શ છે.

યાજ્ઞવલ્ક્ય ઋષિ કહે છે કે:

એ સિદ્ધ કરવા શ્રવણ-મનન-નિદિધ્યાસન કરવું જોઈએ.
એથી સ્વપ્ન, જાગ્રત, સુષુપ્તિ, તુરીય એ જ અવસ્થાનું
ભાન થાય છે. એ માટે બ્રહ્મચર્ય - શ્રવણ - મનનની
તપશ્ચર્યા કરવી પડે છે, ત્યારે સચ્ચિદાનંદ પ્રાપ્ત થાય.

'જીતને પાપસ્મરણ કરતા હૈ, એક બારકા રટિકા નામ...
ઉતને પાપ નહીં કર પાતા, પાપી કરકે યત્ન તમામ.'

ધર્મ અગ્નિની ચિનગારી, પાપ રૂ ના ઢગલા-પર્વત સમ છે.

'નાદઃ પરપુરુષઃ ।' નાદ શબ્દ બ્રહ્મ છે.

નાદથી ઓંકારની ઉત્પત્તિ છે. પ્રેમમય પ્રભુ નાદ બનીને
ભક્તને હૃદય સાથે લગાડી સ્વધામમાં લઈ જાય છે.
નામ લેવાથી પરમ પ્રેમની પ્રાપ્તિ થાય છે, જેના અભાવ
ધર્મ-અર્થ આદિ તુચ્છ છે. 'સમોઽહં સર્વભૂતેષુ ।'
અંતરાત્મા = જે શરીરમાં રહીને એનું નિયંત્રણ કરે છે તે.

संयोगो दुःखभेषजम् ।
अरतिर्जनसंसदि । एकान्तचर्यारतः सदा ।
विविक्त-देशसेवित्वम् । (પરિશિષ્ટ-૨૦)

(૧) સૂક્ષ્મમાં ધ્યાન = જમણી આંખમાં.

(૨) દહરવિદ્યા = હૃદયકમળના મધ્યમાં.

(૩) વૈશ્વાનરવિદ્યા = અંગુઠાના અગ્રભાગથી માંડી તર્જનીના અગ્રભાગ સુધીના આકારવાળા બ્રહ્મના પ્રત્યગાત્મા-જીવાત્માનું વેંત જેવડું (૯ ઇંચ) શુભ દર્શન થાય છે. જીવાત્મા પૂર્ણ છે, એવી ભાવના કરવી જોઈએ.

(૪) પંચાગ્નિવિદ્યા = આકાશમય, પર્જન્યમય, ભૂમિમય, પુરુષ-સ્ત્રીમય અગ્નિઓનું ક્રમશઃ ધ્યાન કરીને બ્રહ્મનું ચિંતન.

(૫) ષોડશકલાવિદ્યા = બ્રહ્મ વગેરેની ૧૬ કળાઓ.

(૬) ઉદ્‌ગીથવિદ્યા = અ ઉ મકારરૂપ ૩ માત્રાવાળા પ્રણવમય ઉદ્‌ગીથનું ધ્યાન.

(૭) શાંડિલ્યવિદ્યા = બ્રહ્મ દેહવાળા અને પ્રકાશરૂપ મનોમય આત્માની ઉપાસના.

(૮) પુરુષવિદ્યા (૯) પર્યંકવિદ્યા (૧૦) અક્ષરવિદ્યા
(૧૧) સંવર્ગવિદ્યા (૧૨) મધુવિદ્યા (૧૩) બ્રહ્મવિદ્યા
(૧૪) ઉપકોસલવિદ્યા (૧૫) સદ્‌વિદ્યા (૧૬) ભૂમાવિદ્યા.

આ ૧૬ વિદ્યા સદ્યોમુક્તિ આપનારી છે.

ઉપદ્રષ્ટાનુમન્તા ચ ભર્તા ભોક્તા મહેશ્વરઃ ।
પરમાત્મેતિ ચાપ્યુક્તો દેહેઽસ્મિન્ પુરુષઃ પરઃ ॥
(પરિશિષ્ટ-૨૧)

જેમ વિજળી (શક્તિ) આધાર વિના કામ કરી શકતી નથી, તેમ ચેતનાને પણ કાર્ય કરવા માટે કોઈ આધાર જોઈએ. નાચવા - નચાવવા - નાચનો તમાશો જોવાવાળો એક જ છે.

(૧૦૮) આત્માઓ પ્રત્યેના અરિભાવજન્ય અંતરાયોને
પરમ મૈત્રીભાવ વડે નિર્મૂળ કરનારા તે અરિહંત.

આત્માની આત્માને ઓળખવાની અરુચિને લીધે પરસ્પર વચ્ચે જન્મતા અંતરાયોને દૂર કરનારી ચેતનાનું ઝરણું
'નમો અરિહંતાણં' પદમાં રહેલું છે.

જાપ ટાઈમે થતી ભાવચોરી આરાધકને આગળ વધતાં વારે. ઉદયમાં આવેલા અશુભકર્મના પરમાણુઓના સ્વભાવ પર શુભભાવનો પ્રકાશ, અંધકારના સ્વભાવ ઉપર પ્રભાવને પાડતા દીપકના પ્રકાશ જેવો અનુભવાય છે. તે એક-એક પરમાણુની તાકાતને તોડી નાંખનારા આત્મભાવની અસીમ તાકાતનું સ્પષ્ટ ભાન કરાવે છે. નમસ્કાર શબ્દ છે, મન તેનો અર્થ છે. શબ્દ અને અર્થ એનો તે બે નો સંબંધ છે.

વિચારોની શુદ્ધ વરાળમાંથી બંધાતા ભાવનાના મેઘો
મન - વચન - કાયાના સદ્વર્તનનો વરસાદ વરસાવે છે.

(૧૦૭) નિયમરૂચિ આત્મપ્રીતિ સૂચવે છે. જેના અજવાળે આત્મા આત્માને જોઈ શકે તેનું નામ યથાર્થજ્ઞાન. લોકમાં આત્મા નામે કોઈ દ્રવ્ય જ નથી, એવી સમજ તે અજ્ઞાન.

આત્માનું સુખ વધારનારું વર્તન જ્ઞાનમાંથી જન્મે.

આત્માનું સુખ ઘટાડનારું વર્તન અજ્ઞાનમાંથી જન્મે.

જ્ઞાનને યોગ અને અજ્ઞાનને પ્રયોગ સાથે સંબંધ છે.

પ્રયોગને આધીન પ્રજાઓના જીવનમાં શાંતિ ન હોય.

શાસ્ત્ર વચનોમાં જેઓને સાચો આદર નથી હોતો, તેઓને પોતાના સ્વાર્થ સિવાય બીજા કોઈનાય વચનોમાં આંતરિક આદર હોતો નથી. જેમની બુદ્ધિ યોગના બદલે પ્રયોગમાં અટવાયેલી છે, તેઓ માનવજાતિના મૌલિક વિકાસમાં ઘણા મોટા અવરોધ ઉત્પન્ન કરી રહ્યા છે. સાચું સુખ આત્મામાં છે, બહારથી તે ખરીદી શકાતું હોવાની સમજ અયથાર્થ છે. આત્મદૃષ્ટિ ખીલવવા માટે વિધિપૂર્વકનો આંતરવ્યાયામ કરવો પડે. તે વ્યાયામનું નામ 'નિયમોનું પાલન' છે. નિયમોના નિષ્ઠાપૂર્વકના પાલન વિના ધર્મ સાથેનો મન-વચન-કાયાનો સંબંધ ગાઢ ન બને.

જીવનનું નાનામાં નાનું કાર્ય પણ
નિયમના પાલન સિવાય થતું નથી.

## નમઃ

આપણે જો એક ચોપડી વાંચવા ઇચ્છે છે,
તો પણ તેને હાથ, હૈયું અને આંખો સોંપવા પડે છે...
તો પછી મન-વચન-કાયાને આત્મા સાથે જોડનારા
નિયમોના પાલન સિવાય આત્મદર્શન કેમ થાય?

સામરસ્ય of શિવ & શક્તિ - in તંત્ર
જીવ બ્રહ્મૈક્ય - in વેદાંત

अ = काम - परशिवः । प्रकाशरूपः ।
ह = कला - चित्शक्तिः । विमर्शरूपिणी ।
पूर्णोऽहं । I am the whole.
'हं' 'अहमित्याकारात्मक-सिद्ध-काम-कलां ।'

'જગતમાં તત્ત્વ એક જ છે' એ વિચાર સમભાવની પ્રસિદ્ધિ માટે પુનઃપુનઃ કર્તવ્ય છે એક આત્મતત્ત્વ જ તત્ત્વ છે કે આત્મામાત્ર સ્વરૂપે એક જ છે. સૌ સુખાભિલાષી અને દુઃખદ્વેષી છે. નિરાવરણ દશામાં સૌ અનંતજ્ઞાની અને અનંતદર્શી છે. આત્મતૃપ્ત, આત્મરતિ, આત્મસંતુષ્ટ છે.

शान्तो दान्तो सदा गुप्तो मोक्षार्थी विश्ववत्सलः ।
निर्दम्भां यां क्रियां कुर्यात् साऽध्यात्मगुण-वृद्धये ॥
सूक्ष्मेक्षिकां च माध्यस्थ्यं, सर्वत्र-हितचिन्तनम् ।
क्रियायामादरो भूयान् धर्मे लोकस्य योजनम् ॥

(પરિશિષ્ટ-૨૨)

(1) <u>ધર્મગુરૂ</u> = ધર્મની સાચી સમજણ આપનારા, વિશ્વમૈત્રીના સાચા સંદેશવાહકો, સૌ કોઈને કલ્યાણનો માર્ગ સમજાવનારા. કોઈપણ માનવી અવગુણના માર્ગેથી પાછો વળી સદ્‌ગુણના માર્ગે આગળ વધે એ જ ધર્મપ્રચારની સાચી સફળતા.

(2) સૃષ્ટિની સેવા શરીરથી - સમાજની સેવા મનથી થશે. સમજ વિચારીને કોઈને કાંઈ આપાય છે તો પ્રેમનો નાતો બંધાઈ એક તાકાત પેદા થાય છે - બધા એક બનાય છે.

<u>મન વડે દુનિયા - દુનિયા વડે મન ઘડાય છે.</u>

પહેલો વાદ છે Idealism, બીજો materialism.

(3) <u>જે પિંડે છે તે જ બ્રહ્માંડે છે.</u>

સૃષ્ટિમાં સૂર્ય ચંદ્ર - શરીરમાં બે નેત્રો છે. બહાર પૃથ્વી તો અંદર રૂધિર માંસ મેદ છે. બહાર વાયુ - અંદર પ્રાણ છે.

(4) <u>વ્યક્તિ અને સમાજમાં મુખ્ય મન છે.</u>

<u>મનની સ્થિતિ હશે તેવી સમાજની બનશે.</u>

જો મનમાં ક્રોધ હશે તો સમાજમાં દુશ્મન અને વાસના હશે તો સમાજમાં વાસનાના પદાર્થો સામે જ ઊભા હશે.

સૃષ્ટિનું પ્રતિબિંબ શરીર ઉપર પડે છે.

<u>મન પરિવર્તનથી સમાજ પરિવર્તન થશે.</u>

મન ફુલ છે, તો સમાજ ફળ છે.

(5) મનમાં કામના હોય તો બજાર લલચાવનારા પદાર્થો
પીરસ થઈ જાય છે. મનમાં દ્વેષ હોય તો બજાર દુશ્મન
ઊભા થાય છે. મનમાં પ્યાર તો બજાર દોસ્ત મળી રહે છે.

દિલમાં પરમેશ્વરની સ્મૃતિ હોય તો
બજારની સૃષ્ટિ પરમાત્મમય દેખાય છે.
અંદર જ્યોતિ હશે તો બજાર જ્યોતિનાં દર્શન થશે.

(6) જેવું પ્રાકૃતિક વાતાવરણ તેવો મન ઉપર પ્રભાવ
પડશે. ઉનાળામાં સુતરાઉ અને શિયાળામાં ગરમ કપડાં
પહેરવાં પડે છે. સૃષ્ટિના પરિવર્તનની સાથે આપણા
મનનું પણ પરિવર્તન થાય છે.

(7) નવકારમાં ઈશ્વર ભક્તિ અને
સામાયિકમાં આધ્યાત્મિકતા છુપાયેલી છે.
પાંચ પદની બે સંપદા: (૧) દેવતત્ત્વની (૨) ગુરુતત્ત્વની.

(8) એન્જિન જેમ ડબાને ખેંચે છે, તેમ જ નવકાર
વ્યક્તિના વિચારોને પ્રગતિ પંથે લઈ જવામાં સહાય કરે છે.

(9) શ્રુતિ એ સત્ય છે, સ્મૃતિ એ શિવ છે.
પુરાણ અને ધર્મગ્રંથો એ સુંદર છે.
એક જ સત્યને સમજાવવા માટે તે બધા ગ્રંથો
કલ્યાણકર છે એમ સમજવું જોઈએ.

Achalgadh, Dt 25-5-1961

o Repeat the name of God at every step and with every breath, secretly & with a sense of pride, there being no need of resorting to any other means for the realisation of God within.

o Spirit is God and God is good.

o The name of God is superior even to God.

o મમ તુ મતિર્ન મનાગપૈતુ હરાત્ । (પરિશિષ્ટ-૨૩)

o Love is a secret of divine life.

o All things come from within.

o Height or depth cannot measure the possibilities of the human soul.

o Ye are not your own.

o સચ્ચિદાનંદી શુદ્ધસ્વરૂપી અવિનાશી હું આત્મસ્વરૂપ.

o ભાગ્યમાં હોય તો મળ્યા વિના રહેતું નથી,
ન હોય તે પ્રયત્ને પણ મળતું નથી.

પ્ર-જેઠ-સુદ ૧૦

## પ્રભુ સાથેની એકતા

(૧) જાતિગત એકતા = સર્વમાં ઉચ્ચત્વ જાતિ
(૨) દ્રવ્યગત એકતા = ભૂતળની પરિણતિનો આધાર
(૩) ધ્યેયગત એકતા = ધ્યાતા-ધ્યેય સ્વરૂપ
(૪) લાભગત એકતા = કેવળલાભનું લક્ષ
(૫) દર્શનગત એકતા = ક્ષાયિક કેવળદર્શન દર્શન (સમ્યક્ત્વ)
(૬) ચારિત્રગત એકતા = યથાખ્યાત ચારિત્રનું રહસ્ય.

o સમન્વય = સમ + અનુ + અય

પરદર્શનને સારી રીતે તાત્પર્યવિગાહિની દૃષ્ટિએ અનુસરવું.

પરદર્શનમાં સ્વદર્શનનો અન્વય સારી રીતે તાત્પર્યવિગાહિની દૃષ્ટિએ જોવો.

o રસનાને જીત્યા વિના રસેશ્વર મળતો નથી.

## Centre V/S accentric

Have strong faith in Divine guidance. The Divine gives himself to those, who give themselves to the Divine. Let the Divine mould you, move you, and fulfil Himself in you!

knowledge, recognition & fulfilment of relation are the main things in developing devotion towards Divine.

o Trees which bear the best fruits are always more pelted with stones.

ફળાનુભવ શક્તિશાળીઓને જ હોય.

ભિક્ષાનંદ કરતાં ભજનાનંદ ચઢીયાતો છે.

એક શરીર સંબંધી છે, તો બીજો મન સંબંધી છે.

'જિતે રસે જિતં સર્વં ।' (પરિશિષ્ટ-૨૪)

o ભિક્ષાન્ન એ પ્રભુ પરાયણ જીવ માટે ધર્મ છે.

ક્ષુધા વ્યાધિનો પ્રતીકાર કરવા માટે

હિત-મિત-પથ્ય ભિક્ષાન્ન એ ઔષધ છે.

o ઇચ્છા નિરોધ તે તપ છે. તેનું તાત્પર્ય સ્વસુખ વિષયકઇચ્છા સર્વસુખ વિષયકઇચ્છામાં પલટવી એ જ મોટો તપ છે. સ્વસુખ વિષયકઇચ્છા એ મળ છે. સર્વસુખ વિષયકઇચ્છા એ તેનું શોધન છે.

o વાણીનો વ્યર્થ ઉપયોગ એ અસત્ની સેવા છે.

o <u>ત્રણ પ્રકારનાં તપ:</u> અનશનાદિ કાયાનું, સ્વાધ્યાય એ વાણીનું અને મંત્રજાપ મનનું તપ છે.

મંત્રના વર્ણો સાધકને ચૈતન્યરૂપ બને તેનું સર્જન થયું છે
વિધિ-વિધાનોનું, જે દ્વારા સાધક મંત્રચૈતન્ય પ્રગટાવી શકે.

o 'ઓજસ્' એ પ્રેમ અને વાત્સલ્યભાવ પ્રગટતું
તથા શાંતિને આપતું એક પ્રકારનું દ્રવ્ય છે.

o આત્મદર્શને ઔદાસિન્ય નિરંતર આપમેળે જ આવે.
તે રાગ-દ્વેષની ઉપર થઈને વર્તે.
તે સર્વ સુખવિષયક વૃત્તિમાં સદા રહે.

o ધર્મના પાયામાં સત્ય અને શીલની પ્રતિષ્ઠા છે. જેઓના જીવનમાં તે બે છે, તેઓને નમવું અને તેવું જીવન જીવવા માટે પ્રયત્નશીલ રહેવું એ ધર્મ. તે આત્મપ્રકાશ તથા મોક્ષમાર્ગનો પથપ્રદર્શક છે. બીજાનાં જે આચરણને આપણે અયોગ્ય માનીએ તેવું આચરણ કરવું નહિ, એવી ધર્મબુદ્ધિ કેળવવી તે જીવનનું પરમ કર્તવ્ય-પરમસત્ય છે. આ પરમ સત્યની ઉપાસના કરી તેને આચરણમાં મૂર્ત કરવું તે ધર્મમાર્ગનું પરમ ધ્યેય છે. રાગથી મુક્ત થવું એ માનવજીવનમાં સૌથી દુષ્કરમાં દુષ્કર કાર્ય છે.

o મહાન વિભૂતિઓ બહુ સામાન્ય
સાથે એકાએક વાતચીત કરતી નથી.

o જ્ઞાન - philosophy, ઇચ્છા - Art સૌંદર્ય,
ક્રિયા - Business.

0 સ્પંદનના નમૂના : ફુવારો, ફુલ, પતંગીયું, ઝરણું.
ભવ્યતાનાં ઉદાહરણો : આકાશ, પર્વત, સાગર, ધોધ.
વ્યક્તિભાન = Individual consciousness.
સમષ્ટિભાન = Universal consciousness.
વ્યક્તિભાન = પર્વતની સપાટી, સમષ્ટિભાન = પર્વતની ટોચ.

0 વિશ્વના પ્રત્યેક કાર્યની પાછળ એના અનંત કારણોની પરંપરા છે. વિશ્વની પોતાની વ્યવસ્થા મુજબ પ્રત્યેક કાર્ય થાય છે. એમાં રજમાત્ર પણ ફેરફાર કરવાની કોઈની પણ તાકાત નથી. આપણા ધ્યેય, ઇષ્ટ, પ્રિય, હૃદય, આત્મા, સ્વામી, પતિ, રાજા, નેતા, ગુરૂ, માતા, પિતા, બંધુ, દેવ, પ્રભુ વગેરે રૂપ જે સિદ્ધભગવંતો, તે બધા કારણોમાં પ્રધાન કારણ છે, તો પછી એ કાર્ય આપણને પ્રતિકૂલ શા રીતે થઇ શકે? એ તો અત્યંત અનુકૂલ જ હોય છે. જો સિદ્ધ ભગવંત મુખ્ય કારણ છે, તો પછી ભય, શોક, દુઃખ, પીડા, આધિ, વ્યાધિ, કષ્ટ, ખેદ, આર્તધ્યાન વગેરે શા માટે? કોઈપણ કાર્ય ઇચ્છાથી વિરૂદ્ધ જશે એવો વિચાર પણ ઘાતક છે, તેને સ્થાન જ ન દેવો. જો મારા સ્વામી, માલીક કે આપ્તનો તેની પાછળ હાથ છે, તેઓ મને બળ આપી રહ્યા છે, તો

પછી કોઈપણ વસ્તુ મારી ઇચ્છા વિરુદ્ધ મારા અનિષ્ટ માટે શી રીતે થઈ શકે? આ રીતે કોઈપણ પરિસ્થિતિમાં સિદ્ધ ભગવાનનું પરમ કરુણા રૂપે અસ્તિત્વ છે, એટલું સ્મરણ કરવાથી પ્રત્યેક કાર્ય આપણી ઇચ્છાની પૂર્તિ માટે થઈ રહ્યું હોવાનું છે. કદાચ નહીં આ કરુણાનો સ્વીકાર ન કરે, કિન્તુ સર્વ અનુભવી મહાપુરુષોએ તેનો સ્વીકાર કર્યો છે, કરે છે અને કરશે. જ્યારે કોઈપણ જાતની મૂંઝવણ થાય, ત્યારે ઉપર મુજબનો વિચાર ઘણો જ ઉપયોગી નીવડી સર્વ મૂંઝવણોને શમાવી દે છે.

મંત્ર ઉચ્ચારણ     પ્ર. જેઠ સુદ ૯

Consciousness becomes that which it identifies itself. મંત્રનો અખંડપણે ઉચ્ચાર ચૂકવો નહિ. મન વડે ભણાય બોલો તેમ વડે ગાન. Constant repetition of mantra takes strong roots into the inner mind. Silence is necessary to attain one's self. Where is peace in this world?

Peace is in your heart.
Seek and you will find it.

સંપ્રેક્ષણ તીર્થ, પુ-બ્રેસ્તુ પર

દરેક શ્વાસે મનમાં ૩ નવા વિચારો જન્મે છે.

૧ મિનીટમાં ૪૮ નવા વિચારો વાયુમંડળમાં બહાર પડે છે.

૦ યોગની ઇચ્છા એ વિશ્વની ઇચ્છા અને યોગનું કાર્ય એ વિશ્વનું કાર્ય બને છે. યોગની આંખ Third Eye અથવા Sixth sense છે. Yoga is the key to hidden mysteries of man. મનુષ્યની એક વિશેષતા એ છે કે તે પશુ કરતાં વધુ આદર્શોમાં સ્થિર થઈ મહાન વિચારો કરી શકે છે અને એક આધ્યાત્મિકતાની ઝાંખી પણ જ્યોત તેનામાં સળગતી રહે છે. યોગી દુનિયામાં રહે છે, છતાં દુનિયાદારીના કીચડથી પર છે.

'પરસ્પરોપગ્રહો જીવાનાં |' (પરિશિષ્ટ-૨૫)

એ સૂત્ર ઉપરથી પુણ્ય-પાપનો નિયમ ફલિત થાય છે.

સિદ્ધની સાથે સંબંધ:

(૧) એક જાતીયત્વેન - તિર્યક્ સામાન્ય
(૨) દ્રવ્યપર્યાય સ્વરૂપત્વેન - ભાવિ નૈગમ
(૩) ધ્યાન ધ્યેયરૂપે - સમાપત્તિ
(૪) જ્ઞાન જ્ઞેયરૂપે - કેવળજ્ઞાન દર્શન
(૫) ઉપકાર્ય ઉપકારકરૂપે - ક્ષાયિક સમ્યક્ત્વ
(૬) રક્ષ્ય રક્ષકરૂપે - યથાખ્યાત ચારિત્ર

અચલગઢ, પ્ર. જે. સુ. ૧૪

0 ઉપાસનામાં તર્કને બહુ જ અલ્પ સ્થાન છે.
આદર્શ અને ચૈતન્યની શુદ્ધિ પુરતો જ તર્કનો ઉપયોગ છે.

0 જાગૃત દશાના નિયમો તુરીયાવસ્થામાં જતાં
નિર્બળ-નિરવકાશ બની જાય છે.

જગતનું નિર્માણ એક ચમત્કાર છે. સૃષ્ટિની ઉત્પત્તિ, ચંદ્ર, સૂર્ય, તારાગણો, આકાશ અને તે બધાનું અવિરત સંચાલન એ પણ ચમત્કાર લાગે છે. પૃથ્વી ઉપરના મહાસમુદ્રો, નાની મોટી નદીઓ, સરોવરો, પર્વતો અને ભૂગર્ભની વિધવિધ ખાણો બધું ચમત્કારરૂપ લાગે છે. મનુષ્ય, પશુ, પંખી, જીવજંતુઓ અને જળચર, ભૂચર, ખેચર, એ બધાં ચમત્કાર નહિ તો બીજું શું છે?

આ બધું ચમત્કારમય લાગે છે, કારણકે
તેની ઉત્પત્તિ વિષે કે નાશ વિષે આપણે કશું જાણતા નથી.
એ રહસ્ય કુદરતે ગુપ્ત રાખ્યું છે અને
એટલે જ એ ચમત્કાર લાગે છે,
પણ આ બધું આપણને પરંપરાગત એટલું
વ્યવસ્થિત અને નિત્યનું થઈ પડ્યું છે કે
તેને આપણે ચમત્કાર માની શકતાં નથી.

દેવ-દેવતાનું પ્રત્યક્ષ થવું કે પરોક્ષ દર્શન થવાં, ત્રિકાળનું જ્ઞાન થવું કે ભવિષ્યનું કથન કરવું, દુઃખ, દારિદ્ર્ય કે દર્દમાંથી મુક્ત થવું, લક્ષ્મીની પ્રસન્નતા, પુત્રની પ્રાપ્તિ, વ્યાપારમાં લાભ થવો, સાક્ષાત પ્રભુ દર્શન થવા, ગ્રહકૃપા થવા, ન્યાય કોર્ટમાં વિજય થવો, હોદ્દામાં વધારો, કુટુંબ-ક્લેશની શાંતિ વગેરેની મનુષ્યને અભિલાષા રહે છે અને તે જેનાથી થાય તે 'ચમત્કાર' મનાય છે.

મહાત્માઓ, સિદ્ધો, યોગીઓ, સાધકો, દિવ્ય દૃષ્ટિવાળા સાધુ પુરુષો, એકનિષ્ઠ ભક્તો, મંત્ર-તંત્ર-યંત્ર જાણનારાઓ, બ્રહ્મચારીઓ, ચારિત્રનિષ્ઠ અને જ્ઞાની પુરુષો સાધનાથી ચમત્કારો સર્જાવી શકે છે અને ચમત્કારો દ્વારા લોકોને સુખ-શાંતિ આપે છે, દુઃખ-દર્દ દૂર કરે છે, કલ્યાણ માટે આશીર્વાદ આપે છે. નિમ્ન શબ્દો તંત્ર સ્વરૂપ બનીને ચમત્કાર સર્જાવે છે.

'મ'નો સંસ્કૃત અર્થ 'નહિ' પણ થાય છે.

માને કે આ જગત અને તેની ભૂલભુલામણી સત્ય નથી, કિન્તુ તે મહાશક્તિ જ સત્ય છે, જેનાં દ્વારા સર્વે ઉત્પન્ન થાય છે, પોષણ પામે છે - સંહાર પામે છે. તે જ વ્યક્ત, અવ્યક્ત અને વ્યક્તાવ્યક્ત છે.

જીવનની ફિકર એટલે મનની ફિકર.
મનના ફિકરથી ચૈતન્યનો અનુભવ થાય છે.

0 વૃત્તિની એકાગ્રતામાં જ શક્તિનો સ્પંદ રહેલ છે.
ભોગમાં પણ વૃત્તિઓની એકાગ્રતા જ રહેલ છે, પરંતુ
ભોગી પોતાનો આનંદ વૃત્તિઓના આધારે
અને યોગી પોતાનો આનંદ વૃત્તિઓના અધિષ્ઠાનરૂપ
ચૈતન્ય આત્માના આધારે માને છે.
માનવનો દેહ તે માટીનો ઘડો - તેના અંદર જે પ્રકાશ
છે તે આત્માનો છે, આ ભાવના સતત જાગ્રત રાખવી.
ભાવના વગરની પ્રવૃત્તિનો કશો અર્થ નથી.

0 રાત્રિ એટલે હૃદય - ચંદ્ર - મન.
રાત્રિ = શરીર (સ્ત્રી શરીર = શક્તિ, પુરુષ શરીર = શિવ),
સૂર્ય = આત્મા, ચંદ્ર = મન.
જીવન આત્મરતિ અર્થે છે, દેહરતિ માટે નહિ.
નીતિની વાતોથી નહિ પણ વૃત્તિના નિરોધથી પશુતા જાય છે.

0 ઈસ્લામનો અર્થ શાંતિ, પણ તે
જીવનની - મૃત્યુની નહિ,
સર્જનની - વિસર્જનની નહિ,
વિજયની - પરાજયની નહિ,
શક્તિની - અશક્તિની નહિ.

પરમાત્માની ઉન્નત અનુભૂતિના વિષયમાં, સત્યના નિતાન્ત શુદ્ધ દર્શનમાં હિન્દુ ધર્મ અને ઈસ્લામ ધર્મ એક જ છે.

-દારા શિકોહ

૦ નવપદના વર્ણોમાં વર્ણની સાથે પ્રકાશ-તેજ કલ્પવાથી શીઘ્ર લાભ થાય છે. જ્યાં પ્રકાશ હોય ત્યાં ઘર્ષણ-ઘનિષ્ઠતાદિ હોય છે. રત્નોમાં જે પ્રકાશ દેખાય છે, તે તેમાં રહેલ ઉત્તમ દ્રવ્યોની શીઘ્રગતિ-ઘર્ષણાદિને સૂચવે છે. વર્ણ સાથે પ્રકાશાદિની કલ્પના શીઘ્ર ફળદાયી થાય છે.

૦ જેનામાં ઓતપ્રોત થવું હોય, તેના જેવા થવું જોઈએ. બ્રહ્મમાં લીન થવા ઈચ્છનારે બ્રહ્મ જેવા સમદર્શી થવું જોઈએ. સિદ્ધો જગતરૂપ કાર્યના ત્રૈકાલિક શાશ્વત ઉપાદાન છે, એને જ વેદાંતીઓ બ્રહ્મ-ઈશ્વરવાદીઓ ઈશ્વર કહે છે. જેમ ઉપાદાન કારણ વિના કોઈપણ કાર્ય ન સંભવે, તેમ સિદ્ધ ભગવંત વિના કોઈપણ કાર્ય ઘટી શકતું નથી.

૦

ગાહસ્થા પુનરિત્થં ધર્મ ઉપદિશ્યતે ।
સવ્વારંભ-પરિગ્ગહ ણિક્ખેવો સવ્વભૂતસમયા ય ।
એક્કગ્ગમણસમાહણયા ય અહ એત્તિઓ મોક્ખો ॥

-બૃહત્કલ્પ ભાગ ૪ ગા૦ ૪૫૮૫

(परिशिष्ट-२६)

टीका-<u>सर्वस्य</u> सूक्ष्मबादरादिभेद जीवविषयस्य <u>आरंभस्य</u>
सर्वस्य च सचित्ताचित्तमिश्र भेदभिन्नस्य <u>परिग्रहस्य</u>
यो <u>निक्षेपः</u> -संन्यासो, या च <u>सर्वभूतेषु</u> <u>समता</u>, या
<u>च एकाग्रमनः</u> समाधानता <u>अथ</u> <u>एष</u> एतावान् <u>मोक्ष</u>
उच्यते, कारणे कार्योपचारात् एष मोक्षोपाय इत्यर्थः।

सव्व भूअप्पभूअस्स......

(परिशिष्ट-२७) - बृहत्कल्प भाग ४, गाथा ४५८६

o પૂર્વ પરિણામયુક્ત દ્રવ્ય કારણરૂપ છે.
ઉત્તર પરિણામયુક્ત દ્રવ્ય કાર્યરૂપ છે.

o ખાણથી લાવેલી માટી જે જે પર્યાયરૂપે પલટાય છે, તેને અનુકૂળપણે કુંભારની હસ્તપાદાદિના વ્યાપારરૂપ યોગક્રિયા અને રાગ-વ્યાપારરૂપ ઉપયોગક્રિયા પણ પલટાતી જાય છે. ઉપાદાન-ઉપાદેય સંબંધની સાથે આ રીતે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ હંમેશા જોડાયેલો જ છે.

<u>નિમિત્ત કારણના ત્રણ પ્રકાર</u>

(૧)સ્વયં નિષ્ક્રિય: ધર્મ, અધર્મ, આકાશ આદિ
(૨)સક્રિય છતાં રાગ-ઇચ્છા-પ્રયત્નાદિ રહિત:
મેઘ, વાયુ, વિદ્યુત, કર્મ, નોકર્મ આદિ
(૩)ઇચ્છા, પ્રયત્ન અને કારક સાકલ્યના રાગાદિ સહિત.

નિમિત્ત ઉપાદાનમાં બળાધાનનું નિમિત્ત છે. તે સ્વયં
ઉપાદાન જ કરે છે, તેમાં નિમિત્ત અન્ય દ્રવ્ય થાય છે.

પ્રેરક નિમિત્ત કારણ - જળાદિ

ઉદાસીન નિમિત્ત કારણ - ધર્માદિ

અકાળમરણ, સંક્રમણ, ઉદીરણા, ઉદ્વર્તના, અપવર્તના
આદિ કાર્યોમાં પ્રેરક નિમિત્ત કારણો છે.

જળમાં ગતિ ઉપાદાન કારણને આધારે છે.
વાયુ વડે ઉદ્ગમન નિમિત્ત કારણને આધીન છે.

કાર્ય કારણમાં દ્રવ્યરૂપથી છે પણ પર્યાયરૂપથી નહિ,
તેથી અસત્ કાર્યની ઉત્પત્તિનો મત અસત્ય ઠરે છે.
ઉપાદાનની ઉત્તરકાલીન પર્યાય એ જ કાર્ય છે.
ઉપાદાન કારણ સ્વયં કાર્યરૂપ પરિણમે છે,
સહકારી સામગ્રી તેના બળાધાનમાં નિમિત્ત બને છે.

ઉપાદાન બે પ્રકારે : નિત્ય ઉપાદાન, સમર્થ ઉપાદાન.
નિત્ય ઉપાદાન (દ્રવ્યની સ્વશક્તિ) ત્રૈકાલિક છે.
સમર્થ ઉપાદાન અનન્તર પૂર્વ પર્યાય વિશિષ્ટ દ્રવ્ય છે.
તેને 'નિયતિ' પણ કહે છે. કર્મ નિમિત્ત છે.

तादृशी जायते बुद्धिर्व्यवसायश्च तादृशः ।
सहायास्तादृशाः सन्ति यादृशी भवितव्यता ॥

-वैराग्य कल्पलता

જીવની સમર્થ ઉપાદાન શક્તિનું નામ 'ભવિતવ્યતા' છે.
ભવિતુયોગ્યમ્ - યોગ્યતા, વ્યવસાય - ઉદ્યમ,
સહાય - કર્મ, કાળ - સ્વકાળ, સ્વભાવ - ઉપાદાન.
સ્વકાળ ઉપાદાનની વિશેષતારૂપ છે.
સંસારીજીવ શુદ્ધિ-અશુદ્ધિ નામની ૨ શક્તિઓ સંબંધિત છે.
અશુદ્ધશક્તિ અનાદિ સાંત - શુદ્ધશક્તિ સાદિ અનંત છે.
અશુદ્ધ શક્તિની અભિવ્યક્તિ અનાદિકાળથી છે.
શુદ્ધશક્તિની અભિવ્યક્તિ પુરૂષાર્થથી થાય છે.
સહજભાવ અને તદ્ભાવ્યત્વ સાધ્ય વ્યાધિકરણ્ય છે,
તે પુરૂષાર્થથી રહે છે.
દૈવ અદૃષ્ટ છે, પૌરૂષ દૃષ્ટ છે. ઈટ ચેષ્ટિત છે. સમર્થ
ઉપાદાનના અંતર્લયનરૂપ વ્યાપાર ક્ષણને 'સ્વકાળ' કહે છે.
o ભવસ્થિતિ = કાળલબ્ધિ.
કાળલબ્ધિ અને યોગ્યતા એ બંને
ઉપાદાનગત વિશેષતાના જુદા જુદા નામ છે.
કાળાદિલબ્ધિ એ આગમ ભાષા છે.
શુદ્ધાત્માભિમુખ પરિણામરૂપ સ્વસંવેદનજ્ઞાન
એ અધ્યાત્મ ભાષા છે.
જે સમયે જે કાર્ય માટે સમ્યક્ પુરૂષાર્થ થશે,
તે તેની 'કાળલબ્ધિ' છે.

o ઈચ્છા (ગતિ) ક્રિયાની પ્રવૃત્તિ અન્ય દ્રવ્યોના ક્રિયા વ્યાપાર વખતે તેના ઉપાદાનમાં નિમિત્ત બને છે.
આશ્રય કારણ - ઉદાસીન કારણ. સક્રિય - અક્રિય.
વિવક્ષિત દ્રવ્યના ક્રિયાવ્યાપારમાં તદ્ભિન્ન દ્રવ્યનું સક્રિય રહેવું એ પ્રેરક કારણનો અર્થ નથી, કિન્તુ વિવક્ષિત દ્રવ્યને બળાત્કારે પરિણમાવવું એ પ્રેરક કારણનો સાચો અર્થ છે.
વેદાન્તની જ્ઞાન પ્રણાલિકા, વૈષ્ણવોની ભક્તિ પ્રણાલિકા, જૈનોની કર્મ પ્રણાલિકા છે. આગમ પરાપૂર્વનું જ્ઞાન છે.
સ્પંદ ચૈતન્યનો વેગ છે, પ્રત્યભિજ્ઞા ઈશ્વરાનુભૂતિ છે.

ધર્મ એ આત્મા - પરમાત્માની ખાલી વાતો નથી, ધર્મ એ વ્યક્તિના અંગત વિકાસનું સાંકડુ સાધન નથી, ધર્મ એ તો જીવમાત્રની એકતા સાધવાનો અનુપમ વ્યવહાર છે. સમાજના લોકો વ્યક્તિ દ્વારા શીખે જ નહિ.

અનંતતા અને વિશાળતામાં
પરમાત્માની ભવ્ય જ્યોતિનું મનોહર દર્શન થાય.

o ઈશ્વર એક જ છે, સર્વવ્યાપી, સર્વ શક્તિમાન છે, કિન્તુ મનુષ્યની બુદ્ધિ અને કલ્પના મર્યાદિત છે.
મનુષ્યો સૃષ્ટિનો અનુભવ પાંચ ઈંદ્રિયો દ્વારા કરે છે.
આંખ છે ત્યાં સુધી વસ્તુઓ મૂર્ત રૂપે દેખાવાની છે.

દેખાવું એવું નામ જ મૂર્તિ. મૂર્તિ પોતે ઈશ્વર નથી,
પરંતુ ઈશ્વરની સાથે સંબંધ કરાવનાર
એક કેડી છે, સહાય આલંબન છે.

૦ પ્રેમ એ જ સાચી સત્તા છે, બાકી સત્તાથી મનુષ્યની
સુધારણામાં કામ લાગતી નથી. સૌ પ્રેમના ભૂખ્યા છે.
ઈશ્વરને પામવાનો રસ્તો હૃદય છે.
હૃદયને સ્વચ્છ રાખવાથી ઈશ્વર મળે છે, મદદ કરે છે.

૦ એકતાની ભાવના વિના શાંતિ થતી નથી.
ધર્મ એ માત્ર દેવળો, મંદિરો કે પુસ્તકના પાનાથી નથી,
પરંતુ રાત-દિવસ આચરવાની વસ્તુ છે.
ઈશ્વરની આરાધના સચ્ચાઈ વગર કદી ફળતી નથી.
હૃદયમાં વેર-ઝેર ભર્યાં હશે, તો ઈશ્વર દેખાશે નહિ.
હૃદયની અંદર મનુષ્ય અને કુદરત બંને એકરૂપે જ છે.
બહુત્વમાં મનુષ્ય લપટાય, ત્યારે ભેદની વૃત્તિ પેદા થાય.
પોતાને અલ્પસ-અલ્પ શક્તિમાન માની લે છે.
અસ્તિત્વનું દર્શન થાય, ત્યારે તે ત્રિકાળ દર્શન કરે છે.
એ પછી શક્તિના મહાપ્રવાહમાં પોતે આવતા જાય છે,
મનનાં ભૂતોથી તે ડરતો નથી અને પોતાના પૂર્ણ
સંકલ્પોને સિદ્ધ કરતાં તેને જરા યે વાર લાગતી નથી.
'ન મે ભક્તઃ પ્રણશ્યતિ|' (પરિશિષ્ટ-૨૮)

<u>સૂયગડાંગ, પ્ર. જૈફ, વ-૩ ગરૂડવર</u>

(૧) વીતરાગ સર્વજ્ઞ-સર્વદર્શી દેવાધિ
પ્રતિ સમય સર્વને જોઈ-જાણી રહ્યા છે.

(૨) ક્ષાયિક સમ્યક્ત્વ અને યથાખ્યાત ચારિત્રના ધણી હોવાથી સર્વ ઉપર પૂર્ણ કરૂણાભાવ વડે ઉપકાર અને પરિપૂર્ણ ધર્મ વડે સર્વનું રક્ષણ-કલ્યાણ કરી રહ્યા છે.

(૩) અનંત દાન-લાભ-ભોગ-ઉપભોગ અને વીર્ય વડે અનંતાનંત જીવોને આત્મદાન, આત્મલાભ, આત્મભોગ, આત્મઉપભોગ અને આત્મશક્તિ આપી રહ્યા છે તથા નવ ક્ષાયિક લબ્ધિઓ વડે વિશ્વહિતને કરી રહ્યા છે.

૦ મનની પારનાં રહસ્યો પામવા માટે
મનની ઉપાસના કરવી પડે છે.

સઘળી ઇંદ્રિય હૃદયમાં ખેંચી પ્રત્યાહાર કરવો.

<u>હૃદયમાં જ ચિદાકાશ છે.</u>

તે અચિન્ત્ય છે, અવ્યક્ત છે, અનંત છે અને અમૃત છે.
હૃદય સર્જનશક્તિનું મૂળ, સંકલ્પોનું બીજ, શક્તિનું કેન્દ્ર છે.

સ્થૂલ શરીરની પાર આત્મા રહેલો છે.

<u>જેને આત્માનું જ્ઞાન થાય છે, તે મરણને તરી જાય છે.</u>

દરેક ધર્મની અંદર રહસ્યનો વિભાગ = યોગવિદ્યા છે.

## નમો

ધર્મ પુસ્તકોના કેવળ સ્થૂળ અર્થો કરવાથી
કદાપિ રહસ્યનો સ્ફોટ થતો નથી.
ઇંદ્રિયોનો સંયમ અને આત્માની ઓળખાણ પાછળ
યોગાદિકોનું જ રહસ્ય છે.
જ્ઞાન એ પ્રકાશ છે અને જડ એ અંધકાર છે.
અંધકારમાંથી પ્રકાશ તરફ ગતિ કરવી એનું નામ પુરુષાર્થ.
આ વસ્તુ શ્રદ્ધા અને ભક્તિ વગર સમજી શકાતી નથી.
જ્ઞાન એ શ્રદ્ધા અને ભક્તિનું મૂલ્ય સમજવા માટે છે,
શ્રદ્ધા અને ભક્તિનો ઇન્કાર કરવા માટે નહિ.
જ્ઞાનથી જ શ્રદ્ધાનું મહત્ત્વ, ભક્તિનો પ્રભાવ સમજાય છે.
સ્થૂળ કામનાઓ ઇશ્વર પોતે જ પૂરી કરે છે.
હૃદય એ જ્ઞાન અને મગજ એ જડ છે.
અર્થાત્ કે હૃદય જ્ઞાન તરફ - મગજ જડ તરફ હોય છે.
ઇશ્વરનું દર્શન હૃદય દ્વારા જ થાય છે.
જેનું હૃદય સાફ, તેનાં મન-વચન-કર્મમાં સચ્ચાઇ રહે.
તેનાં સંકલ્પમાં સત્યનો પ્રભાવ રહે છે,
તેના શબ્દમાં ઇશ્વરને ખેંચવાનું બળ રહે છે.
જે અસ્તિરૂપ છે તે સત્ય - જે નથી તે અસત્ય છે.
પ્રકૃતિ અસત્ય છે, બ્રહ્મ સત્ય છે.

હૃદયમાં જે હોય તે સત્ય.

હૃદયમાં પ્રેમ છે માટે પ્રેમ એ સત્ય છે.

પ્રેમ ઉપર સંસ્કાર છવાય છે, ત્યારે બીજી વૃત્તિઓનો આભાસ થાય છે, પરંતુ એ વૃત્તિઓ નાસ્તિરૂપ છે.

પ્રકૃતિ પ્રેમનો માત્ર આભાસ તેમાં છે.

સત્યનું આચરણ કરવું અને
હૃદયને પ્રેમ અને દયાથી ભરેલાં રાખવાં.

સંસાર એ મનોમય વસ્તુ છે.

પ્રિય અને અપ્રિય એ તો મનમાં રહેલી વસ્તુઓ છે,
પ્રિય અને અપ્રિય એ પદાર્થગત વસ્તુ નથી.

વસ્તુને છોડવાની હોતી નથી, દૃષ્ટિને બદલવાની હોય છે.

ક્રોધ અને આવેશ એ બંને વૃત્તિઓ જ્યારે ઉર્ધ્વભાવ પામે, ત્યારે પ્રેમ અને વિશ્વબંધુત્વની ભાવના જન્મે છે.

પ્રેમથી ક્રોધ અને વિશ્વબંધુત્વભાવથી આવેશ જાય છે.

તત્ત્વની શોધ અને સંસ્કારનો પ્રચાર બંને જુદી વસ્તુ છે.

મહાપુરુષને સમજ્યા-વિચાર્યા વિના
સૃષ્ટિને સમજી-વિચારી શકાતી નથી.

સૃષ્ટિ એ મહાપુરુષની વૃત્તિઓનું પ્રતિબિંબ જ છે.

મહાપુરુષભાવ સાથે એનું નિરૂપણ છે,
તે સિવાય એના નિરૂપણનો કશો અર્થ જ નથી હોતો.

મનુષ્ય ભૂત અને ભાવિના તરંગોમાં છે.
નિર્વાણ એ વર્તમાન છે, નિસ્તરંગ સ્થિતિ છે.
જે સમજે તે મોટો બની શકે, ન સમજે તે સદા નાનો રહે.
ઈશ્વર કે આત્માનું નામ દેવાથી કોઈ મોટો થઈ જતો નથી.
પુરુષાર્થ એ મનુષ્યનો ધર્મ છે, પ્રારબ્ધ એ ઈશ્વરની કૃપા છે.
પુરુષાર્થને નાસીપાસનો પ્રસંગ ઊભો ન થવો જોઈએ, કારણકે
ઈશ્વર માથે બેઠો છે. એની મદદ એ એની રીતે કરે જ છે.
એના રસ્તાની આપણને જાણ નથી,
એ અચિન્ત્ય અને અતર્ક્ય છે એટલું જ.
એટલા માટે 'સ્વભાવોઽતર્ક્ય-ગોચરઃ।' (પરિશિષ્ટ-૨૯)
એ ઈશ્વરનો સ્વભાવ છે એમ માનવું જોઈએ.
૦ ધર્મ એ મનુષ્યમાત્રને એક કરનારી પ્રવૃત્તિ છે.
એને શાંતિ અને ઉમંગ દેનારી વસ્તુ છે.
૦ અંધકારની પારની ઝળહળતી જ્યોતિને
પોતાની જ જ્યોતિરૂપે હૃદયમાં ઉપાસો.
સ્રષ્ટા હૃદયમાં છે - તે અક્ષર છે, અચ્યુત છે, અલખ છે.
પ્રેમ એ જ પરમાત્મા. પ્રેમનું બીજું નામ દયા છે.
પ્રેમનું સ્થાન હૃદય છે. પ્રેમનો ઉદય ભક્તિમાંથી થાય છે.
ભક્તિ માટે હૃદયને તૈયાર કરવું જોઈએ.

ભક્તિ માટે જડ, પ્રપંચ, મદ, માત્સર્ય, ઈર્ષ્યા, દ્વેષ
ઈત્યાદિ વિકારો ઉપર કાબુ મેળવવો પડે.

ભક્તિમાર્ગના ત્રણ સરેલ રસ્તા છે:

પ્રભુનું શ્રવણ, કીર્તન અને સ્મરણ.

મનુષ્ય જ્યારે ઈશ્વરના વિચારમાં અખંડ રચ્યોપચ્યો રહે,
ત્યારે એના ચિત્તમાં ખરાબ વિકારો આવતા નથી.
પ્રેમની અખૂટધારા જ્યારે વહેતી થાય,
ત્યારે ભગવાનનું ખરેખરું રૂપ આપણે જોઈ શકીએ.

ભક્તિના પાંચ પ્રકારો છે:

શાંત - શાંતિમય આનંદ.
સખ્ય - મૈત્રીની ભાવના.
દાસ્ય - ઈશ્વર માલિક અને આપણે નોકર.
વાત્સલ્ય - બાળક અને માતા-પિતા વચ્ચેની ભાવના.
મધુર - દાંપત્ય પ્રેમ, પોતાનું ભિન્ન અસ્તિત્વ વિસરી જવું.

o પ્રકૃતિને વાળવાની કળા પ્રાપ્ત કરવી તેનું નામ યોગ.
કુશળતાથી વાળેલી પ્રકૃતિ મનુષ્યને ઘણી ઉપકારક થાય છે.
પ્રકૃતિ ઉપર બળાત્કાર કરનારો પ્રકૃતિથી જ હણાય છે.
મનુષ્યમાં રહેલી વાસનાઓ એટલી બધી પ્રબળ હોય છે
કે તેમની સાથે જો હઠથી કામ લેવામાં આવે, તો મનુષ્યના

નોંધ

જ્ઞાનતંતુઓ ઉપર આઘાતો પહોંચે છે અને
મગજમાં વિકાર, વિભ્રમ કે ગાંઠો બની જાય છે.
o લક્ષ્મી એટલે વિશ્વનું પોષણ કરનારી શક્તિ.
કૃષ્ણની નારાયણરૂપે – તેમની શક્તિની લક્ષ્મીરૂપે ભક્તિ.
બંને સાથે સાથ થાય એટલા માટે જ નવો 'લક્ષ્મીનારાયણ
સંપ્રદાય ઊભો થયો. ગીતામાં યોગનો અર્થ ઈશ્વરાર્પણ છે.
ઈશ્વર અનાદિ-અનંત અને વિશ્વનો સંચાલક છે.
એની ભક્તિ હૃદય માર્ગે થાય છે.
એનો જે ખરેખરો ભક્ત હોય, તેનો તે તારણહાર છે.
જેના ઉપર તેની કૃપા ઊતરે છે,
તેની સન્મુખ આત્મા પોતાનું સ્વરૂપ ખડું કરે છે.
પ્રેમ વગર એકાગ્રતા આવતી નથી.
પ્રેમ દ્વારા હૃદયની નાડીઓ ધબકે છે અને ઈશ્વરનું
રૂપ જલ્દી ખડું થાય છે. ભક્ત ખાતર ભગવાન જે રૂપ
ધારણ કરે છે, તે ભક્તની ઇચ્છા મુજબનું જ હોય છે,
જે કદી બદલાતું નથી. અનંતશક્તિથી ભરેલા ભગવાન
ક્ષણભંગુર મનુષ્યની કમજોર બુદ્ધિ-શક્તિથી કદાપિ પ્રાપ્ત
થઈ શકે નહિ. પ્રભુને પામવા માટે મનુષ્યે પોતાની
બુદ્ધિનું ક્ષુદ્ર ગુમાન મૂકી દઈ, સજળ નેત્રે અને ગદ્ગદ કંઠે
પ્રભુની જ અનન્ય શરણાગતિ સ્વીકારવી જોઈએ.

ભગવાન ભાવગમ્ય છે, બુદ્ધિગમ્ય નહિ.
ભગવાનને પામવાનો માર્ગ મસ્તક નહિ, હૃદય છે.
હૃદય જો સાફ અને કોમળ હશે,
તો જ પ્રભુ તેમાં આવશે-ઉતરશે.
હૃદયને સાફ રાખવા સારું જ બુદ્ધિ આપી છે.
બુદ્ધિનો ઉપયોગ જો આપણે
હૃદયને મેલું કરવામાં કરીએ, તો આપણને કોઈ ન રોકે.
બુદ્ધિ ક્યાં અને કેવી રીતે વાપરવી એ માટે સ્વતંત્ર છીએ.
ભગવાન ખરેખર જ કહે છે કે:
હું તને હૃદય દ્વારા મળીશ, બીજે નહિ.
માટે તું મારી આપેલી બુદ્ધિને હૃદયમાં વાળ, બીજે નહિ.

o णाणे णिच्चब्भासो
कुणइ मणो धारणं विसुद्धिं च ।
णाणगुण-मुणियसारो
तो झाइ सुणिच्चलमईओ ॥

o संकाइ दोस रहिओ
पसमथेज्जाइगुणगणोवेओ ।
होइ असंमूढमणो
दंसणसुद्धीए झाणम्मि ॥

(પરિશિષ્ટ-૩૦)

## નોંધ

<u>અચલગઢ, પ્ર-જેઠ વદી-૩, ગુરુવાર સવારે ૧૧:૩૦ વાગે.</u>

પ્રભુ વીરે ત્રેવીસમા તીર્થંકર પાર્શ્વનાથના ચાર સિદ્ધાંતો અહિંસા, સત્ય, અસ્તેય અને અપરિગ્રહમાં પાંચમો બ્રહ્મચર્યનો સિદ્ધાંત ઉમેર્યો. એમનો નિશ્ચય એવો હતો કે બ્રહ્મચર્યના પાલન વિના આધ્યાત્મિક દૃષ્ટિનો વિકાસ થતો નથી. નિશ્ચયના પાલનમાં વ્રતો ઉપકારક હોય છે, માટે એમણે વ્રતબદ્ધ જીવન ઉપર ઘણો ભાર મૂક્યો. ઉપવાસ, મૌન, સદ્‌વિચાર, એકાંત વગેરે વ્રતો મનુષ્યોની સૂક્ષ્મ શક્તિઓને વિકસાવનારા છે, એવો દરેક ધર્મનો મત છે અને જૈન ધર્મનો તો તે માટે ખાસ આગ્રહ છે.

o જગત શાશ્વત, આદિ-અંત વિનાનું છે.
તેમાં નિરંતર રૂપાંતરો થયા કરે છે.

<u>કર્મ પ્રમાણે ફળ મળે છે, માટે કર્મ ઉપર ખૂબ ધ્યાન આપવું.</u>

<u>મનુષ્ય વિચારે તેટલી ઉન્નતિ કે અવનતિ કરી શકે છે.</u>

વીતરાગના વચનોના આધારે શું વિચારવું - શું ન વિચારવું તેનો નિશ્ચય કરવો અને તદનુસાર જ નિત્ય વર્તવું. વસ્તુને સાપેક્ષપણે વિચારવું કેમકે વસ્તુ અનંતગુણધર્માત્મક છે. દરેક ગુણધર્મો એક જ વખતે વ્યક્ત થઈ શકતા નથી. દરેક અભિપ્રાયમાં સત્યનો અંશ છે જ.

અભિપ્રાયને શોધવા પ્રયાસ કરવો,
પરંતુ તેને સંપૂર્ણ સત્ય માની લેવા નહિ.
પ્રાણીમાત્રમાં જીવ છે.
પ્રત્યેક જીવને પોતાનું જીવન વહાલું છે.
પ્રત્યેક જીવ પોતાના સારાં-નરસાં કર્મો ભોગવી રહ્યો છે.
હિંસા કરીને કોઈને પીડા કરવી તે પાપ છે.

અહિંસાના પાલન વગર ધર્મ હોઈ શકે જ નહિ, કારણકે ધર્મનું મૂળ દયા, અનુકંપા, પ્રેમ, સહાનુભૂતિ છે, ક્રૂરતા, દ્વેષ, વેર કે ધિક્કાર નહિ. મનુષ્યની ઊંચાઈનું માપ મનુષ્યના દયાભાવ અને પ્રેમભાવના માપથી નીકળે છે.

૦ બ્રહ્મચર્ય ઉપરનો ભાર, તપ-વ્રતોનો આગ્રહ અને બધા અહિંસક આચારધર્મો એ જૈનધર્મનો નીચોડ છે. વીરની સર્વ સિદ્ધિઓમાં જે સિદ્ધિઓ ઊડીને આંખે ચોંટે છે ને હૃદયના તારેતાર હલાવી નાંખે છે તે છે - અહિંસા અને તપ.

અહિંસામાં સત્ય અર્થાત્ કે સમ્યગ્દર્શન તો સમાઈ જ જાય છે. 'જેવા આપણે છીએ તેવા બધા છે' એ સત્યદર્શન કે સમ્યગ્દર્શન છે. એ થાય ત્યારે જ અહિંસાની આપણા હૃદયમાં પ્રતિષ્ઠા થાય. એનું દુઃખ તે આપણું જ દુઃખ. એના દુઃખમાં આપણને આનંદ થાય, તો સમજવું કે આપણે અજ્ઞાની છીએ અને તેથી ભાવદુઃખની અંધારી વાટે ચઢી ગયા છીએ.

અહિંસાની ભાવના હૃદયના માર્ગે જ પુષ્ટ થાય છે, માટે
ભગવાને વારે ક્ષમાપના-શુભેચ્છા વડે, મન-ઇંદ્રિયોને
દમવા વડે હૃદયને અત્યંત નિર્મળ રાખવાનો બોધ કર્યો.

જો આપણે હૃદયની સાફસૂફી પ્રત્યે
બેદરકાર રહીશું તો રસ્તો ભૂલાશું, પ્રકાશ બુઝાઈ જશે,
અજ્ઞાન અને મોહનો અંધકાર ફરી વળશે.
દુઃખના દાવાનળમાં અને દુઃખની દાઢમાં કચડાઈ જઈશું.
કરુણાના સાગર ભગવાને મહાસમાજને કહ્યું કે:
'આ સૃષ્ટિ દયાને-ક્ષમાને-પ્રેમને પાત્ર છે.
પ્રાણીમાત્રને જીવન, લાગણીઓ, દુઃખ, દર્દ આંસુ હોય છે.
તેમનો સંહાર ન કરીશ. સમગ્ર સૃષ્ટિ તારા પ્રેમની ભૂખી
છે, તારી દયાને ઝંખે છે, તારું હૃદય માંગે છે. એ કારણે
તું એને પ્રેમ આપ, અભય આપ. એનો સંહાર છોડી દે.
એ તારું ભોજન નહિ, તું એનું ભોજન બન.
તારી જરૂરીઆતોનો તું અન્યની ખાતર સંહાર કર,
પણ તારી ખાતર તું અન્યનો સંહાર ન કર.
તું તપસ્વી થા, વ્રતી થા, મૌની થા, અનાથ સૃષ્ટિનો નાથ થા.
તું સૃષ્ટિનો રક્ષક થા, ભક્ષક કદી નહિ.'

પરમ પવિત્ર, પૂજ્ય, દયા-કરુણા-પ્રેમના અપાર સાગર
સમા પ્રભુ મહાવીરે જે આમ કહ્યું છે તે અક્ષરશઃ સાચું છે.

તપ અને અહિંસા વગર માનવનો ઉત્કર્ષ નથી.
અહિંસા, દયા, કરુણા અને પ્રેમ એ ધર્મના ચાર
પાયા છે અને અહિંસા એ તપનો પાયો છે.
પાયો જેટલો મજબૂત, તેટલી ઈમારત મજબૂત.
મહાવીરનો ધર્મ જૈનધર્મ નથી, માનવધર્મ-પ્રેમધર્મ છે.
જો દરેક મનુષ્ય આ નિશ્ચયમાં દૃઢ-આરૂઢ થાય,
તો કરોડો જીવોના હૃદયને શાંતિ થાય, સુખ થાય,
અને જીવસૃષ્ટિના મૂક આશીર્વાદ મળે.

ચાર ભેદો

ગતાગત, સુવિક્ષિપ્ત, સંગત અને સુસમાહિત.
એ ચાર ભેદો અનુક્રમે
સ્વપ્ન-જાગર, સ્વપ્ન-સ્વપ્ન, સ્વપ્ન-સુષુપ્ત, સ્વપ્ન-તુર્ય
સમાન જાણવા.
(ગતાગત એટલે ૩૬ આંગુલ પ્રમાણ પ્રાણીના
આયાસવડે ઉત્પન્ન થતા ગમાગમ સંબંધી)

० पढमं अणिच्चमावं असरणयं एगयं च अन्नत्तं ।
संसारमसुभयापि य विविहं लोगं सहावं च ॥
कम्मस्स आसवं संवरं च निज्जरणमुत्तमेवगुणे ।
जिणसासणंपि बोहिं च दुल्लहं चिंतए मइमं ॥

(પરિશિષ્ટ-૩૧)

શાંતિ આશ્રમ, આબુ પ્ર-જે-વ-૬ રવિ

0 ખિત્તે દિત્તુમ્મત્તે રાગાઇસિણેહભયમહાઽવત્તે ।
નિદ્દાઇ પંચગેણં બારસહા દક્ખસુજ્ઝંતિ ॥
0 ઉવરિમ ઠિઈ દલિયં હેટ્ઠિમ ઠાણમ્મિ કુણઇ ગુણસેઢી ।
0 ઊસસિયં નીસસિયં નિચ્છૂઢં ખાસિઅં ચ છીઅં ચ ।
નિસ્સિંઘિઅમણુસારં અણક્ખરં છેલિઆઈઅં ॥
0 ણવકમ્માણાયાણં પોરાણ વિણિજ્જરં સુભાયાણં ।
ચારિત્તભાવણાએ ઝાણમયત્તેણ ય સમેઇ ॥
0 સુવિદિય જગસ્સભાવો નિસ્સંગો નિબ્ભઓ નિરાસો ય ।
વેરગ્ગભાવિયમણો ઝાણમ્મિ સુનિચ્ચલો હોઇ ॥

(પરિશિષ્ટ-૩૨)

ચિત્તં તિકાલ-વિસયં ચેયણપચ્ચક્ખસણ્ણમણુસરણં ।
વિણ્ણાણણેગભેયં કાલમસંખેયરં ધરણા ॥

(પરિશિષ્ટ-૩૩)

સત્ત વિઆરણપાવં, અણંત ગુણીયં ચ એક્ક જૂઅસ્સ ।
જૂયસ્સ અસંખગુણં, પાવં ઇક્કસ્સ પાણસ્સ ॥૬૪૪॥

(પરિશિષ્ટ-૩૪)

બેંદિઅ, તેંદિઅ, ચઉરિંદી, તહય ચેવ પંચિંદી ।
લક્ખ સહસ્સા તહ, સયં ગુણં તં પાવં મુણેયવ્વં ॥૬૪૫॥

-ગાથા સહસ્રી (પરિશિષ્ટ-૩૫)

પુરાવલા, પુંડસ્થલ પ્ર. જે ૫-૭

(૧) સ્વભાવ - દ્રવ્યની સ્વશક્તિ (નિત્ય ઉપાદાન)
(૨) પુરુષાર્થ - દ્રવ્યનું બળ (વીર્ય)
(૩) કાળ - સ્વકાળ
(૪) નિયતિ - સમર્થ ઉપાદાન (નિશ્ચય - અનંતર સ્વશક્તિ)
(૫) કર્મ - નિમિત્ત (પરપદાર્થની અવસ્થા).

આ પાંચેના સમુદાયને સ્વીકારનાર સમ્યગ્દૃષ્ટિ છે,
અલગ અલગને કારણ તરીકે જોનાર મિથ્યાદૃષ્ટિ છે.
નિમિત્ત કારણોમાં પ્રબળ કારણ પરમાત્મા છે, તેથી
તેમની કરુણા વડે જ સર્વ કારણોની ઉત્પત્તિ છે,
આવી શ્રદ્ધા એ સમ્યક્ શ્રદ્ધા છે.

o आय तुले पयासु । - सूत्रकृतांग

अनुकम्पा - दुःखितेषु अपक्षपातेन दुःखप्रहाणेच्छा,
सा च द्रव्यतः शक्तौ सत्यां दुःखप्रतीकारेण,
भावतः आर्द्रहृदयत्वेन । - योगशास्त्र
(परिशिष्ट-३६)

o दुःखितेषु दयाऽत्यन्तमद्वेषो गुणवत्सु च ।
औचित्यासेवनं चैव सर्वत्रैवाऽविशेषतः ॥
- योगदृष्टि० ३२

દુઃખી પ્રત્યે અત્યંત દયા અને ગુણવાન પ્રત્યે
અદ્વેષ તથા સર્વત્ર અવિશિષ્ટપણું,
મારા-તારાના વિભાગ વિના ઔચિત્યનું સેવન કરે.

o ધર્મહીન ભવિષ્યમાં દુઃખી થવાનો છે માટે દયાપાત્ર છે.
દુઃખી વર્તમાનમાં દુઃખી છે માટે દયાપાત્ર છે.

o પાપ દુઃખ લાવે છે માટે નિંદ્ય છે, એમ નહિ
પણ પ્રભુથી વિખુટા પાડે છે માટે નિંદ્ય છે.
તમારા પાપકર્મોની જેમ સુકૃત કર્મો પણ ઢાંકો.

o સંસાર મનનો જ તમાશો છે,
તો પછી એક તમાશાની ખાતર લોકો શા માટે
રાત-દહાડો ચિંતાથી સુકાતા હશે?

o શરીરની ક્ષીણતાનું મોટું કારણ ફીકર છે.
ફીકર કી ફાકી કરે ઉસકા નામ 'ફકીર.'

o જ્ઞાન પુસ્તકીયું કે પોપટિયું નહિ,
પણ આચરણ-અનુભૂતિરૂપ જોઈએ.

o આંખ જુએ છે, તેમ મન તેથી પણ વધારે જુએ છે.

o સિદ્ધિ = ઇંદ્રિય-મનનો સંયમ.
સંયમથી ઇંદ્રિયો તથા મનની શક્તિ વધે છે.
સુખ-દુઃખ સંસારમાં નથી. સુખ વૃત્તિમાં છે, વસ્તુમાં નથી.

o મૃગજળનાં પાણી નહિ પીવાં કે નહિ માગવાં.

o મનોલયના પરિણામે વાસનાક્ષય થાય છે.

મનનો નાશ, લય કે ક્ષય થયા પછી
કોઈપણ પ્રકારની વૃત્તિ-વાસના પ્રગટતી નથી.
મનને બાળવું નહિ, પ્રેમ સાથે કાબૂમાં લેવું.
મન તો બિચારું ફૂલ જેવું કોમળ બાળક છે.

o અંધકારમાંથી પ્રકાશમાં લાવે તે નેતા અથવા ગુરુ.

o માત્ર દમન કે શમન નહિ, પણ યોગ્ય રીતે મન અને ઇંદ્રિયોનો નિગ્રહ. તેના પરિણામે અહં ઓગળે છે. મન અને ઇંદ્રિયોની નિરંકુશતામાંથી અહંવૃત્તિ જન્મે છે, જેમાંથી 'હું આ છું - હું તે છું - હું કંઈક છું' એવા તરંગો જન્મે છે. જ્યારે એ તરંગો ઓગળી જાય છે, ત્યારે 'હું કંઈ નથી, ચૈતન્યના મહાસાગરનું માત્ર એક ટીપું છું' એવું અખંડ ભાન શરૂ થાય છે, તેમાંથી જે અવર્ણનીય આનંદ સાંપડે છે, તેનું જ નામ '<u>મહાભાવ</u>' છે.

<u>'મુક્તિ' એટલે કેવો અનુભવ?</u>

આખા વિશ્વ સાથે પોતે ઓતપ્રોત-તદાકાર-એકાકાર છે,
એવો ફક્ત નિશ્ચય નહિ પણ અનુભવ થવો તે.
પરમાત્મા પોતે સંકોચિત જીવાત્મા બને છે અને

જીવાત્મા પોતે વિકસીને પરમાત્મા બને છે.
વસ્તુતઃ જીવ એ જ ઈશ્વર છે, અર્થાત્
ઈશ્વરનું અત્યંત મર્યાદિત સ્વરૂપ તે જીવ છે.

મર્યાદિત અભિમાન તે જીવભાવ.

અમર્યાદિત સ્વભાન તે ઈશ્વરભાવ.

ઇંદ્રિયોની પાર મન, મનની પાર બુદ્ધિ
અને બુદ્ધિની પાર આત્મા છે.

મૂર્તિપૂજા એકાગ્રતા સાધવાનું પરમ સાધન છે.

સાધનો તરફની નિરંકુશ ભક્તિ - એનું નામ જ ધર્માંધતા.
સારી ચીજનું પણ પ્રમાણ બહારનું સેવન હાનિ કરે છે.
૦ માત્ર ભજનો ગાવાથી કે તર્ક-વિચાર કરવાથી નહિ, પણ
સેવાભાવનાથી માનવી પોતાનો વધુ વિકાસ કરી શકે છે.
સેવાભાવથી અહંકાર શમે - હૃદય સમષ્ટિમાં વિલીન થાય.

કઈ ગાંઠ નાસ્તિકતાની નિશાની છે?

'દુનિયા ઈશ્વરની નહિ, પણ તે સેતાનની છે. આ દુનિયા
કે જ્યાં આટલાં દુઃખદર્દ ભર્યાં છે, ત્યાં ઈશ્વર હોય
જ ક્યાંથી?' એવી ગાંઠ નાસ્તિકતાની નિશાની છે.
ભક્તિમાં ઈશ્વર સાથેનો પોતાનો અવિચ્છિન્ન સંબંધ
જાણવા શકાય છે. વિશ્વ આધ્યાત્મિક મહાશક્તિનો વિલાસ

છે. એની ઉપાસનાથી જ વિશ્વનો ખરો ભેદ પામી શકાય છે.
નિરીશ્વરવાદના સ્થાને ચૈતન્યવાદની સ્થાપના આસ્તિકતા છે.
o જેને ત્યાગની ભાવના છે તેના દિલમાં હિંસા હોતી નથી.
o દેખાતું જગત એ બીજું કશું નથી, મનનો તમાશો છે.
જે બધું દેખાય છે, તે મનની જ સુંદર આકૃતિઓ છે.

સાચી વસ્તુ તો દેખનાર પોતે જ છે.

'યહ સંસાર હૈ મન કા તમાશા,
જબ કી ભયા સો ગલે કા ફાંસા.'

જેમ કાચબો પોતાનું શરીર પોતાનામાં સંકેલી લે છે,
તેમ જ્ઞાની પોતાનો જ્ઞાનપ્રભાવ પોતામાં સંકેલી લે છે.

જગત - જીવ - ઈશ્વર એ ત્રણે એક જ વસ્તુનાં જુદા-જુદા સ્વરૂપો છે. એકમાં અનેકની પ્રતીતિ એ સ્થૂલ ઇંદ્રિય જ્ઞાનની ક્ષણિકની ભ્રાંતિ છે. ભિન્નતાની ભ્રાંતિ ટળીને અભેદાનુભવ જે જ્ઞાનથી જાગે એનું નામ યોગ, તેનો અનુભવ કરે તે યોગી. આ જ્ઞાન અનુમાનસિદ્ધ નહિ પણ અનુભવસિદ્ધ હોય છે. દુઃખનો અનુભવ એ માત્ર અહંકાર છે, પરમાત્માથી જ જુદાઈની ભ્રાંતિ છે.

પ્રભુના વિયોગનાં દુઃખને આપણે પદાર્થોના
વિયોગનું દુઃખ માની બેઠાં છીએ.

મંત્રશક્તિ સંકલ્પશક્તિનું મોટું power house છે.
શબ્દોથી etherમાં સ્પંદ થાય છે.
સ્પંદથી સ્થૂળ દેખાતી સૃષ્ટિમાં પણ પરિવર્તન થાય છે.
શબ્દશક્તિનું એ અનુભવસિદ્ધ રસાયણ છે.
સિદ્ધિઓ સંકલ્પશક્તિના જ પરિણામો છે.
મંત્રથી માનવીના હૃદયમાં સ્પંદ થાય અને
સ્પંદથી કર્મ બને, માટે મંત્ર એ શક્તિ છે.

○ હૃદયમાં સમાધાન રહેવું જ ઠીક છે.
શક્તિ હંમેશા શક્તિ તરફ માન રાખે છે.
હૃદયનું બળ એટલે શ્રદ્ધા, બુદ્ધિનું બળ એટલે જ્ઞાન,
વર્તનનું બળ એટલે ચારિત્ર, સત્યાગ્રહી એટલે શ્રદ્ધાગ્રહી.

○ આખરે જગત એક ભાવના છે, એક સંકલ્પ છે.
ભાવના પલટાતાં ચિત્ર પલટાય છે અને
ચિત્ર પલટાતાં આપણા રાગ-દ્વેષો પલટાય છે.
ધર્મ, સંસ્કૃતિ અને સામ્રાજ્ય એ બધું એક જ છે.

○ માનવી જેવું એક ક્ષણભંગુર ક્ષુદ્ર જંતુ પોતાને કેમ
આટલું બધું મોટું માનતું હશે? કેમ આટલું ફૂલી જતું હશે?
પરમાત્માની હસ્તી જે સાચે તરફ પીછાનતો નથી,
તેને જ અહંકારનું ઝેરી અફીણ ચઢે છે.

સત્તા અને મદિરા સરખાં જ છે. તેનો કેફ જેને ચઢે છે, તે પરમાત્મતત્ત્વને વાસ્તવિક સ્વરૂપે જોઈ શકતો નથી.

'શબ્દ શબ્દ તું ક્યા કરે, શબ્દ કે હાથ ન પાંવ,
એક શબ્દ ઔષધ કરે, એક શબ્દ કરે ઘાવ.'

૦ સત્યવાદી ભવેદ્ વક્તા દાતા ભૂતહિતે રતઃ।(પરિશિષ્ટ-૩૭)

સુરત ગામ, કુંભારીયાગામના રસ્તા પર,
પ્ર-જે. વ-૧૦ ૨૦૬૯૫૨

જ્ઞાન-ક્રિયાનો સમુચ્ચય મુક્તિનો હેતુ છે.
જ્ઞાન = સાચી સમજણ. ક્રિયા = સાચું ધ્યાન.
જ્ઞાનમાં ઉપયોગક્રિયાની પ્રધાનતા છે.
ક્રિયામાં યોગવ્યાપારની પ્રધાનતા છે.

શ્રી જિનમતમાં 'ક્રિયા એ જ ધ્યાન છે' એમ જે કહ્યું છે,
એનો અર્થ છે: 'ક્રિયા માત્ર ધ્યાનાર્થે છે'
અથવા 'ધ્યાન માત્ર ક્રિયા સ્વરૂપ છે.'

જ્ઞાનમાં વૃત્તિનો વ્યાપાર - ધ્યાનમાં વ્યાપારનો નિરોધ છે.
પ્રતિક્રમણ-પ્રતિલેખનાદિ ક્રિયા ધ્યાનસ્વરૂપ છે,
કેમકે તેમાં વ્યાપારનો એક જ સ્થાને નિરોધ છે,
તેનો બીજો અર્થ કે એક જ સ્થાને સુદૃઢ વ્યાપાર છે.
જ્ઞાનની સમજણ માત્રથી કર્મમુક્તિ થતી નથી, પણ તે સમજણને અનુસારે ધ્યાનની પ્રવૃત્તિ થવાથી મુક્તિ મળે છે.

ધ્યાનની પ્રવૃત્તિ મનોયોગ - વાગ્યોગ - કાયયોગ અહિં યોગ વડે થવાથી તે ક્રિયા માત્ર મુક્તિનો હેતુ છે. જેમ જ્ઞાન વડે આર્ત-મનના બંધનથી છુટાય, તેમ ધ્યાન વડે તે જ્ઞાન દૃઢ થતું હોવાથી એક જ પ્રયોજનની સિદ્ધિ થાય છે.

એટલા માટે જ શાસ્ત્રોમાં સ્થળે-સ્થળે
જ્ઞાન અને ધ્યાન ઉભયનો ઉપદેશ છે.

જ્ઞાનથી ધ્યાન અને ધ્યાનથી સુદૃઢ જ્ઞાન.

અહીં પ્રયોજનભૂત જ્ઞાન સમત્વભાવ ભાવનારૂં જ્ઞાન છે. એ જ્ઞાનથી આવેલ સમત્વ ધ્યાન વડે દૃઢ થાય છે, સમત્વભાવ સાધવામાં રહેલી અસ્વસ્થતાને દૂર કરે છે.

o જીવાત્માને પરમાત્મા સાથે જેવો સંબંધ છે, તેવો અન્ય કોઈપણ દ્રવ્યની સાથે છે નહિ, હતો નહિ, હશે નહિ. એક જાતિપણાનો - એક દ્રવ્યપણાનો - એક ધ્યેયપણાનો તે સંબંધ છે. પરમાત્માને જીવાત્મા સાથે સતત સંબંધ છે. જ્ઞાનના જ્ઞેયરૂપે, દર્શનના દૃશ્યરૂપે, સમ્યક્ત્વના અનુકંપ્યરૂપે, ચારિત્રના રક્ષ્યરૂપે, દાનાદિ અનંત લબ્ધિઓના પાત્રરૂપે બંનેને સંબંધ છે. દાતાર પાત્રને તેમ પાત્ર દાતારને અનુગ્રાહક છે.

'પરસ્પરોપગ્રહો જીવાનાં ।'

એ સૂત્રના આધારે પરમાત્મા જીવાત્માના અને
જીવાત્મા પરમાત્માના પરસ્પર અનુગ્રાહક છે.

પરમાત્મા ધ્યાતા-જગાત્મા ધ્યેય, પરમાત્મા દ્રષ્ટા-જગાત્મા દૃશ્ય, પરમાત્મા ત્રાતા-જગાત્મા ત્રાણ, પરમાત્મા ગોપ્તા-જગાત્મા ગોપ્ય અને પરમાત્મા દાતા-જગાત્મા પાત્ર. આમ જાતિ-વ્યક્તિ-ઉભયરૂપે બહુ અંતરંગ સંબંધ છે. 'एक-संबंधि-ज्ञानमपर-संबंधि-स्मारकम् ।' એ ઉક્તિ સંબંધના જ્ઞાનથી સંબંધીનું, જાતિથી સજાતીયતાનું, વ્યક્તિથી પરાર્થિનું, ધ્યાનથી ધ્યેયનું, દર્શનથી દૃશ્યનું, અનુકંપાથી અનુકંપ્યનું, રક્ષણથી રક્ષ્યનું, દાનથી પાત્રનું જ્ઞાન થાય છે. એ રીતે આઠ પ્રકારના સંબંધના સ્મરણથી સંબંધી એવા પરમાત્માનું જ્ઞાનીને સતત જ્ઞાન-સ્મરણ-ધ્યાન-સમાપત્તિ આદિ થાય છે, તેથી પરમ સમરસતાનો અનુભવ કરે છે.

આત્મદ્રવ્યને પરમાત્મદ્રવ્ય સિવાય અન્ય દ્રવ્યો
સંબંધ વિજાતીય, અનેકત્વ અને અસ્થિર છે,
અનર્થકારક, ઔપાધિક અને અનનુગ્રાહક છે,
તેથી હેય-અનુપાદેય છે.

સચરાચર વિશ્વમાં એક માત્ર ઈશ્વર સિવાય કોઈ જ સરમુખત્યાર નથી. જે પ્રભુ સરમુખત્યારીને પોષે છે અને નમે છે તે નિરીશ્વરવાદીપણાને સ્વીકારે છે.

आस्तिक्यं हि असत्प्रवृत्तिभयनिमित्तम् ।

-ધર્મ પરીક્ષા

આત્મશક્તિ પોતાની મેળે જ પોતાના પાત્રને શોધી લે છે- પોતાનું દિવ્યરૂપ તેને જ બતાવે છે. -ઈશોપનિષદ્

સ્વંતો-દંતો-સંતો = નમઃ, ભમો, દમો, શમો, ગમો, રમો.

નાકભાઈ

દુનિયા ગરીબોની છે, ઈશ્વર એકલો જ ધનવાન છે.

ઈશ્વર પ્રત્યેક માનવના હૃદયમાં રહેલો છે.

વિશ્વના તમામ પદાર્થોની માલીકી પરમાત્માની જ છે.

જનસમૂહમાં પરમાત્માને જોનારને મન

ખાનગી મિલકત એ ઈશ્વરનો અપરાધ છે.

સંસારનો અનુભવ એ પરમાત્માનો વિરહ છે.

સંસારનો લય એ પરમાત્માનો સંયોગ છે.

અનુભવને વાચા આપો, ત્યારે સંશય વિપર્યયો ઊભા થાય,

અનુમાનોના ઘોડા દોડવા લાગે.

જ્ઞાનીને અનુભવ, પંડિતને તર્કજાળ-શબ્દોની સાઠમારી.

જ્ઞાન એ મલાઈ છે, તર્ક એ છાશ છે.

જ્ઞાનનું મૂળ શ્રદ્ધા અહંતામાંથી ઉગારી જ્ઞાનમાર્ગે વાળે છે.

અહંકારીને કદી જ્ઞાન થતું નથી, કેમ કે

એ પોતાના પડછાયા પાછળ જ દોડતો રહે છે.

પોતાનો આધાર પરમેશ્વર છે, એ વાત સમૂળગી વિસરે છે.

સદા મહોરા ન ફેરવવાનાં નુસ્ખો મળી જાય છે, તથા
સમાજને ઉદ્વેગનું કારણ બને છે.

ઇંદ્રિયોના પૂરા સંયમ વિના અહિંસા સિદ્ધ થતી નથી
અને મનના પૂરા સંયમ વિના સત્ય સિદ્ધ થતું નથી.

ઇંદ્રિયોનો નિગ્રહ તે મોક્ષદ્વાર.

ઇંદ્રિયોનો વિલાસ એટલે મોક્ષમાર્ગના બારણે તાળું.

સંયમ સત્સંગ અથવા ગુરુઆશ્રમના સંગાથે સાંપડે છે. પશુમાંથી માનવ થયો, તે ઓજારો-શસ્ત્રોના બળથી નહિ, પણ અવારનવાર ઉત્પન્ન થતા દિવ્ય આત્માઓના જીવનથી, સત્સંગથી. એ સત્સંગ માનવીને આમ સૂચવે છે કે તું સંયમ કર. તું સંયમથી મનુષ્ય મટી દેવ થવા સર્જાયો છે. જ્યાં સુધી તું દેવ ન થાય, ત્યાં સુધી સંયમને તજીશ નહિ. ધર્મ સંસ્કૃતિ કેવળ વિચારપ્રધાન નથી પણ વિશ્વપ્રધાન છે. એમાં વસુધૈવ કુટુંબકમ્‌ની જ ભાવના ભરી છે. તેમાં વિશ્વનો વિજય ઇચ્છયો છે.

નાના અવતાર અંશાવતાર, મોટા અવતાર પૂર્ણાવતાર.

કેવળ જન્મથી જ નહિ, પણ આપણી ભાવનાથી જ માનવ બનવું જોઇએ. પથ્થરમાં ઈશ્વરના બદલે ઈશ્વરમાં પથ્થર જોવો તે ભૂલ છે. ઈશ્વરનું વિરાટ સ્વરૂપ એ શાસ્ત્રો અને શાસ્ત્રો એટલે ઈશ્વરના વાચક શબ્દો.

કુંભારિયાજી તીર્થ, પ્ર-જે વ-૧૨

o ઉપવાસ અને મૌન એ બે સાધનો
આત્મસંયમ તથા આત્મ ખોજ માટે
મોક્ષાભિનન્દીને સારું કામ આપ્યું છે.

o ભાવાત્મક એકતા એક સત્ત્વ પદાર્થ છે,
કેમકે તેના પરિણામે આત્મશાંતિ નિપજે છે.
દરેક વાતને તર્ક અને અનુભવ બંનેની કસોટીએ
ચઢાવી નિર્ણય કરવાથી એમાં અનુભવની સાથે
બુદ્ધિની પણ પ્રતિષ્ઠા જળવાઈ રહે છે.

o આર્હત તત્ત્વદર્શન મૌલિક, વિશદ, અપૂર્વ અને
અદ્ભુત છે, એમ દરેક તત્ત્વ વિચારકને લાગે છે.

o 'અર્હં' વાચક છે, 'પરમાત્મા' વાચ્ય છે.
અર્હંના ધ્યાન વડે ધ્યાતા અરિહંત પરમાત્મારૂપી ધ્યેયમય
બને છે, તેથી અર્હં એ ધ્યાનનું સર્વશ્રેષ્ઠ આલંબન તથા
સાધન ઉપરાંત સાધ્યસિદ્ધિનું પણ અનન્ય સાધન છે.

o બહિરાત્મભાવ એટલે સંકુચિતભાવ. અંતરાત્મભાવ
એટલે સર્વને આંતરદૃષ્ટિએ આત્મરૂપ જોવાની ક્રિયા.
તે વડે પરમાત્મભાવ કેળવાય, એટલે સર્વ સાથે
અભેદરૂપે પરિણમેલ ઉત્કૃષ્ટ આત્માનું દર્શન થાય છે.

મુક્તિની ઇચ્છા અર્થાત્ સતત - મનના બંધનથી છૂટવાની ઇચ્છા. જેઓ તે બંધનથી છૂટેલા છે, તેમની ભક્તિ એ જ મુક્તિનું અનન્ય સાધન છે. પ્રતીકોપાસના પ્રાચીન છે, ભક્તિ માટે તે ખાસ અને સૌથી મહત્વનું આલંબન છે.

<u>અભેદ પ્રણિધાનના બે ભેદ</u>

(1) સ્વઆત્માને સિદ્ધ સ્વરૂપ ભાવવો.

(2) સર્વ આત્માને સ્વ સ્વરૂપે જોવા.

જીવમાત્ર સર્વને અભેદ ભાવે જોવા અને સર્વથી અભેદ બનેલાને સ્વસ્વરૂપે જોવા.

પરમ = ઉત્કૃષ્ટ, આત્મા = જીવ.

<u>ઉત્કૃષ્ટ જીવ તે છે કે:</u>

જે સર્વની સાથે અભેદભાવે મળી ગયા છે તથા જેઓ સર્વાત્મભાવ પ્રત્યેકપણાને પામેલા છે.

<u>અલબ્ધ = મૈત્રી આદિ ભાવો રૂપે પરિણમવાને અયોગ્ય.</u>

અલબ્ધને કૃપાલુતા હોઈ શકે, પણ પરહિત ચિન્તનનો ભાવ તથા ગુરુ-લાઘવનું સંધાન ન હોઈ શકે.

<u>ગુરુ = ઘણા જીવોનો લાભ અથવા હાનિ.</u>

<u>લઘુ = થોડાઓના લાભ-હાનિ.</u>

અલબ્ધ કે અલબ્ધબુદ્ધ ઘણાના ભોગે પોતાના લાભ વિચારે, પણ સ્વભોગે પરલાભનો વિચાર ન કરી શકે.

આળસને શું ન હોય?

સ્વાર્થભાવનું સર્વથા વિસર્જન અને
પરાર્થભાવનું સંપૂર્ણ અવલંબન.

આળસનાં તેટલાં જ આવરણો દૂર થાય છે, કે
જેટલાં દ્રવ્યસંયમની પરાકાષ્ઠાને આવશ્યક હોય.

દ્રવ્યકરુણા આળસને ભલે સ્પર્શે,
ભાવકરુણા આળસને સ્પર્શી શકે નહિ.

આમૈત્રીનો અભાવ તેને જોઈ શકે - ભાવમૈત્રી કદાપિ ન હોય.

o તૃષ્ણા-આશા-આસક્તિ, એના હાથમાં લગામ મૂકે તે જાતે.
બાળક જેમ સ્વજીવન મા-બાપના હાથમાં મૂકે છે તેમ.

o ભક્તની રક્ષા કરવી એ ભગવાનનો ધર્મ છે,
કેમકે ભક્ત રક્ષા કરવી એવી
ભગવાનની પ્રતિજ્ઞા છે, વ્રત છે.

પોતાની પ્રતિજ્ઞા કે વ્રતપાલન કરવા માટે
ભક્તની રક્ષા કરવી એ ભગવાનની જરૂર છે, ગરજ છે.
અન્યથા ભગવાનનું ભગવાનપણું જ ક્યાં ટકવાનું છે?
રાગ-દ્વેષનો અભાવ કર્તવ્ય જાણવાનું પહેલું પગથિયું છે.

इन्द्रियस्येन्द्रियस्यार्थे, रागद्वेषौ व्यवस्थितौ ।
तयोर्न वशमागच्छेत्, तौ ह्यस्य परिपन्थिनौ ॥

કામ અને કુવિચારો કદી તૃપ્ત ન થાય એટલે ક્રોધ આવે.

કામ અને ક્રોધ રજોગુણથી પેદા થાય છે.

કામ-ક્રોધને રહેવાનાં સ્થાન મન, ઇંદ્રિયો અને બુદ્ધિ છે.

0 ગુણ પ્રયત્ને વધે - અવગુણ વગર પ્રયત્ને વધે છે,

છતાં અંતે અવગુણનો નાશ છે અને ગુણ વધે છે.

સાધુતાનો નાશ થતો નથી, અંતે દુષ્ટતાનો જ નાશ થાય છે.

ધર્મનો નાશ થતો નથી, અધર્મનો નાશ થાય છે.

ક્રોડો દુષ્ટો હોય ત્યારે દુષ્ટતા ચાલે, સાધુતા ફક્ત એકમાં જ મૂર્તિમંત હોય ત્યારે પણ સામ્રાજ્ય ભોગવી શકે છે.

સાધુતા હોય ત્યાં મનુષ્યો સુખી, સદાચારી, સંતોષી થાય છે.

આસ્તિક કે સત્યનિષ્ઠને કાંઈ રાખવું કે જાળવવું પડતું નથી.

એ ઇચ્છા કરે એટલે બધું થઈ જાય છે.

દુષ્ટતા વધે = બાદબાકી થાય, સાધુતા વધે = સરવાળો થાય.

0 સ્વાર્થનો વિચાર કર્યા વિના કરેલું કર્મ તે યજ્ઞ.

0 રસ મૂલાનિ વ્યાધયઃ।

આહારની જેમ જ સ્વાર્થનો રસ પણ વ્યાધિનું મૂળ જ છે.

નિરસ આહારની જેમ નિઃસ્વાર્થ કર્મ આરોગ્યનું કારણ છે.

0 વિચારમાત્ર એ કર્મ છે,

તેના પાછળથી સ્વાર્થને ખેંચી લેવો જોઈએ.

o રાજાની વતી જે રીતે ન્યાયાધીશ ન્યાય આપે છે, ફાંસી દેનાર ફાંસી દે છે, તેમ ધર્મરાજાનું કાર્ય ચાલી રહ્યું છે.

o ગહિતનો દાબલો બુદ્ધિ ગણાય,
આત્મલાભ બુદ્ધિ ન થાય, અશ્રદ્ધા થાય.

o અગાધ સમુદ્રનું જેને ભાન ન હોય તેને નદી-નાળાંના દૃષ્ટાંતથી એમ ભાન અપાય, તેમ ઈશ્વરનું ભાન અદ્વિ-પ્રેમ-વાત્સલ્યના અંશરૂપ પિતા-માતાદિના દૃષ્ટાંતે અપાય.

o ધર્મ ન કરનારો-અન્ય માટે કર્મ કરનારો બંને સમાન છે.

o સ્થિર વસ્તુ અને જલ્દગતિ ફરનારી વસ્તુ બંને વિરોધી હોવા છતાં એક જ સ્થિતિમાં લાગે છે.

o યંત્રવત્ = જેમાંથી ટુંપણું નિષ્ફળ ગયું છે એવું કર્મ.

o પરમાત્મા સમાન સમદર્શી બન્ને કોઈ નથી,
તેથી તેની અંદર લીન થઈને જ સમદર્શી બની શકાય.
સૌને સમાન માનવા = સૌ પ્રત્યે ન્યાયપૂર્ણ વર્તન કરવું.
'સમદર્શી' એટલે જે ન્યાય આપણે આપણને તોળીએ,
તે જ ન્યાય આપણે બીજાને તોળી આપીએ તે.

સર્વ-ભૂતાત્મભૂતાત્મા = સવ્વભૂઅપ્પભૂઅસ્સ। (પરિશિષ્ટ-૩૮)

ન કર્તૃત્વં ન કર્માણિ લોકસ્ય સૃજતિ પ્રભુઃ ।
ન કર્મફલ-સંયોગં સ્વભાવસ્તુ પ્રવર્તતે ॥
(પરિશિષ્ટ-૩૯)

0 શત્રુ દેહથી નજીક છતાં મનથી દૂર છે,
મિત્ર દેહથી દૂર છતાં મનથી નજીક છે.

0 નિર્વાણની શૂન્યતા જગત વિષે છે,
અંતરને વિષે તો આત્માનંદ છે.

0 રોગનું કારણ પેટ નહિ, પણ સ્વાદ છે અને
સ્વાદનું કારણ રસ નહિ, પણ મન છે.

0 ભજન દ્વારા ધ્યેય = અહિંસાનું અનુભવજ્ઞાન.
જ્ઞાન = શાસ્ત્રબોધ, વિજ્ઞાન = અનુભવજ્ઞાન.
જેટલે અંશે અનુભવ તેટલે અંશે આત્મશુદ્ધિ કે આત્મજ્ઞાન.

0 પાખંડ એટલે બીજાને ધૂતવાની વાત.
પાખંડથી વિરુદ્ધ એટલે ઈશ્વરને વિષે મન ચોંટાડવું.

0 પ્રાર્થના પ્રાણીમાત્ર સાથે તન્મયતા સાધવાનો પ્રસંગ છે.

| | |
|---|---|
| વ્યાપક[1], વિશ્વરૂપ[2], ભગવાના[3]<br>તેહિ ધરિ દેહ ચરિત કૃત[4] નાના<br>સો કેવલ ભગતન હિત લાગી<br>પરમ કૃપાલ પ્રનત અનુરાગી. | શ્રી<br>રામચરિત<br>માનસ |

0 સુહૃદં સર્વભૂતાનાં જ્ઞાત્વા માં શાન્તિમૃચ્છતિ ।
(પરિશિષ્ટ-૪૦)

0 નિર્દોષં હિ સમં બ્રહ્મ તસ્માદ્ બ્રહ્મણિ તે સ્થિતાઃ ।
(પરિશિષ્ટ-૪૧)

કુંભારીયા તીર્થ, પ્ર-જે વ-૧૩, બપોરે ચાર વાગે.

0 મોક્ષનો માર્ગ સંવર - નિર્જરા.
તેનો માર્ગ તપ, તેમાં પ્રધાન ધ્યાન,
તેથી જ ધ્યાન એ મોક્ષનું પ્રધાન અંગ છે.

આબુ રોડ, પ્ર-જેઠ વદી-૧૪

અનાસક્તભાવમાં કરુણાની તીવ્રતા હોય છે.
કરુણા આત્માનો સ્વભાવ છે.
રાગાદિની જેમ તે પૂર્વાવસ્થામાં આવૃત્ત હોય છે.

0 આપણે સૌ ભિન્ન હોવા છતાં એક છીએ,
એવો હૃદયમાં વિશ્વાસ રાખીએ તો જ સમતા અનુભવાશે,
નહીં તો દુનિયામાં બે પાંદડાં વચ્ચે પણ
સમાનતા નથી, તેનો ખેદ અનુભવાશે.

0 દેહનું નહિ પણ આત્માનું મિલન તે લગ્ન.
ત્યાગ વિના વૈરાગ્ય અને વૈરાગ્ય વિના ત્યાગ ટકતો નથી.

0 સૂર્ય જેવો તેજસ્વી, અગ્નિ જેવો ઉદ્યોગી
અને ચંદ્ર જેવો શીતળ બનજે.
પ્રભુના કામ કરજે, પ્રભુને ગમે એવો થજે, પ્રભુનો થજે.

0 અગ્નિમાં બે શક્તિ: સ્વધા - સ્વાહા = દાહકતા - પાચકતા.

0 જગતના બધા ય પુણ્યનો સંચય એટલે ભગવાન.

o સાચો ધર્મ અનુભવની અવસ્થા છે. એને માન્યતા સાથે કોઈ સંબંધ નથી. It is not a belief but an experience. દૃષ્ટિ સમજણ પર સ્થિર છે, સમજણ અનુભૂતિની અપેક્ષા રાખે છે. જ્યાં રસ પડે ત્યાં સઘળી શક્તિ એકત્ર થાય છે, તેનું નામ એકાગ્રતા છે.

o જે છે તે જોવું = સમ્યગ્દર્શન.

જે જોવા માંગીએ તે જોવું = મિથ્યાદર્શન.

o આત્માથી સમજણ, અવલોકનથી દૃષ્ટિ,
અનુભવથી પ્રત્યક્ષ પ્રતીતિ, જ્ઞાનથી વિચાર,
દર્શનથી સત્યાનુભૂતિ અને ચારિત્રથી સમતા મળે છે.

o વિચાર અને વૃત્તિની સંવાદિતા એ સમજ.

એ સમજ સ્વભાવથી જ આવે.

વૃત્તિ એ વિચાર કરતા પણ તીવ્ર ઇચ્છા છે, તે હોય ત્યાં વિચારોનું બળ પોતાની સત્તા જમાવી શકતું નથી.

o મન શાંત થયા પછી જ
મનથી જે પરનું હોય તેનો અનુભવ થાય.

મનનું પરિવર્તન = મનની સ્વાભાવિક સ્થિતિને પ્રાપ્ત કરવી.

જ્યારે માનવનું મન વિશુદ્ધ બને છે,
ત્યારે જ પોતાના યથાર્થ સ્વરૂપનું દર્શન થાય છે.

તા. જેઠ-સુ-૧ બુધ

o ઇચ્છાઓ અંતવાળી છે, તૃષ્ણા અનંત છે.

o અજ્ઞાનતા અને પશુતાની આહુતિ આપવી,
તેનું જ નામ સત્ય હોમ અને સત્ય હવન છે.

o 'સત્યાત્મ પ્રાણારામં મન આનન્દમ્ ।'
એ આત્મા સત્ય, પ્રાણનો આરામ, મનનો આનંદ છે.

o જે કાર્ય સત્કાર્ય છે, તે ભલે વિસ્તારમાં ગમે એટલું નાનું હોય તો યે તેનું સ્વરૂપ વિશ્વવ્યાપી છે,
તે સમગ્ર વિશ્વની સેવા છે.

વિશ્વાત્મા સાથે ઐક્ય સાધવા માટે આપણે કામમાંથી સ્વાર્થવૃત્તિ કાઢી નાંખી, સહુને માટે કામ કરવું જોઈએ.
સહુને માટે = અસંખ્ય વ્યક્તિઓને માટે એમ નહિ, પણ સત્કાર્ય નિષ્કામ હોવાથી વિશ્વને લાભકર્તા હોય છે.

o દૃષ્ટિ એટલે વલણ, સમ્યગ્દૃષ્ટિ એટલે સાચું વલણ.
સાચું વલણ એ જ્ઞાનનો પર્યાય નથી, પણ જ્ઞાન પ્રાપ્તિ માટે આવશ્યક એવું એ પહેલું પગથિયું છે.

o 'ધર્મ' એટલે વ્યક્તિ અને સમાજને આધારભૂત આચાર-વિચારને પ્રેરતો ભાવના સંગ્રહ.
એનો પર્યાય શબ્દ બીજો ન હોઈ શકે.

## ભક્તનાં ત્રણ લક્ષણો

(1) નિત્યમુક્તઃ | સદાય મુક્ત.
(2) શ્રદ્ધયા પરયોપેતઃ | પરમ શ્રદ્ધાથી પરિપૂર્ણ.
(3) મય્યાવેશ્ય મનો | મારામાં પ્રવેશેલા મનવાળો.

જાણ્યા પછી વલણ અને વલણ પછી વર્તન ઉત્તરોત્તર અધિક મહત્ત્વનાં છે. નવતત્ત્વને જાણ્યા પછી વલણ સંવર-નિર્જરા કે મોક્ષ તરફ ન થાય અને આસ્રવ-બંધ-સંસાર તરફ જ રહે, તો તે જ્ઞાન નિરૂપયોગી છે. સંવર-નિર્જરા અને મોક્ષ તરફનું વલણ એટલે સમ. એ શ્રેષ્ઠ છે. સમ = સર્વ જીવો પ્રત્યે આત્મતુલ્યભાવ. એ ભાવ જાગે તો આવતાં કર્મ અટકે, જૂનાં છૂટે અને અનુક્રમે સંપૂર્ણ કર્મમુક્તિ થાય, અન્યથા નહિ. તેથી જ્ઞાન પછી વલણ, વલણ પછીનું વર્તન એ જ મોક્ષમાર્ગમાં ઉપયોગી છે. સૌથી મહાન વસ્તુ સમતા તરફનું વલણ છે.

સર્વ જીવો પ્રત્યે સહાનુભૂતિ, કરુણા
અને મૈત્રીપૂર્ણ હૃદય એ મોટી સિદ્ધિ છે.
એ સિદ્ધિવાળાં પરમ પુરુષોને
પરમ પ્રણામનું નામ જ 'નમસ્કાર' છે.

નમસ્કારનું ફળ: સંવર ભાવ તથા સમતા ભાવની વૃદ્ધિ, મમતાભાવની હાનિ, તેના કારણભૂત અહંકારનો નાશ છે.

મનનું ઉન્મન, બુદ્ધિનો બોધ, ચિત્તનું ચૈતન્ય પદ,
એવા જડીબુટ્ટી મળશે, તો તેમાંથી જ 'શાંતિ'
કે જે અંતિમ સાધ્ય છે, તે મળી શકશે.

## તીર્થયાત્રાની મહત્તા

જગતના કલુષિત વાતાવરણમાંથી અલિપ્ત રહી પરમાત્મા સંગે આત્માનુસંધાન માટે તીર્થપર્યટન ઘણું જ સહાયકારી છે. સમાજમાં લોકો સાથે વસવા દરમ્યાન થયેલા કલુષિત ભાવો તીર્થયાત્રાઓ થકી સર્વથી, નાશ પામે છે. પ્રભુ કરૂણા કરનારા, આપણે તેમની કરૂણાના પાત્ર, પ્રભુ રક્ષણ કરનારા, આપણે તેમના રક્ષણનું પાત્ર અને જગત્‌ના જાતિના શિરછત્ર એવા પ્રભુની સાથે આપણને જાતિગત સંબંધ, આ ત્રણ સંબંધો તો ધ્યાન વિશ્વાસના અવસરે પણ ચાલુ રહેવા જોઈએ.

'પ્રભુ આપણું નિરંતર રક્ષણ કરી જ રહ્યા છે,' આ વસ્તુની સ્વાનુભૂતિ થયા પછી જ ખરી રીતે 'સ્વ'ની ભિન્નારૂપ આર્તધ્યાન છૂટે નહિ, સમસ્ત વિશ્વનો પ્રત્યેક જીવ પ્રભુની એકસરખી કરૂણાનો પાત્ર હોવાથી, ત્યારે કુદરતી રીતે સર્વનો વિચાર પ્રગટે. પ્રભુના અનુગ્રહ વિશ્વાસ સ્વમાંથી છૂટી સર્વમાં આવવું ઘણું દુર્લભ છે.

પ્રભુની સાથેનો આવા પ્રકારનો ભાવ સંબંધ સર્વની હિતચિંતારૂપ મૈત્રીભાવની સાધનામાં જોડી આપે છે. તીર્થસ્થળોએ પ્રભુના અનુગ્રહ દ્વારા થતી સાધનામાં મન-શરીર-હૃદયમાં તેવા ભાવોની લાગણીઓ ઉભરાય છે અને કોઈ દિવ્ય અમૃતતુલ્ય વસ્તુનો અનુભવ કરાવે છે.

શ્રી નાથાલાલ દવે આ વિષે કહે છે કે:

તું તારી મુસીબત તણા ફરિયાદ કાં કરે?
કુદરત બધી યે વાતનો હિસાબ રાખે છે...
ધોમધખતો આકરો લાગે છે શિર પરે,
તો પણ આંબા પર મઝાની શાખ પાકે છે.

ઓડ, તા. જેઠ સુ-૯

નમસ્કાર એ પરમાત્માની કરુણાનો સ્વીકાર છે.

પરમાત્મા સ્નેહથી વ્યાપ્ત છે, કરુણાથી વ્યાપ્ત છે.
તેઓ અધિક દુઃખી પ્રત્યે, અધિક અજ્ઞાની પ્રત્યે,
અધિક મોહાંધ પ્રત્યે અધિક કરુણાવાન છે.
પરમાત્મા શાતા-ત્રાતા-ભ્રાતા-બંધુ-મિત્ર-માતા-પિતા-
લક્ષ્મીના દાતાર સ્વામી તથા વિદ્યાના દાતાર ગુરુ છે.
પરમાત્મા ગતિ છે, મતિ છે, આશ્રય છે,
આલંબન છે, જીવન છે, ત્રાણ છે, શરણ છે.

ત્વં મે માતા પિતા નેતા, દેવો ધર્મો ગુરુઃ પરઃ ।
પ્રાણાઃ સ્વર્ગોઽપવર્ગશ્ચ, સત્ત્વં તત્ત્વં ગતિર્મતિઃ ॥૧॥

શક્રસ્તવમાં છે કે: માતા, પિતા, નેતા, દેવ, ધર્મ, ગુરુ, પ્રાણ, સ્વર્ગ, અપવર્ગ, સત્ત્વ, તત્ત્વ, ગતિ અને મતિ તું છે. 'તમેવ શરણં ગચ્છ ।' અર્થાત્ તેને જ શરણે તું જા. અંતરમાં રહેલ ભવ્યત્વ-પરમાર્થ વૃત્તિરૂપી દિવ્યત્વ અને ઈશ્વરત્વને શરણે તું જરૂર જા. સ્વનો મટી સર્વનો થા. અંતરમાં રહેલ સહજમલ - સ્વાર્થવૃત્તિ રૂપી મહાશેતાનને, મહામાયાને શરણે કદાપિ ન જા. અંતરાત્મભાવમાં રહી બહિરાત્મભાવનું પરમાત્મભાવમાં તું વિલીનીકરણ કર.

૦ જગત ખોટું હોય કે ન હોય, પણ પોતે તો કોઈ ને કોઈ અપેક્ષાએ ખોટો છે જ, એવો અનુભવ સર્વ કોઈને કરવા માંગે તો થાય જ છે. પોતે જગતના અધ્યાસનો શિકાર થાય છે કે જગત પોતાના સાશંક મનના અધ્યાસનો શિકાર થાય છે? વિવેકનો વાસ બુદ્ધિમાં છે. સત્તા એ માદક કે મારક છે, જ્યારે પ્રેમ એ આશ્વાસક અને તારક છે. ત્યાગની સાથે જેમ અનેક મુસીબતો સંકળાયેલી છે, તેમ રાગની સાથે પણ છે જ. સહવાનું છે બંનેમાં પણ

અનિચ્છાએ સહવું તે રાગ, સ્વેચ્છાએ સહવું તે ત્યાગ.

વિષયો તેની વાસનામાંથી, પકડમાંથી સાધુને પણ છોડતા નથી.
રાગનો ત્યાગ એ ત્યાગ છે અને તે નિર્ભયતા લાવે છે.
જેમ રાગ અને ભય એક જ સિક્કાની બે બાજુ છે,
એ રીતે વૈરાગ્ય (રાગનો ત્યાગ) અને નિર્ભયતા પણ
એક જ સિક્કાની બે બાજુઓ છે.

કેળવવાનું છે મન, બદલાવવાની છે વૃત્તિઓ.
એ રીતે વૃત્તિપલટો અને હૃદયપલટો એ જ વૈરાગ્ય.
હૃદયની દિશા બદલાવવામાં જે કાંઈ સહાયક હોય તે
પણ કારણમાં કાર્યના ઉપચારથી 'વૈરાગ્ય' કહેવાય છે.

રાગ જવાથી ભોગવૃત્તિ અને
ભોગ જવાથી રોગનો ભય જાય છે.

વૈરાગ્ય એ જીવનનો ઇન્કાર નહિ, પણ જીવનને શક્યતઃ
સમૃદ્ધ અને સફળ બનાવવાનો એક માત્ર ઈલાજ છે.

સૂત્ર = ટૂંકી ભાષામાં વ્યાપક અર્થનું નિરૂપણ.
શમ = મનોનિગ્રહ, દમ = ઈંદ્રિયસંયમ.

આત્મા કોઈ એવી વસ્તુ નથી કે જે
મન-બુદ્ધિ કે ઈંદ્રિયનો વિષય બનીને કલ્પનામાં આવે.

માનસિક સંયમપૂર્વકનો ઈંદ્રિયોનો સંયમ એ જ
પ્રત્યાહાર અને સદાચાર એ આત્મસંયમનું પરિણામ છે.

જેમણે પોતાનું મન અને ઇંદ્રિયો વશ નથી,
કાણા વાસણમાં જળની જેમ તેનામાં આત્મજ્ઞાન ટકી ન શકે.
પરમાત્માનું જ્ઞાન પ્રાપ્ત કરવાના સાધન કે વિધિ
બુદ્ધિથી નહિ, પણ વિવેકથી જાણી શકાય છે.
શુભકર્મો વડે તમોગુણના પરિણામરૂપ મળદોષ દૂર થાય,
ચિત્તમલિનતા-ચંચળતા દૂર થયે અજ્ઞાનનો પડદો હટે.
મનુષ્ય પોતાની રુચિ અને ભાવનાનુસાર કર્મો કરે છે.
૦ ઇંદ્રિય લોલુપતા અજાણ્યે દેહાધ્યાસને દૃઢ કરે છે,
અજાણ્યે આત્મસ્વરૂપના જ્ઞાનથી સૌને દૂર રાખીને
ઇંદ્રિયોના ભોગોનો આનંદ તો આપે છે, પણ આત્માનો
આનંદ તો ઇંદ્રિયોથી પર, નિત્ય અને અખંડ છે.
આ આનંદની પ્રાપ્તિ આત્મસ્થિતિથી થાય છે, ઇંદ્રિયોથી-
ઇંદ્રિયપરાયણતાથી નહિ. જેઓનું મન ઇંદ્રિયોને આધીન
અને બુદ્ધિ મનને આધીન રહે છે, તેઓ અસંયમી ગણાય.

અધ્યાત્મ યાત્રાના ઉપક્રમ અને ઉપસંહાર છે:
દેહાત્મબુદ્ધિનો વિલોપ અને આત્મ-સ્વરૂપસ્થિતિનો લાભ.

દેહાત્મબુદ્ધિ = મોહ, સ્વરૂપ સ્થિતિમાંથી પતન = પ્રમાદ.

मोहो मृत्युः संमतो यः कवीनाम्
प्रमादं वै मृत्युमहं ब्रवीमि ।

(પરિશિષ્ટ-૪૨)

ઇંદ્રિયોથી મનની ઇચ્છા-જ્ઞાન થાય અને કર્મેન્દ્રિયોથી ક્રિયા થાય.

ઇચ્છા એટલે શું?

ઇંદ્રિયો દ્વારા બાહ્યજગતનું જ્ઞાન અંદર પ્રવેશે, ત્યારે તેને અનુરૂપ કાર્ય કરવાની પ્રેરણા મનમાં થાય, તે ઇચ્છા.

ઇચ્છા અનુભૂતિના ભાનમાંથી પ્રગટે છે.

ઇચ્છાશક્તિ કાર્યાભિમુખ થઈ કર્મેન્દ્રિય દ્વારા ક્રિયા કરે છે. જ્ઞાનશક્તિ ઇચ્છારૂપે- ઇચ્છાશક્તિ કાર્યરૂપે પ્રગટ થાય. ઇચ્છાશક્તિનો સંયમ કરવાથી જે કાર્યશક્તિ વધે છે, તેને 'વ્યવસાયાત્મિકા બુદ્ધિ' કહેવાય છે. ઇચ્છાશક્તિનો બહુ વિસ્તાર થવાથી તે નિર્બળ બની જાય છે. જેટલા વધારે ઇચ્છા કરીએ છીએ તેટલા વધારે દુઃખી થઈએ, કારણ કે એટલા જ અભાવનો સૌ અનુભવ કરે છે, એટલે ઇચ્છાઓ ઓછી કરવી એ જ સુખનો ઉપાય છે.

આત્મચિન્તનથી આત્મશક્તિ વધે છે,

વિષયોના ચિંતનથી આત્મશક્તિનો ક્ષય થાય છે.

प्रजहाति यदा कामान्, सर्वान् पार्थ ! मनोगतान् ।
आत्मन्येवात्मना तुष्टः, स्थितप्रज्ञस्तदोच्यते ॥

અર્થાત્ જો વિષયચિન્તનથી ચિત્તને મુક્ત કરીને અંતર્મુખ કરી શકાય તો તેનો બાહ્ય જગત સાથેનો સંબંધ તૂટી

જ્યારે તે આત્મા સાથે જોડાય છે અને આત્મા તો અખૂટ શક્તિનો ભંડાર છે, તેથી ચિત્તમાં આધ્યાત્મ-શક્તિનો સંચય થવા લાગે છે. જ્યારે તેનો બાહ્ય વિષયોની ચિંતામાં વ્યય નથી થતો, ત્યારે તે શક્તિ મનુષ્યના અંગ-પ્રત્યંગમાં ચમકવા લાગે, રોમ-રોમ વિકસવા લાગે છે. તેની આસપાસ એક નવું મંડળ નિર્માણ થાય છે કે તેના સંપર્કમાં આવનારા ઉપર તેનો પ્રભાવ પડ્યા વિના રહેતો નથી. માત્ર મનુષ્ય જ નહિ, કિન્તુ પશુ-પક્ષી અને સર્પ-સિંહ વગેરે હિંસક પ્રાણીઓ પણ તેનાથી આકર્ષાય છે. સતત આત્મચિંતનના અભ્યાસથી અનાત્મતત્ત્વોનું નિરાકરણ થઈને શુદ્ધ વિજ્ઞાન સ્વરૂપ આત્મતત્ત્વમાં ચિત્ત સંલગ્ન થઈ જાય છે, તેમ તેમ વિશિષ્ટ કાંતિ, સૌંદર્ય, શાંતિ, આકર્ષણ અને ઓજસ્વી પ્રભા પ્રગટ થાય છે.

૦ પરમાત્માની પ્રાપ્તિનો હેતુ બ્રહ્મજ્ઞાન છે.

જે વિદ્યાથી પરમાત્માનું જ્ઞાન થાય તે વેદવિદ્યા.

માનવીય બુદ્ધિની કલ્પનામાં ન આવે એવા શિક્ષા વેદ આપે છે, તેથી જ વેદવાક્યોને માનવીય રચના ન કહેતાં 'ઈશ્વરીય વાણી' કહેવામાં આવે છે. વેદવાક્ય રચાયેલ નથી, પણ પરાપૂર્વથી સાંભળતા આવેલ છે, તેથી

તેને 'શ્રુતિ' અર્થાત્ સાંભળેલ વાક્ય કહેવામાં આવે છે અને અન્ય રચનાઓને 'સ્મૃતિ' કહેવાય છે, કારણકે તે સદા માનવની સમજશક્તિથી જ લખાયેલા હોય છે.

૦ આધ્યાત્મ શક્તિનો દુર્વ્યય અટકાવવા માટે તુચ્છ ઇચ્છાઓનો ત્યાગ અનિવાર્ય છે. વાસનાયુક્ત નાની-મોટી ઇચ્છાઓ આત્માને તુચ્છ વિષયભોગોની તરફ ખેંચી રાખીને જીવનના સૂક્ષ્મ અને વ્યાપક સ્તરો ઉપર જતાં રોકી દે છે, તેથી તેનો તો સર્વથા ત્યાગ જ ઉચિત છે.

૦ પરીક્ષ્ય સત્કુલં વિદ્યાં, શીલં શૌર્યં સુરૂપતામ્ ।
વિધિર્દદાતિ નિપુણઃ, કન્યામિવ દરિદ્રતામ્ ॥
મનસ્યેકં વચસ્યેકં, કર્મણ્યેકં મહાત્મનામ્ ।
મનસ્યન્યદ્ વચસ્યન્યદ્ કર્મણ્યન્યત્ દુરાત્મનામ્ ॥
બ્રહ્મઘ્ને ચ સુરાપે ચ ચૌરે ભગ્નવ્રતે તથા ।
નિષ્કૃતિર્વિહિતાલોકે કૃતઘ્ને નાઽસ્તિ નિષ્કૃતિઃ ॥

(પરિશિષ્ટ-૪૩)

નિષ્કૃતિ = પાપોની નિવૃત્તિ માટેનું પ્રાયશ્ચિત.
સામાના ઉપકારોને ભૂલી જઈ તેને, તેના કાર્યને જે હણે,
એવા પાપીને માટે કોઈ પ્રાયશ્ચિત જ નથી.
તે સર્વથી અધિક પાપી છે.

૦ ધ્યાન દ્વારા વિશ્વની ગંભીરતામાં પ્રવેશ કરી શકાય,
અખિલની સાથે આત્માનો સંબંધ સ્થાપિત થઈ શકે છે.
'હું ખોવાઈ ગયો છું' એવો ખોટો ભાવ ધારણ કરીને કોઈ દુઃખી થાય છે, તેમ પોતાના મૂળ સ્વરૂપનું ભાન ન થતાં 'હું દુઃખી છું, અપૂર્ણ છું' એવો ભાસ માણસોને થાય છે.

જીવાત્મા જાતે પરમાત્માનો અંશ છે અને માટીનો અંશ નથી, એટલા માટે માટીના પદાર્થોથી એ પુરેપુરી તૃપ્તિ પામી શકે જ નહિ, પણ પરમાત્મ પ્રીતિમાં ભળી જાય ત્યારે જ પૂર્ણ તૃપ્તિ પામી શકે.

પોતાના સ્વરૂપનું અનુભવજ્ઞાન થાય, ત્યારે જ હુંપણું પુરેપુરૂં પ્રભુના વિરાટ સ્વરૂપમાં શમી જાય. શ્રી ભક્તિ મહારાજ જ એમાં મુખ્ય કરતા-કારવતા છે, એ વાત વારંવાર વિચારી પ્રભુનામના સતત અભ્યાસ વડે દિલમાં ઠસાવવા.

પ્રભુપ્રીતિનો અનુભવ જન્મી રહેવાને ઝાઝા શબ્દોનો નહિ પણ એક જ શબ્દનો આધાર બસ છે, પૂર્ણપણે સમર્થ છે.

ત્રિવિધ તાપનું નિવારણ કરવાની ખરી
જડીબુટ્ટી ચોપડીઓમાં નથી જ નથી,
પણ એક જ શબ્દને પુરેપુરો પચાવવામાં છે.

હૃદયમાં સાધુપણું આવ્યા વિના અહંપણાનો કચરો દૂર

થઈ શકતો નથી. એ વિના પ્રભુનાં દર્શન થતાં નથી. કદાચ ઈશ્વર બુદ્ધિને પરાણે ઝાંખી થાય, તો તે કાયમની ટકતી નથી. મનન કરવાની પુરેપુરી ટેવ જામી ન જાય, ત્યાં સુધી પુસ્તકોનું વાંચન-મનન ફરજિયાત સમજીને કરવાની જરૂર છે. મનને ટેવ પાડવી જોઈએ. બહાનાં બતાવે તો ફટકારવું જોઈએ. થોડાક ફટકામાં મન સીધું થઈને માર્ગે ચડવા માંડે છે અને છેવટે પ્રભુનું નામ એને ગમતું થવા માંડે છે. માટે ગભરાયા વિના સતત અભ્યાસ કર્યા જ કરવો એ જ ઉપાય છે. ચેતન-અચેતન સૌની સાથે મનુષ્યના આત્મીય સંબંધનું પવિત્ર માધુર્ય, વૃક્ષ-વેલાઓ અને જીવજંતુઓ સાથેના મનુષ્યના ભેદભાવોને દૂર કરીને તપોવન પ્રકાશિત રહ્યું છે.

स एव करुणासिन्धुर्भगवान् भक्तवत्सलः ।
उपासकानुरोधेन भजते मूर्तिपंचकं ॥१॥
तदर्चाविभवव्यूह सूक्ष्मान्तर्यामिसंज्ञकं ।
यदाश्रित्यैव चिद्वर्गस्तत्तज्ज्ञेयं प्रपद्यते ॥२॥
पूर्वपूर्वोदितोपास्ति विशेष-क्षीणकल्मषः ।
उत्तरोत्तरमूर्तीनामुपास्त्यधिकृतो भवेत् ॥३॥

– નારદ-પાંચરાત્રના મૂળ શ્લોકો

(પરિશિષ્ટ-૪૪)

Imp.

ભારજા, જા. વૈ સુદ-૬, સોમવાર

શ્રી નમસ્કાર મહામંત્ર-પદ વિષયક

શ્રી આદિનાથ ભગવંતના દર્શન કરતાં થયેલ સ્ફુરણા:

નમો = ગૌતમ ગણધર.

અરિહંતાણં = ભગવાન મહાવીર.

'નમો અરિહંતાણં' એ પદ

તીર્થંકર ભગવંતોને ગણધર ભગવંતો જે ભક્તિ
સ્મરણ કરતાં હતા, તે ભક્તિને પ્રત્યક્ષ કરાવનારૂં પદ છે.
ગણધર ભગવંતોના ભક્તિનું સ્મરણ કરાવનાર
અથવા તીર્થંકર ભગવંતોના ધ્યાનનું ધ્યાન કરાવનાર
કોઈ હોય તો નવકાર અને તેનું પ્રથમ પદ છે.
નવકાર સાથે સામાયિકનો સંબંધ અને
નમસ્કારભાવ દ્વારા સમત્વભાવની આરાધના
સમજવા માટેનું ચિંતન અનિવાર્ય છે.

નવકાર એ ધ્યાનનું પણ ધ્યાન છે.

સમ્યગ્દૃષ્ટિ મહાપુરૂષોના ઉત્કૃષ્ટ ધ્યાનનું ધ્યાન
અને સ્મરણ નવકારનાં પદોથી થાય છે.
તે ધ્યાન પાપનાં મૂળનો નાશ કરે છે.
તે ધર્મના ભાવનો વિસ્તાર પણ કરે છે.

'નમો' પદ દ્રવ્ય અને ભાવ નમસ્કારને સૂચવે છે.
દ્રવ્ય નમસ્કાર પંચાંગ પ્રણિપાતરૂપ છે.
ભાવ નમસ્કાર ભક્તિ-બહુમાનરૂપ છે.
પંચાંગ પ્રણિપાતને 'પંચ નમસ્કાર' પણ કહે છે. શુભભાવ
એ ભાવ મંગલ છે. તે એકાંતિક અને આત્યંતિક છે.
મૈત્ર્યાદિભાવોને ભાવ આપવો એ ભાવ નમસ્કાર છે.
ભાવનમસ્કાર એટલે અંતરંગ રુચિપૂર્વક થતો નમસ્કાર.

૪ અનુયોગની મહત્તા

દ્રવ્યાનુયોગ આત્માનું તત્ત્વજ્ઞાન સમજાવે છે.
ચરણકરણાનુયોગ ભવિ જીવોનું વર્તન ઘડે છે.
ધર્મકથાનુયોગ દૃષ્ટાંતો પુરા પાડે છે.
ગણિતાનુયોગ સમગ્ર વિશ્વમાં મારૂં સ્થાન સ્પષ્ટ કરે છે.
દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી અને ભાવથી સર્વપ્રકારે
સંબંધો તથા અંતર ગણિતાનુયોગ વડે જ સ્પષ્ટ થાય છે.
ગણિતાનુયોગ વિશ્વ વ્યવસ્થા પણ સમજાવે છે.

o નિમિત્ત કારણ બે પ્રકારે: પુષ્ટ અને અપુષ્ટ.
જે કાર્ય સાધ્ય હોય તે સાધ્ય અને
કાર્ય જેમાં વિદ્યમાન હોય તે પુષ્ટ નિમિત્ત.
સિદ્ધત્વ એ સાધ્ય કાર્ય છે અને તે અરિહંત
અને સિદ્ધમાં છે, માટે એ પુષ્ટ નિમિત્ત છે.

પુષ્પમાં સુગંધ રહેલી છે, તેમ
પાણામાં સુગંધરૂપી કાર્ય માટે પુષ્પ એ પુષ્ટ નિમિત્ત છે,
પુષ્ટહેતુ જિનેન્દ્રોઽયં મોક્ષસદ્ભાવ સાધને । - <u>સિદ્ધસેનસૂરિ</u>

૦ જપાદિ સાધના દ્વારા જે Purity થાય તે પ્રભુની
જ Grace છે. પ્રભુની પરમ કરુણતા તર્કાતીત છે તે
અનુભવાય તો છે પણ બાહ્ય રીતે સમજવી અશક્ય છે.

ધર્મનો સ્વરૂપલક્ષ અને વિશ્વનું સ્વરૂપલક્ષી
યથાર્થ અને વિશ્વાસમાં વૃદ્ધિ કરનારું છે.

<u>ધર્મની વ્યાખ્યા</u>

અહિંસા, સંયમ અને તપના પાયા ઉપર
રચાયેલ સનાતન આત્મગુણના નિયમનું નામ 'ધર્મ' છે.

<u>ભોગથી શું થાય?</u>

ભોગથી ભોગકાળમાં બેચેની, ભોગાભાવમાં ભીષણ સંતાપ
અને ભોગ પરિણામમાં નરકાગ્નિ થાય છે.

ઇંગલા પિંગલા સુખમના સાધિકે
અરુણ પ્રતિથી પ્રેમ પગીરી ।
વંકનાલ ષટ્ચક્ર ભેદકે
દશમે દ્વાર શુભ જ્યોતિ જગીરી
સોઽહં સોઽહં રટના લગીરી ॥
- <u>ચિદાનંદજી</u> (પરિશિષ્ટ-૪૫)

દ્વિ. જ્યેષ્ઠ સુદ-૭ સોમવાર

જીવોનું સ્મરણ પરમાત્માના સ્મરણમાં અને પરમાત્માનું સ્મરણ જીવોના સ્મરણમાં પરસ્પર ઉપકારક છે. એ રીતે મંત્ર અને ભાવના પરસ્પર મળી જીવોને ઉપકારક થાય.

o 'मन्यते ज्ञायते आत्मादेशो येन स मन्त्रः |'
અર્થાત્ જે દ્વારા આત્માનો આદેશ-
નિજનો અનુભવ જાણી શકાય તે 'મંત્ર' છે.
'मन्यते सत्क्रियन्ते परमपदे स्थिताः आत्मानः
वा यक्षादि शासनदेवता अनेन इति मन्त्रः |'
અર્થાત્ પરમપદે રહેલ આત્માઓ કે યક્ષાદિ
શાસનદેવનો જેના વડે સત્કાર કરાય છે તે 'મંત્ર' છે.

o મોહન - સૃષ્ટિક્રમ : અભ્યુદયોની પ્રાપ્તિ.
ઉચ્ચાટન - સ્થિતિક્રમ : આત્માનુભૂતિની પ્રાપ્તિ.
મારણ - સંહારક્રમ : કર્મ વિનાશની પ્રાપ્તિ.

o 'हसौ बीजानि चोक्तानि स्वराः शक्तय ईरिताः ||'
અર્થાત્ વ્યંજન બીજરૂપ છે અને સ્વર શક્તિરૂપ છે.

o ભાવનાનો પ્રાદુર્ભાવ તર્ક અને
વિચાર દ્વારા ઉત્પન્ન થતી શ્રદ્ધા ઉપર નિર્ભર છે.

o ગુણવાન પ્રત્યે રાગ-સન્માન, પીડિત પ્રત્યે કરુણા
અને સમાન પ્રત્યે પ્રેમ રાખવા જોઈએ.

૦ દ્વેષ પણ દુર્જન પ્રત્યે ભય, સમાન પ્રત્યે ક્રોધ અને
દીન પ્રત્યે દર્દરૂપ ધારણ કરે છે.

'આત્મા જ છે' અકળ રીતે જ્ઞાનરૂપે પોતે જ પોતાનામાં
જ પોતાની જ કોઈ વિચિત્ર અકથ્ય માયાએ ભાસતો હતો,
તે હવે સ્વરૂપ જ્ઞાનમાં ચમકતો દેખાય છે.
જ્ઞાનમાં જ્ઞાનબુદ્ધિ જો ન રહે તો મૂળમાં જ રહી આત્મ-
રૂપ હોઈને, હવે સતત સ્વરૂપ દૃષ્ટિ જ સ્થિર રહે છે
અને તેમાં જ તત્ત્વજ્ઞાનની કૃતાર્થતા - એ જ પૂર્ણ દર્શન છે.'
આ સ્થિતિ સહજ થાય ત્યાં શુદ્ધ જ પરિણામ છે, પછી
તેના ફળરૂપ અનંત વિશ્રાન્તિ અને સુખ - આરામ છે,
અને તેથી સંચિત કર્મોની અંકુરિત, પુષ્પિત, પલ્લવિત
અને ફલિત થવાની શક્તિ નાશ પામે છે.
સંચિત તો ભસ્મ થઈ શકે, ક્રિયમાણથી અસ્પૃષ્ટ રહી શકાય,
પણ પ્રારબ્ધ તો ભોગવવું જ પડે.

૦ નિયમિત ગતિથી વાગ્ઇંદ્રિય પ્રાણમાં અને
જ્ઞાનેન્દ્રિય મનમાં લય પામે, પછી પ્રાણ-મન એક થઈ જાય.
બન્ને એક થતાં સુષુમ્ણામાં પ્રવેશ કરે છે,
અને પછી પ્રકૃતિનાં પટાંતરો ખુલ્લાં થઈ જાય છે.

૦ સાવધાની એ જ સાધના.

મુશ્કેલીઓ પણ એક જાતની સાધનાનો જ વિભાગ છે, જેનાથી ઉર્ધ્વ પ્રયાણ વેગવંતુ બને છે. જેના જીવનમાં અંતરાયો-મુશ્કેલીઓ નથી, તે આગળ વધી શકતો નથી.

૦ શરીરનું ભોજન ચિત્ત અને ચિત્તનું ભોજન પ્રાણ.

અર્થાત્ પ્રાણનું ચલન અને પ્રાણની વાસના
તે બેમાંથી એક ક્ષીણ થતાં બંને ક્ષીણ થઈ જાય છે.
જેમ તલમાં તેલ રહે છે,
તેમ પ્રાણનું ચલન વાસનાની અંદર રહે છે
અને વાસના પ્રાણના ચલનની અંદર રહે છે.

મનોલયથી વાસનાક્ષય - વાસનાક્ષયથી ચિત્તશાંતિ થાય છે. ચિત્તવૃત્તિઓનો સ્વભાવ એવો હોય છે કે જે વસ્તુમાં તેને અખંડ લગાડવામાં આવે છે, તે વસ્તુમય બની જાય છે.

શબ્દ સુરતને તુરત ખેંચી લે છે.
શબ્દ ચુંબક છે અને સુરત લોઢું છે.
સુરત શબ્દમય બની જાય છે.

૦ મનને પ્રાણની સાથે અને પ્રાણને આંખની પલક સાથે સંબંધ છે. ત્રણમાંથી કોઈ એક સ્થિર થાય એટલે ત્રણે સ્થિર થાય છે. કીડી, દેડકું, સર્પ, પક્ષી અને વાનરની ગતિ જેવી ગતિ ક્રમે ક્રમે થતી જાય છે.

તા-૨૨/૬/૬૧, જામ. જેઠ સુ-૯, ૨૦૧૭

મંત્ર સ્મરણમાં મન, પ્રાણ, વાણી ત્રણેયની જરૂર પડે છે.
વાણીને વિષયોમાંથી વાળીને એકાગ્ર કરવી પડે છે.
એ રીતે વિચારને અને પ્રાણને સ્થિર કરવા પડે છે.
ત્રણે એકાગ્ર થવાથી જે સત્ત્વ સ્ફુરે છે,
તે ભાવના કે શ્રદ્ધા મુજબ પ્રાપ્ત થાય છે.

આ નમસ્કારમંત્રના પ્રથમ ૫ પદોમાં ભેદથી નમસ્કાર છે, છઠ્ઠા પદમાં અભેદથી નમસ્કાર છે. અભેદ નમસ્કાર સર્વ પાપનાશક-સર્વ મંગળનો ઉત્પાદક છે. પ્રથમ ભેદથી પંચ-પરમેષ્ઠિઓને નમસ્કાર કરવાથી સંબંધ સ્થાપિત થાય છે.

અરિહંત આપણા માતા, સિદ્ધ આપણા પિતા,
આચાર્ય એ બન્ધુ, ઉપાધ્યાય એ મિત્ર અને
સાધુઓ તો વિદ્યાના ઉપકારભૂત ગુરુ અને સ્વામી છે.

એ સંબંધ સ્થાપિત થયા પછી 'મારો આત્મા જ અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ સ્વરૂપ છે', એવું પ્રણિધાન થાય છે, કેમકે સજાતીય રૂપે અરિહંતાદિનું લક્ષ બંધાયા પછી 'વ્યક્તિ રૂપે પોતાનો આત્મા તે તે પદવી સ્વરૂપ છે', એવો નિર્ણય થાય છે. એ રીતે પરમેષ્ઠિ સ્વરૂપે પરિણમેલો પોતાનો આત્મા જ પાપનો નાશક અને મંગળનો ઉત્પાદક છે.

સંભેદ પ્રણિધાન વડે અભેદ પ્રણિધાનની પ્રાપ્તિ અને
અભેદ પ્રણિધાન વડે કાર્યની સિદ્ધિ થાય છે.

'નમો' એ સર્વ ગણધર ભગવંતોનું પ્રતીક છે.
ગણધરો આચાર્ય, ઉપાધ્યાય અને પરમ સાધુ સ્વરૂપ છે
'અરિહંતાણં' પદ સર્વ તીર્થંકર ભગવંતોનું પ્રતીક છે.
તીર્થંકર ભગવંતો અરિહંત અને સિદ્ધ સ્વરૂપ પણ છે,
તેથી પ્રથમ પદમાં પાંચે પરમેષ્ઠિનું સ્મરણ સમાવિષ્ટ થયું.
એ પરમેષ્ઠિસ્વરૂપ પોતાનો આત્મા પણ
સજાતીયરૂપે સ્મરણપથમાં આવી જાય છે.

જાતિના સ્મરણથી વ્યક્તિનું પણ સ્મરણ થઈ જાય છે,
કેમકે જાતિ એ વ્યક્તિઓના સમૂહરૂપ છે.
જેમ વ્યક્તિ અંશ છે - જાતિ અંશી છે, તેમ વ્યક્તિ
અંશી છે અને પર્યાય અંશ છે. અંશીના સ્મરણથી અંશનું
પણ સ્મરણ થઈ જાય છે, એ ન્યાયે અનંત પર્યાયના
સમૂહરૂપ અંશી - વ્યક્તિનું સ્મરણ, અંશ એવા પર્યાયનું
અથવા પર્યાય એવા અંશનું સ્મારક અવશ્ય બને છે.
'एक संबंधिज्ञानमपरसंबंधिस्मारकम्।' પ્રસિદ્ધ ન્યાય છે.
સંબંધવાળી વસ્તુઓમાં સંબંધવિશેષ - ઉભયનિષ્ઠ હોવાથી
એક સંબંધીનું જ્ઞાન અન્ય સંબંધીનું સ્મરણ કરાવે છે.

સમત્વભાવને નમસ્કાર એ નવકારનું તત્ત્વ છે,
તેથી તે એક પ્રકારનું સંક્ષિપ્ત સામાયિક છે,
તેથી સમત્વભાવ પર આદર જાગે છે.
એ આદર સમત્વભાવની પ્રાપ્તિમાં રહેલાં
અંતરાયોને દૂર કરે છે અને
સમત્વભાવમાં વિકાસ સધાયા પછી
તેમાંથી પતનનો પ્રસંગ આવતો નથી.
આલંબનના આદરભાવથી અંતરાયોનો ક્ષય થાય છે.
અંતરાયોના ક્ષયથી પછી પતનનો અવકાશ રહેતો નથી.
નવકારની સાધના આલંબનના આદરરૂપ છે.
તે આદર વડે અંતરાયો તૂટી જાય છે,
પછી સમત્વભાવની સાધના નિર્વિઘ્ન બને છે.
તેથી જ આપણા શાસ્ત્રકારોએ
પ્રથમ નવકાર અને પછી સામાયિક
એવો સાર્થક ક્રમ પ્રસ્થાપિત કર્યો છે.

o 'ભાવ નમસ્કાર' તેનું નામ છે કે
જેમાં અરિહંતાદિના ભાવને આદર આપવામાં આવે છે.
ભાવને નમવાના ભાવ આવે છે.
અરિહંતાદિ ભાવ આપી રહ્યા છે, માટે નમવાને પાત્ર છે.

'અરિહંતાદિને નમવાથી આપણને લાભ મળે છે,'
એમ માનીને નમવું, તેના કરતાં
'અરિહંતાદિ લાભ આપી રહ્યાં છે, માટે તેમને નમવું,'
એ વધુ યોગ્ય છે. 'નોકરી કરવાથી પગાર મળશે'
એમ સમજીને નોકરી કરવી, તેના કરતાં
'શેઠ પગાર આપે છે, માટે તેની નોકરી કરવી એ મારી
ફરજ છે;' એમ માનીને નોકરી કરવી તે શ્રેષ્ઠ છે.
એકમાં સ્વાર્થવૃત્તિ છે - લોભસંજ્ઞા પોષાય છે,
બીજામાં કર્તવ્ય બુદ્ધિ છે અને
તેથી ફરજરૂપ ધર્મ પુષ્ટ થાય છે.

○ 'ઈશ્વરત્વ' તેનું નામ છે કે
જે સતત આપી રહ્યા છે અને
બદલામાં જેમને કાંઈ ખપતું નથી, તેથી તે પ્રથમ પૂજ્ય છે.
એક ઈશ્વરત્વ જ એવું છે કે જે સ્વયં કૃતકૃત્ય છે.
સંસાર પાસેથી જેમને કાંઈ લેવું નથી અને
માત્ર દેવાનું જ છે અને દેવાની વસ્તુ પણ
આત્મસમ સ્થિતિ જેવી સર્વોત્તમ વસ્તુ છે,
તેથી તે સર્વોત્તમ રીતિએ પૂજવા-
સ્મરવા-નમવા-ધ્યાન કરવા યોગ્ય છે.

૦ સાધર્મિવાત્સલ્ય બજારનું હોય તો ય હિંસા નહિ.
જ્ઞાતિ જમણ કે મહાજનનું હોય
તો પણ આરંભરૂપ છે,
કેમકે એકમાં આપે છે,
તેને આપવાનું ફરજરૂપે છે,
જમણમાં લેવાની બુદ્ધિ જેઓ આપતા નહિ,
પણ છતાં જે લેવાની વૃત્તિવાળા છે,
તેમને આપવાનું છે.
ક્રિયા સમાન હોવા છતાં ભાવમાં ભેદ છે.
સર્વોત્તમ ભાવ આપવાનો છે,
પછી તે આપવાની વસ્તુ દ્રવ્ય હોય
તો ય માનનીય છે,
તો ભાવ તો અત્યંત માનનીય બને છે.
ભાવદાન તો સદા ય રહેવું જોઈએ
અને તેમાંય જે કાંઈ દ્રવ્યદાન થાય
તે ધર્મરૂપ છે.
દ્રવ્યથી દાન પુષ્કળ આપવા છતાં
ભાવથી દાન ન અપાય તો નિષ્ફળ છે,
કેમકે ભાવદાન અનંતા દ્રવ્યદાન કરતાં ચઢિયાતું છે.

o દુષ્કૃતગર્હા દુઃખગર્હા સ્વરૂપ છે.
સુકૃતાનુમોદન સુખાભિલાષ સ્વરૂપ છે.
ચતુઃશરણાગમન સર્વના સુખની ઇચ્છાવાળા અને
સર્વના દુઃખની અનિચ્છાવાળાના સ્મરણરૂપ છે.

o પશુઓમાં ક્રોધ છે પણ દ્વેષ નહિ,
ઇચ્છા છે પણ લોભ નહિ.
શક્તિ અને સંયમ સાથોસાથ હોવા જોઈએ.
પશુઓમાં શક્તિ છે પણ સંયમ નહિ.
મનુષ્યોમાં બુદ્ધિ છે, તેથી
સંયમને શોધીને તે વડે વિશિષ્ટ શક્તિ પેદા કરે છે.
સંયમ = શક્તિનું નિયોજન. તે માટે બુદ્ધિની જરૂર પડે, જે પશુઓમાં નથી, તેથી મનુષ્ય પશુથી ચઢિયાતો જ છે.

o 'અનુષ્ઠાન' એટલે જેની પાછળ સ્થિર થઈ મંડ્યા રહેવું, પ્રબળ અને કેન્દ્રિત પુરુષાર્થ કરવો. ધર્મની મર્યાદામાં સિદ્ધ થતાં અર્થ અને કામ 'સદાચાર' કહેવાય છે. ધર્મની બહારનાં તે 'દુરાચાર' કહેવાય છે. અર્થ-કામ સિદ્ધ કરવાની ના નથી, પણ તેના ઉપર ધર્મનું નિયંત્રણ જોઈએ. ધર્મનો અર્થ નીતિ. નીતિનો સવાલ સમજણનો નથી, પણ વર્તનનો છે, કેમકે નીતિની વ્યાખ્યા તો સૌ કોઈ જાણે છે.

## નીતિ અને ધર્મનો સાર

જે પોતાને ઇષ્ટ ન હોય તે બીજા પ્રત્યે ન આચરવું, એ નીતિ અને ધર્મ છે, એ પ્રમાણે વર્તન કરવું એ જ માનવીનો મોટામાં મોટો પુરુષાર્થ છે. ધર્મનો સાર છે કે: 'જે પોતાને માટે તું ઇચ્છે તે બીજાને માટે ઇચ્છવું અને જે સ્વ માટે તું ઇચ્છતો નથી, તે બીજાને માટે ન ઇચ્છવું.' સ્વકાજે અવ્યાબાધ સુખ ઇચ્છે, તો પરકાજે પણ ઇચ્છવું. જો તું ભવદુઃખ નથી ઇચ્છતો, તો બીજા માટે તે ન ઇચ્છવું.

'પ્રાણીમાત્ર પાપ ન કરો, દુઃખ ન પામો,
કર્મબંધનથી મુક્ત થાઓ' અથવા
'પ્રાણીમાત્ર ધર્મ કરો, અવ્યાબાધ સુખને પામો અને શાશ્વત સ્થાનને પામો' એ ઇચ્છા જેઓના હૃદયમાં નથી,
તેઓને મોક્ષ માટેનો ધર્મ કદી પણ થતો નથી.

જીવનની ક્ષણિકતા સમજાય તો જીવનનો પ્રવાહ-રાહ
અનંત જીવનનો રાહ બની જાય.

જે માર્ગ અનંત જીવનમાં પહોંચાડે છે, તે સાંકડો છે
અને વિરલને જ મળે છે.

જે માર્ગ નાશમાં લઈ જાય છે, તે પહોળો છે અને તેનું પ્રવેશદ્વાર વિશાળ છે. પ્રલોભનોને વશ થવું એ પહોળો માર્ગ, તેના ઉપર વિજય મેળવવો એ સાંકડો માર્ગ.

શક્તિ વિના વિજય મળે નહિ. શક્તિ = સ્થૂલ શક્તિ નહિ, પણ સંયમ અને પ્રતિબદ્ધ જીવન દ્વારા મળતી આંતરિક શક્તિ. પ્રતિબદ્ધ જીવનથી શાંતિ, પ્રેમ, દયા, કરુણા સહજ બને છે અને સંયમ તરફ દોરી જાય છે.

સુખ સગવડોમાં શાંતિ નથી, કિન્તુ શાંતિ મનમાં છે.

૦ જપ - શબ્દ - સમાધિનું માહાત્મ્ય

જપ = ધીમે સાદે બોલવું.

તે કાર્ય છે, ત્યાં કંપન છે, ત્યાં શબ્દ છે.

મનનાં સંકલ્પ - વિકલ્પો, ચિત્તનાં ચિન્તનો અને બુદ્ધિના નિશ્ચયો સર્વે પોતપોતાના શબ્દો દ્વારા થાય છે.

એ બધા પ્રવૃત્તિ માનસિક શબ્દોનું જ પરિણામ છે.

સુમધુર સત્ શબ્દોનો પ્રવાહ વહેવડાવાશે તો અખંડ સુખ અવશ્ય મળે.

સર્વ પ્રવૃત્તિનું મૂળ 'શબ્દ' છે.

ઈશ્વરનું નામ એક અલૌકિક શક્તિ છે.

જે સદાચારથી ત્યાં દોડી જાય છે, તે સહીસલામત છે.

મંત્રથી શબ્દનું ચિત્ર ઉતરી જાય છે.

'સમાધિ' એટલે શબ્દાતીતની અનુભૂતિ.

આત્મલય વિલીન થવો એ મરણ નહિ, પણ ખરા ચૈતન્યની પ્રતીતિ છે.

દિ:23/6/1961

o ગુણદૃષ્ટિ આત્મા પર કાબૂ આવવા બાધ છે,
ત્યાગથી મુક્તિ આપોઆપ આવે છે.

ધર્મ કર્તૃતંત્ર છે અને જ્ઞાન વસ્તુતંત્ર છે.

પ્રતિજ્ઞા કરનારને મહત્વ જોઈએ, કાર્ય કે સ્વાર્થને નહિ.

o મંત્રજાપની મહત્તા

કલ્પવૃક્ષ મંત્રના

મૂળ, શાખા, પલ્લવ, પુષ્પ અને ફળરૂપે પાંચ પ્રકાર છે.
દા.ત. મૂળ - ૐ હ્રીં શ્રીં, શાખા - અર્હં, પલ્લવ - નમઃ,
જાપના પુષ્પરૂપે શાંતિ તથા
ફળરૂપે ઇષ્ટનો સાક્ષાત્કાર છે.

ક્યા જાપમાં કેટલી સંખ્યા નિશ્ચિત ગણાય?

સકામ જાપમાં અક્ષર તેટલા લાખની અને
નિષ્કામ જાપમાં અક્ષર તેટલા ક્રોડની સંખ્યા નિશ્ચિત છે.
નિષ્કામ જાપમાં સદ્ગુરુનો સાક્ષાત્કાર
અને ગુરુઅનુગ્રહ મુખ્ય છે.

શા માટે નવકારમંત્રમાં અરિહંત પહેલાં, સિદ્ધ પછી?

વેરવિરોધનો ત્યાગ પહેલો - આત્મસ્વરૂપની સિદ્ધિ પછી.
પહેલાં મૈત્ર્યાદિભાવો, પછી આત્માનું ધ્યાન છે.

નવકારના પ્રત્યેક અક્ષર ઉપર ૧૦૦૮ વિદ્યા રહેલી છે.
તેનો દરેક અક્ષર જગતને પ્રકાશિત કરનાર છે.

o આ નમસ્કાર મહામંત્ર એ સિદ્ધ મંત્ર છે.
તે સુરક્ષાનું અભેદ્ય કવચ છે, તેથી દાનસિદ્ધ છે.
તે સમ્યગદર્શનની શુદ્ધી કરે છે, તેથી દૃષ્ટિસિદ્ધ છે.
તે જ્ઞાનાવરણીય કર્મોનો ક્ષય કરે છે, તેથી જ્ઞાનસિદ્ધ છે.
તે મન-વચન-કાયાયોગ નિર્મળ કરે છે, તેથી યોગસિદ્ધ છે.
તે અંતર વગરની પણ સાક્ષાત અરિહંતને
પ્રાપ્ત થતી તીર્થયાત્રા છે, તેથી તીર્થસિદ્ધ છે.
તે પરમેષ્ઠિ ભગવંતોએ સેવેલા 'શિવમસ્તુ સર્વજગત'ના
સંકલ્પને આપણા જીવનમાં સિદ્ધ કરી આપે છે,
તેથી સંકલ્પસિદ્ધ છે.
આખરે તમામ સાધનાનું લક્ષ્ય - આત્મદર્શન છે, તે આ
મંત્ર-પ્રભાવે જરૂર કાળ પાકયે જીવનમાં અનુભવાશે,
તેથી તત્ત્વસિદ્ધ પણ છે.

o સંક્ષિપ્તમાં નમસ્કારમંત્ર
આપણા જીવનને ધન્ય કરતો
મૂળસ્ત્રોત (Source), સામગ્રી (Resource),
માર્ગ (Cource) તથા શક્તિ (Force) છે.

## નમસ્કાર મહામંત્ર ક્યારથી છે?

નમસ્કાર મહામંત્ર અનાદિ છે.

જગતની જેમ નવકાર પણ અનાદિથી છે.

ધર્માસ્તિકાયાદિ દ્રવ્યોની જેમ નવકાર શાશ્વત છે.

નવકારના અક્ષરો તથા એની સંયોજના શાશ્વત છે.

નવકારના અક્ષરો સાક્ષાત્ અક્ષરમયી દેવતાઓ છે.

નવકારના અક્ષરો સાક્ષાત્ જ્યોતિપુંજો છે,
માટે એનો આશ્રય લઈને એનું વિધિપૂર્વક
શ્રવણ કે સ્મરણ કરનાર સર્વદા સુરક્ષિત રહે છે.

તેનો જાપ કરનાર સર્વ આપત્તિમાં રક્ષણ મેળવે છે.

કાળ અનાદિ છે, જીવ અનાદિ છે, જિનધર્મ અનાદિ છે.

અનાદિકાળથી નવકારમંત્ર જાપ થાય છે.

## નવકાર જાપના ફળ

o આચાર્ય સિદ્ધસેનના વચન મુજબ નવકાર લૌકિક
તથા પરલોકના સુખો આપનાર કામધેનુ છે.

o પંચ મહાવિદેહ ક્ષેત્રોમાં જ્યાં એક પ્રકારનો શાશ્વત
સમય રહે છે, ત્યાં પણ નવકારમંત્રના જાપ થાય છે.

o ભરત-ઐરાવતક્ષેત્રોમાં પણ સુખ આપનાર આ મંત્ર છે.

o પરમપદની પ્રાપ્તિનું કારણ નવકારમંત્ર જ છે.

- જન્મ સમયે કર્ણયુગલમાં નવકાર સંભળાવવાથી બાળકને જીવનમાં રિદ્ધિ-સિદ્ધિ મળે છે.
- સૂતા-ઉઠતા-હંમેશા ભાવપૂર્વક નવકાર ગણવાથી દુઃખ-દર્દ અવશ્ય નાશ પામે છે.
- જે વિધિપૂર્વક નવકારમંત્રના ૧ લાખ જાપ કરે, તે તીર્થંકરનામ ગોત્ર અવશ્ય બાંધે છે, તેમાં કોઈ શંકા નથી.
- આ મંત્રસ્મરણથી આત્મામાં વીતરાગભાવ વિકસે છે.
- નવકાર બોલવાથી ૬૮ તીર્થયાત્રાનું પુણ્ય મળે છે.
- નવકારમંત્ર સદ્બુદ્ધિ, સદ્વિચાર, સત્કર્મો આપે છે.
- અટવી, પર્વત, અરણ્યમાં આ જાપ પરમશાંતિ આપે છે.
- આ મંત્રસ્મરણ આઠ કર્મોનો નાશ કરનાર છે.
- નવકારના એક એક અક્ષરના ઉચ્ચારણમાં અનંતાનંત કર્મોનો ઘાત થાય છે.
- નવકાર મહામંત્ર સ્વયંસિદ્ધ હોવાથી તે અનિષ્ટનો નાશ કરનાર સુદર્શનચક્ર છે.
- નવકારના શુભમંગલ પ્રભાવથી ડાકણ, વેતાળ, રાક્ષસ, અગ્નિ, ચોર વગેરેનો ભય રહેતો નથી.
- મૃત્યુ વખતે ભાવપૂર્વક નવકારનો જાપ કરવાથી પરલોકમાં અવશ્ય સારી ગતિ મળે છે.

## નોંધ

આગમગ્રંથોમાં બતાવ્યા મુજબ નવકારના જુદા જુદા જાપ કરવાથી નીચે મુજબ પાપનો નાશ થાય છે:

(૧) આ મંત્રનો એક અક્ષર ૭ સાગરોપમનું પાપ નાશ કરે.

(૨) આ મંત્રનું એક પદ ૫૦ સાગરોપમનું પાપ નાશ કરે.

(૩) મંત્રનો પૂરો જાપ ૫૦૦ સાગરોપમનું પાપ નાશ કરે.

(૪) આ મહામંત્રની એક બાંધી નવકાર વાળીનો જાપ ૫૪૦૦૦ સાગરોપમનું પાપ નાશ કરે છે.

(૫) એક લાખ નવકારનો વિધિપૂર્વક જાપ કરવાથી તીર્થંકરનામકર્મ ઉપાર્જન થાય છે.

(૬) આઠ કરોડ, આઠ લાખ, આઠ હજાર, આઠસો આઠ નવકારના જાપ કરવાથી ત્રીજે ભવે મોક્ષ મળે છે.

(૭) અર્હદ્ કમળમાં ૧૦૮ વાર ચિંતન કરીએ, તો ઉપવાસનું ફળ મળે છે.

(૮) 'અરિહંત સિદ્ધ આયરિય ઉવજ્ઝાય સાહૂ' પંચ પરમેષ્ઠિના નામથી ૧૬ અક્ષરની વિદ્યા થાય છે. આ જાપ ૨૦૦ વાર કરે તો ઉપવાસનું ફળ મળે.

(૯) 'અરિહંત સિદ્ધ'ના ૩૦૦ વાર જાપ કરવાથી તથા 'અરિહંત'ના ૪૦૦ જાપથી ઉપવાસનું ફળ મળે.

(૧૦) 'અ'ના ૫૦૦ જાપ કરે તો ઉપવાસનું ફળ મળે.

નમો

## પંચ પરમેષ્ઠિના ઉપકાર

૧. અરિહંતનો ઉપકાર = માર્ગદર્શકપણું.
અરિહંત ત્રણ જ્ઞાન સહિત જન્મે,
દીક્ષા સમયે ચતુર્થ જ્ઞાન પ્રાપ્ત થાય.
તેઓ કેવળજ્ઞાન પામી મોક્ષમાર્ગને દેખાડે છે.
સર્વક્ષેત્રોમાં તેઓ કોઈ એક નિશ્ચિતે તો હાજર જ છે.

૨. સિદ્ધનો ઉપકાર = અવિનાશીપણું.
સિદ્ધનું સિદ્ધપણું અવિનાશી છે, સિદ્ધ દેહરહિત છે.

૩. આચાર્યનો ઉપકાર = આચાર.
મુક્તિનો માર્ગ આચારપાલનથી સેવાય છે.
આચાર્યથી સદાચારનું સંરક્ષણ થાય છે.

૪. ઉપાધ્યાયનો ઉપકાર = વિનય.
તેઓથી વિનયાદિ સદ્ગુણોનું સંરક્ષણ થાય છે.
તેઓ વિનય કરે-કરાવે છે.

૫. સાધુનો ઉપકાર = સહાય.
સાધુની સાધના મારફત મુક્તિમાર્ગ આરાધવા સહાય મળે.

આ રીતે માર્ગ, અવિનાશી, આચાર, વિનય અને સહાય એ પંચ પરમેષ્ઠિના પાંચ ઉપકાર છે. તેનાથી પંચ પરમેષ્ઠિ ઉપર આદરભાવ જાગે છે. એ આદરનો ભાવ આપણને નવકારમહામંત્ર ગણવાના સાચા અધિકારી બનાવે છે.

શ્રી નમસ્કારમહામંત્રમાં આઠ સિદ્ધિઓ સમાયેલી છે.

- શ્રી નવકારના પ્રથમ 'નમો' પદમાં 'અણિમા' સિદ્ધિ
- શ્રી નવકારના 'અરિહંતાણં' પદમાં 'મહિમા' સિદ્ધિ
- શ્રી નવકારના 'સિદ્ધાણં' પદમાં 'ગરિમા' સિદ્ધિ
- શ્રી નવકારના 'આયરિયાણં' પદમાં 'લઘિમા' સિદ્ધિ
- શ્રી નવકારના 'ઉવજ્ઝાયાણં' પદમાં 'પ્રાપ્તિ' સિદ્ધિ
- શ્રી નવકારના 'સવ્વ-સાહૂણં' પદમાં 'પ્રાકામ્ય' સિદ્ધિ
- શ્રી નવકારના 'પંચનમુક્કારો' પદમાં 'ઈશિત્વ' સિદ્ધિ
- શ્રી નવકારના 'મંગલાણં' પદમાં 'વશિત્વ' સિદ્ધિ.

શ્રી નવકાર મહામંત્ર સિદ્ધ થતાં

સાધક માટે નીચે જણાવેલ ૭ વસ્તુઓ સિદ્ધ થાય છે:

૧. પવિત્ર થવાય છે.

૨. સર્વ મંત્રો સિદ્ધ થાય છે.

૩. બ્રહ્મચર્ય વ્રત સ્થિર થાય છે.

૪. સર્વ યજ્ઞ/પૂજાનું ફળ મળે છે.

૫. સર્વ શાસ્ત્રોના અધ્યયનનું ફળ મળે છે.

૬. સર્વ શાસ્ત્રોના રહસ્યનું જ્ઞાન થાય છે.

૭. સર્વ તીર્થ/સર્વ દેવનાં દર્શનનો લાભ મળે છે.

આ મંત્રમહિમાથી આ લોકમાં સર્વ ઈચ્છાઓ ફળે છે.

પરલોકમાં સ્વર્ગ-પ્રાંતે મોક્ષ મળે છે.

## શ્રી સુપાર્શ્વજિન સ્તવન

શ્રી સુપાર્શ્વજિન વંદીએ, સુખ સંપત્તિ હેતુ, લલના;
શાંત સુધારસ જલનિધિ, ભવસાગરમાં સેતુ, લલના.
... શ્રી સુપાર્શ્વ૦ (૧)

સાત મહાભય ટાળતો, સપ્તમ જિનવર દેવ, લલના;
સાવધાન મનસા કરી, ધારો જિનપદ સેવ, લલના.
... શ્રી સુપાર્શ્વ૦ (૨)

શિવ શંકર જગદીશ્વરૂ, ચિદાનંદ ભગવાન, લલના;
જિન અરિહા તીર્થંકરૂ, જ્યોતિસ્વરૂપ અસમાન, લલના.
... શ્રી સુપાર્શ્વ૦ (૩)

અલખ નિરંજન વચ્છલુ, સકલ જંતુ વિશ્રામ, લલના;
અભયદાન દાતા સદા, પૂરણ આતમ રામ, લલના.
... શ્રી સુપાર્શ્વ૦ (૪)

વીતરાગમદ કલ્પના, રતિઅરતિ ભય સોગ, લલના;
નિદ્રા તંદ્રા દુરંદસા રહિત અબાધિત જોગ, લલના.
... શ્રી સુપાર્શ્વ૦ (૫)

પરમ પુરુષ પરમાતમા, પરમેશ્વર પરધાન, લલના;
પરમ પદારથ પરમેષ્ઠિ, પરમદેવ પરમાન, લલના.
... શ્રી સુપાર્શ્વ૦ (૬)

વિધિ વિરંચિ વિશ્વંભરુ, હૃષિકેશ જગનાથ, લલના;
અઘહર અઘમોચન ધણી, મુક્તિ પરમપદ સાથ, લલના.
...શ્રી સુપાર્શ્વ૦ (૭)
એમ અનેક અભિધા ધરે, અનુભવગમ્ય વિચાર, લલના;
જે જાણી તેહને કરે, આનંદઘન અવતાર, લલના.
...શ્રી સુપાર્શ્વ૦ (૮)

૦

## નિશ્ચય-વ્યવહારનયનું પદ

તું સાહિબ હું સેવક તેરો, એ વ્યવહાર વિભાગ,
નિશ્ચયનય મત દોનું ભિયે, છે નાંહિ ભેદકો ભાગ -
મનમોહન જિનજી ભેટિયે હો ...(૧)
મન વચનાદિક પુદ્ગલ ન્યારા,
ન્યારો સકલ વિભાવ,
શુદ્ધ દ્રવ્ય ગુન પરજિ ધરના,
ગુન સબ શુદ્ધ સ્વભાવ ...(૨)
તું ઘટ અંતર પ્રગટ વિરાજે,
જ્યું નિર્મલ મણિકાંત,
બાહિર ઢુંઢત મૂઢ ન પાવે,
જ્યું મૃગમદ મૃગ ભ્રાંત. ...(૩)

## मुनिश्री जिनविजयजी रचित
## सुमंगलं पाटण नगरे सुस्थित
## पंचासरा - पार्श्व - स्तवन

श्री पंचासर पार्श्वमुदारम्
कामित फलमंदारम् रे ।
अश्वसेन कुलक जरस विस्तारम्
करुणारस कासारम् रे... ॥श्री॥ १

वामोदर सरराजमरालम्
अष्टमी शशी सम भालम् रे ।
सरस कमलदल नेत्र विशालं
वांछित दान भुजालं रे... ॥श्री॥ २

रक्षित सर्पं सर्व समक्षं
कमठभुजंगमतार्क्ष्यं रे ।
कुमत कुतर्क करेंद्रहर्यक्षं
... ॥श्री॥ ३

वर्षित आर्षित दानासारं
भुक्तागार विकारं रे ।
मानमहीरुह भेद कुठारं
कोपाऽनल जलधारं रे ... ॥श्री॥ ४

માયાભૂમિ વિદારણસીરં
લોભાંભોદ સમીરં રે।
વ્રતરથ વદન ધુરંધર ધીરમ્
કુંજરમિવ શૌંડીરમ્ રે ... ||શ્રી|| ૫
વાયુરિવાઽપ્રતિબદ્ધ વિહારં
લંઘિત ભવકાંતારં રે।
મોહસુભટ મુખદત્ત પ્રહારમ્
મારિત દુર્જયમારં રે ... ||શ્રી|| ૬
ફણિપતિ લાંછન શોભિતચરણં
ચરણકમલ ગુણધરણં રે।
મુક્તિરમારમણી વશીકરણં
સંઘ ચતુર્વિધ શરણં રે ... ||શ્રી|| ૭
પ્રમુદિત પ્રણત સુરાસુર વ્રાતં
મુનિગુણ ધ્યાતં રે।
અનુપમ હિતકરણે નિષ્ણાતં
ત્રિભુવન જનત્રાતારમ્ રે ... ||શ્રી|| ૮
નિસ્તંદ્રં પદ્માસનમુદ્રં
મુખસુખમાજિત ચંદ્રં રે।
કૃત બહુધા ભદ્રં ધરણેન્દ્રં
વંદે પાર્શ્વ જિનેન્દ્રં રે ... ||શ્રી|| ૯

इत्थं स्तुतो जिनपतिर्नवकारमन्त्रो
वर्षेऽस्तु हरिसागरमुनितेऽर्हन् (१९९१)
श्री पत्तनाधिपवताल्लभ पूज्यपाद -
पंन्यासश्री मुनि जिनविजयेन सिद्धेः ॥श्री॥१०

0

## મોક્ષ તણા નિસરણા - નવકાર

ચૌદ પૂરવનો સાર, મંત્ર માંહે નવકાર;
જપતાં જય જયકાર, ઓ સમરી,
હૃદય ધરો નવકાર. ...૧
અડસઠ અક્ષરે ઘડીયો, ચૌદ રતનસું જડીયો;
શ્રાવકને ચિત્ત ચડીયો, ઓ સમરી. ...૨
અક્ષર પંચ રતન; જયવંતા સુરતન;
જે પાળે તેને ધન્ય, ઓ સમરી. ...૩
નવપદ નવસરો હાર, નવપદ જગમાં સાર;
નવપદ શીવનો આધાર, ઓ સમરી. ...૪
જે નર નારી જપશે, તે સુખ સંપદ લહેશે;
સેવકને સુખ થાશે, ઓ સમરી. ...૫
હીરવિજયની વાણી, સુણતાં અમિય સમાણા;
મોક્ષ તણા નિસરણા, ઓ સમરી. ...૬

# પરિશિષ્ટ સૂચિ

**પરિશિષ્ટ - ૧ (પૃષ્ઠ ૧)**
ચિત્તશુદ્ધિ માટે કર્મ હોય છે, વસ્તુ મેળવવા નહીં. વસ્તુની પ્રાપ્તિનાં વિચારથી કરોડો કર્મ કરો, તો પણ કાંઈ ફળ મળતું નથી અર્થાત્ આશંસાથી કાર્ય ન કરવું જોઈએ.

**પરિશિષ્ટ - ૨ (પૃષ્ઠ ૧)**
પવિત્ર, પાપનાશક, આપત્તિને શાંત કરનાર, પુન્યસ્વરૂપ, લક્ષ્મી અને કાંતિને વધારનાર એવું તિલક હંમેશા કરવું જોઈએ.

**પરિશિષ્ટ - ૩ (પૃષ્ઠ ૧૬)**
નિરંજન એવો આત્મા પરમ સમતાને પામે છે.

**પરિશિષ્ટ - ૪ (પૃષ્ઠ ૧૬)**
કારણના ગુણો કાર્યમાં અનુવર્તન પામે છે.

**પરિશિષ્ટ - ૫ (પૃષ્ઠ ૧૮)**
આથી વિશ્વના કલ્યાણ માટે ધર્મચક્ર પ્રવર્તો.

**પરિશિષ્ટ - ૬ (પૃષ્ઠ ૨૧)**
તું સ્વભાવથી પ્રિય, ઉદાર, ગુણવાન, સરળ, પવિત્ર, કોમળ, દયાળુ, મધુર, સ્થિર, સમ, પંડિત, કૃતજ્ઞ અને બધાં જ શ્રેષ્ઠ ગુણોરૂપી અમૃતનો સાગર છે.

**પરિશિષ્ટ - ૭ (પૃષ્ઠ ૨૩)**
ધર્મ કરવાની વિધિ અધિકારી પ્રમાણે શાસ્ત્રમાં કહેલી છે, અર્થાત્ જે જીવની જેવી યોગ્યતા હોય તે પ્રમાણે તેને ધર્મ આચરણા કહેલી છે.

**પરિશિષ્ટ - ૮ (પૃષ્ઠ ૨૬)**
હે ભગવન્! આપની કૃપાથી જ હું આટલી ભૂમી પામી શકયો છું, અર્થાત્ મનુષ્યભવ સુધી પહોંચ્યોં છું.

નોંધ

**પરિશિષ્ટ - ૯ (પૃષ્ઠ ૨૮)**
મોહનીય, જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, અંતરાયકર્મના ક્ષયથી કેવળજ્ઞાન મળે છે.

**પરિશિષ્ટ - ૧૦ (પૃષ્ઠ ૪૦)**
આજ્ઞાની આરાધના મોક્ષ માટે અને આજ્ઞાની વિરાધના સંસાર માટે થાય છે.

**પરિશિષ્ટ - ૧૧ (પૃષ્ઠ ૪૯)**
શ્રેષ્ઠ પદે રહે તે 'પરમેષ્ઠિ' કહેવાય.

**પરિશિષ્ટ - ૧૨ (પૃષ્ઠ ૬૬)**
ખરેખર પહેલું ધર્મનું સાધન શરીર છે.

**પરિશિષ્ટ - ૧૩ (પૃષ્ઠ ૭૧)**
(૨) ધર્મમાં પોતાનું ચિત્ત રાખેલો હું સર્વ જીવરાશીને ભાવથી (ખમાવું છું).
(૩) કર્મવશ સર્વ જીવો ચૌદ રાજલોકમાં ભમે છે.
(૪) હું સર્વ જીવોને ખમાવું છું, સર્વ જીવો મને ખમાવો, સર્વ જીવો સાથે મારે મૈત્રી છે, કોઈની સાથે મારે વૈર નથી.
(૫) પોતાના આત્માની જેમ સર્વ જીવોને જોતો, આશ્રવોને ઢાંકતો અને ઈન્દ્રિયોનું દમન કરતો એવો મુનિ પાપકર્મને બાંધતો નથી.

**પરિશિષ્ટ - ૧૪ (પૃષ્ઠ ૭૯)**
મૈત્રીથી પવિત્ર-પાત્ર પરમાત્માને (નમસ્કાર થાઓ).

**પરિશિષ્ટ - ૧૫ (પૃષ્ઠ ૮૨)**
ચારિત્રયોગમાં રહેલાં ગુરૂ વડે વિશુદ્ધભાવથી પ્રવજ્યા અપાય, કારણકે 'પ્રાયઃ ભાવથી ભાવ પ્રસરે છે' એ વાત લોકમાં સિદ્ધ છે. જિનેશ્વર ભગવંતના વચનથી ભાવિત, મમત્વરહિત મહાત્માઓને પોતાનામાં અને બીજામાં ભેદ નથી, તેથી પોતાની અને બીજાની બંનેની પીડા તેઓ તજે છે. - શ્રી પંચવસ્તુ

**પરિશિષ્ટ - ૧૬ (પૃષ્ઠ ૮૨)**
આત્માના કાર્યમાં તત્પર સાધુઓને સહજ અનુકંપા હંમેશા કરવા યોગ્ય છે.

**પરિશિષ્ટ - ૧૭ (પૃષ્ઠ ૯૨)**
શાસ્ત્ર આગળ કરાયે છતે વીતરાગ આગળ થાય છે, વીતરાગ આગળ થયે છતે નિયમથી સર્વ સિદ્ધિ થાય છે.

## પરિશિષ્ટ - ૧૮ (પૃષ્ઠ ૧૦૯)
ઘણો વિશ્વાસ એ પ્રમાણભૂત છે, કેવલ વચન નહીં, કિન્તુ વચનમાં સાધકની શ્રદ્ધા પ્રમાણભૂત છે.

## પરિશિષ્ટ - ૧૯ (પૃષ્ઠ ૧૧૮)
લાંબુ જાણનાર - ધર્મને જાણનાર છે. ઉપકારને જે જાણે તે કૃતજ્ઞ.

## પરિશિષ્ટ - ૨૦ (પૃષ્ઠ ૧૨૦)
સંયોગ દુઃખરૂપ છે. હંમેશા નિયમિત રહે, લોકોની વચ્ચે રહેવું ન ગમે, એકાંતમાં રહેવું ગમે, એ ધ્યાનના અધિકારીના લક્ષણો છે.

## પરિશિષ્ટ - ૨૧ (પૃષ્ઠ ૧૨૧)
મહેશ્વર સાક્ષાત્ જોનાર છે, અનુમાન કરનાર છે, સ્વામિ છે, ભોક્તા છે અને ''પરમાત્મા'' એ પ્રમાણે કહેવાયેલા શ્રેષ્ઠપુરુષ આ દેહમાં જ છે.

## પરિશિષ્ટ - ૨૨ (પૃષ્ઠ ૧૨૩)
શાન્ત, દાન્ત, હંમેશા ગુપ્ત, મોક્ષના અર્થી, વિશ્વના જીવો પ્રત્યે વાત્સલ્યવંત, કપટરહિત જે ક્રિયા કરે તે અધ્યાત્મ ગુણની વૃદ્ધિ માટે થાય છે. સૂક્ષ્મદ્રષ્ટિએ વિચારણા અને માધ્યસ્થ્યભાવ રાખી સર્વત્ર હિતચિંતા કરવી, ક્રિયામાં ઘણો આદર કરવો અને ધર્મમાં લોકોને જોડવા, આ ગુણો છે.

## પરિશિષ્ટ - ૨૩ (પૃષ્ઠ ૧૨૬)
મારી મતિ ધર્મથી જરાપણ દૂર ન થાઓ.

## પરિશિષ્ટ - ૨૪ (પૃષ્ઠ ૧૨૮)
રસનેન્દ્રિય જીતાયે બધું જીતાયું છે.

## પરિશિષ્ટ - ૨૫ (પૃષ્ઠ ૧૩૨)
જીવો અરસ-પરસ ઉપકારી છે.

## પરિશિષ્ટ - ૨૬ (પૃષ્ઠ ૧૩૬)
સર્વ જીવ વિષયક આરંભ - પરિગ્રહનો ત્યાગ, સર્વ જીવો પ્રત્યે સમભાવ, અને એકાગ્રતા સાધવી એ મોક્ષ છે.

**પરિશિષ્ટ - ૨૭ (પૃષ્ઠ ૧૩૭)**
ટીકાઃ સર્વ = સૂક્ષ્મ-બાદર આદિ બધા જ જીવોનો આરંભ = હિંસાનો, સર્વ = સચિત્ત- અચિત્ત, મિશ્ર પરિગ્રહનો નિક્ષેપ = સંન્યાસ અર્થાત્ ત્યાગ, સર્વ જીવો પ્રત્યે સમતા અને મનની અત્યંત એકાગ્રતા સાધવી, આટલો જ મોક્ષ કહેવાય છે.
- બૃહત્કલ્પ ભાગ ૪ ગાથા ૪૫૮૫

**પરિશિષ્ટ - ૨૮ (પૃષ્ઠ ૧૪૧)**
મારો ભકત નાશ પામતો નથી.

**પરિશિષ્ટ - ૨૯ (પૃષ્ઠ ૧૪૫)**
ઈશ્વરનો સ્વભાવ યુકિતનો વિષય નથી.

**પરિશિષ્ટ - ૩૦ (પૃષ્ઠ ૧૪૮)**
જ્ઞાનનો નિત્ય અભ્યાસ કરવાથી મનની ધારણા અને વિશુદ્ધિ થાય છે. જ્ઞાન ગુણનો સાર જાણ્યા પછી સુનિશ્ચલ મતિથી ધ્યાન કરવું જોઈએ. શંકાદિ દોષથી રહિત, પ્રશમાદિ ગુણોથી યુકત યોગી ધ્યાન દ્ધારા દર્શન શુદ્ધિ થવાથી અસંમૂઢ થાય છે.

**પરિશિષ્ટ - ૩૧ (પૃષ્ઠ ૧૫૨)**
બુદ્ધિમાન પુરુષો આ ૧૨ ભાવનાઓનું ચિંતન કરેઃ પ્રથમ અનિત્યભાવના, અશરણ, એકત્વ, અન્યત્વ, સંસાર, અશુચિ, આશ્રવ, સંવર, નિર્જરા, લોકસ્વભાવ, જિનશાસનમાં જન્મ અને બોધિદુર્લભ.

**પરિશિષ્ટ - ૩૨ (પૃષ્ઠ ૧૫૩)**
વિક્ષિપ્ત મનવાળો, અભિમાની, ઉન્મત્ત, રાગાદિવાળો, સ્નેહવાળો, ભયવાળો, અવ્રતવાળો, નિદ્રાદિ પાંચ અવગુણવાળો - આ બાર પ્રકારનો વ્યકિત દ્રવ્યશૂન્ય છે અર્થાત્ આવા વ્યકિતની ક્રિયા ભાવથી તો શૂન્ય છે જ, કિન્તુ દ્રવ્યથી પણ શૂન્ય છે. ઉપરની સ્થિતિના દલિકને નીચેના સ્થાનમાં લાવીને ગુણશ્રેણી કરે છે. ઉચ્છ્વાસ, નિઃશ્વાસ, થૂંક, ખાંસી, છીંક, નાકથી મેલ કાઢવા જેવો અવાજ કરવો, અનુસ્વાર=ઉં ઉં કે અં અં એવો અવાજ કરવો, બીજો કોઈપણ દ્વનિ વિશેષ કરવો, આ સર્વ અનક્ષર શ્રુત સ્વરૂપ છે. ચારિત્ર ભાવનાથી ધ્યાનમય થયેલ આત્મા નવા કર્મોનું અનાદાન, જૂના કર્મોની નિર્જરા અને શુભ કર્મોનું ગ્રહણ, આટલું પામે છે. સુવિદિત જગતસ્વભાવ, નિઃસંગ, નિર્ભય, નિરાશોક, વૈરાગ્યથી ભાવિતમનવાળો વ્યકિત ધ્યાનમાં સુનિશ્ચલ થાય છે.

**પરિશિષ્ટ - ૩૩ (પૃષ્ઠ ૧૫૩)**
ત્રિકાલ વિષયવાળું ચિત્ત હોવું, ચેતનાને પ્રત્યક્ષ હોય કે આસન્ન(નજીક) સંજ્ઞાને અનુસરવું અને આવા અનેક ભેદભાવવાળા જ્ઞાનને અસંખ્યકાળ સુધી ધારી રાખવું તે 'ધારણા' શ્રુત છે.

**પરિશિષ્ટ - ૩૪ (પૃષ્ઠ ૧૫૩)**
સત્ત્વ = પૃથ્વીકાયાદિની વિરાધના(વિદારણા કે કિલામણા)નાં પાપ કરતાં અનંતગણું પાપ ભૂત (વનસ્પતિ)ની વિરાધનામાં છે અને એક ભૂતની વિરાધના કરતાં અસંખ્યગણું પાપ એક પ્રાણ (વિકલેન્દ્રિય) જીવની વિરાધનામાં છે. - સહસ્રી ગ્રંથ

**પરિશિષ્ટ - ૩૫ (પૃષ્ઠ ૧૫૩)**
બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરિંદ્રિય તથા પંચેન્દ્રિયની વિરાધનામાં અનુક્રમે લાખ ગણું, હજાર ગણું, સો ગણું પાપ જાણવું (અર્થાત્ ચઉરિંદ્રિયની વિરાધનામાં લાખ+હજાર આ રીતે આગળ પણ સમજવું).

**પરિશિષ્ટ - ૩૬ (પૃષ્ઠ ૧૫૪)**
સર્વ જીવોને આત્મતુલ્ય જો. - સૂત્રકૃતાંગ. દુઃખી જીવો પ્રત્યે પક્ષપાત વિના દુઃખને દૂર કરવાની ઈચ્છા તે 'અનુકંપા' કહેવાય. દ્રવ્યથી, શક્તિ પ્રમાણે દુઃખ દૂર કરવાથી અને ભાવથી લાગણીભીના હૃદય વડે તે અનુકંપા કરાય છે.

**પરિશિષ્ટ - ૩૭ (પૃષ્ઠ ૧૬૦)**
સત્યવાદી હોય તે જ 'વક્તા અને જીવના હિતમાં રક્ત રહે તે 'દાતા' કહેવાય.

**પરિશિષ્ટ - ૩૮ (પૃષ્ઠ ૧૬૯)**
સર્વ જીવો પોતાના આત્મા જેવા છે.

**પરિશિષ્ટ - ૩૯ (પૃષ્ઠ ૧૬૯)**
પ્રભુ એ લોકના કર્તા નથી, કર્મનું સર્જન કરતા નથી, કર્મના ફલનો સંયોગ કરાવતા નથી, પરંતુ લોકનો જ એવો સ્વભાવ પ્રવર્તે છે.

**પરિશિષ્ટ - ૪૦ (પૃષ્ઠ ૧૭૦)**
સર્વ જીવોનો મિત્ર એવો આત્મા મને જાણીને શાંતિ પામે છે.

## પરિશિષ્ટ - ૪૧ (પૃષ્ઠ ૧૭૦)

બધા જીવોમાં સમાન અને નિર્દોષ બ્રહ્મ (આત્મા) છે, તેથી તે બધા જીવો આત્મામાં જ રહેલા છે.

## પરિશિષ્ટ - ૪૨ (પૃષ્ઠ ૧૭૯)

'મોહ એ મૃત્યુ છે' જે કવિઓને ય સંમત છે. 'પ્રમાદ જ મૃત્યુ છે' એમ હું કહું છું.

## પરિશિષ્ટ - ૪૩ (પૃષ્ઠ ૧૮૨)

સારૂં ફળ, વિદ્યા, શીલ, શૌર્ય અને સુરૂપતાને જોઈને હોંશિયાર એવું ભાગ્ય કન્યાની જેમ દરિદ્રતાને આપે છે. મહાત્માઓને મન-વચન-કાર્યમાં એક જ હોય છે, દુર્જનોને મન-વચન-કાર્યમાં જૂદું-જૂદું હોય છે. બ્રહ્મહત્યા, સુરાપાન, ચોરી અને વ્રતભંગનું પ્રાયશ્ચિત લોકમાં બતાવ્યું છે, પરંતુ કૃતઘ્ન વ્યક્તિ માટે પ્રાયશ્ચિત બતાવ્યું નથી અર્થાત્ કૃતઘ્નતા ખૂબ મોટો દોષ છે.

## પરિશિષ્ટ - ૪૪ (પૃષ્ઠ ૧૮૪)

તે કરૂણાસિંધુ ભગવાન જ ભક્ત પ્રત્યે કૃપાથી પાંચ મૂર્તિને ધારણ કરે છે - ૧
તેમની મૂર્તિ, વૈભવ, વ્યૂહ, સૂક્ષ્મ, અંતર્યામી - આ પાંચ નામને આશ્રયીને ભગવાનનું ચૈતન્ય તે-તે મૂર્તિપણાને પામે છે. - ૨
પૂર્વ-પૂર્વ મૂર્તિની કહેલી ભક્તિવિશેષથી ક્ષય થયેલ મલવાળો ભક્ત, ઉત્તર-ઉત્તર મૂર્તિઓની ઉપાસના કરવાનો અધિકારી થાય છે. - ૩ નારદ પંચશત્રના ત્રણ શ્લોકો

## પરિશિષ્ટ - ૪૫ (પૃષ્ઠ ૧૮૭)

ચંદ્રનાડી, સૂર્યનાડી, સુષુમ્ણાનાડી ત્રણે સાધીને કુંડલિની છ ચક્રોને ભેદે, ત્યારે દશમે દ્વારે શુભ જ્યોતિ જાગે અર્થાત્ આત્મસ્વરૂપનું દર્શન થાય, સોડહંનો અજપાજાપ શરૂ થાય. - ચિદાનંદજી




ઉપર દર્શાવેલ ૩ ડાયરીઓ
પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજનાં સ્વહસ્તાક્ષરમાં
ઈ.સ. ૧૯૭૦ - ૧૯૭૧ પરિસરમાં લખાયેલ છે, તે અહીં સંકલિત કરેલ છે.

श्री

नमः

અજ્ઞાનનું ફળ સ્વાર્થ, સ્વાર્થનું ફળ કષાય,
કષાયનું ફળ ધર્મદ્વેષ,
ધર્મદ્વેષનું ફળ હિંસાદિ,
હિંસાદિનું ફળ દુર્ગતિ છે.

---

જ્ઞાનનું ફળ મૈત્રી, મૈત્રીનું ફળ ભક્તિ,
ભક્તિનું ફળ વિરતિ,
વિરતિનું ફળ સદ્ગતિ છે.

પં. ભદ્રંકરવિજય

www.fiestadesigns.in